




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. શ્રેષ્ઠ નાગરિક-દેશનું ગૌરવ | ૧ |
| ૨. ગીતા પ્રવચન : કાયરતા સૌથી મોટું પાપ | ૨ |
| ૩. યુગ નિર્માણ સત્સંકલ્પ-૧૧ : બીજાઓ સાથે એવો વ્યવહાર નહીં કરીએ, જેવો આપણા પોતાના માટે પસંદ નથી | ૬ |
| ૪. કિશોર-સ્તંભ : ગુરુના સેવક બનીએ અને કર્તવ્યમાં લાગી જઈએ | ૮ |
| ૫. પ્રજ્ઞાપુરાણ સ્તંભ : કર્મયોગ સાધના | ૧૦ |
| ૬. વિચારક્રાંતિના દીપયજ્ઞ | ૧૩ |
| ૭. સત્યુગ કેવી રીતે આવશે | ૧૬ |
| ૮. આગમન નવા યુગનું-સમન્વયની દિશાધારાનું | ૨૦ |
| ૯. 'સમર્થ'ના આવિર્ભાવથી ઉપજ્યો સંગઠનનો સંકલ્પ | ૨૩ |
| ૧૦. સહસ્ર કિરણોનો સૂર્ય ચમક્યો શ્રી રામકૃષ્ણના રૂપમાં | ૨૫ |
| ૧૧. સમસ્યાઓથી જકડાયેલા ભારતને આધાર મળ્યો અધ્યાત્મનો | ૨૭ |
| ૧૨. સંક્રાંતિપર્વના મહાનાયક | ૩૦ |
| ૧૩. મહાસંક્રાંતિનું મહાન પર્વ | ૩૩ |
| ૧૪. ગીતાજયંતીના સંદર્ભમાં : ગીતા વાંચવી અને સમજવી એટલી સહેલી નથી | ૩૬ |
| ૧૫. પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી : આપણું બ્રહ્મવર્ચસ્ જાગૃત થાય | ૪૦ |
| ૧૬. આળસ ધિક્કારને પાત્ર છે | ૪૩ |
| ૧૭. જ્ઞાનયજ્ઞની બીજી રીતો પણ છે | ૪૪ |
| ૧૮. આત્મીય અનુરોધ | ૪૭ |


### એક વીસમી સદી-ઉજ્જ્વળ ભવિષ્યનો ઉદ્‌ઘોષ કરતી રાષ્ટ્ર જાગરણ તીર્થયાત્રાઓ

રાષ્ટ્રજાગરણ તીર્થયાત્રાઓ એક પ્રકારે બદલાતી દુનિયાના વાતાવરણમાં વ્યાપેલ પરિવર્તનની હવાનો અહેસાસ જન-જનને કરાવવા માટે થઈ રહી છે. ચૌદ રથો દ્વારા લગભગ અઢી-ત્રણ લાખ કિલોમીટરની યાત્રા કરી પોતાની સહયાત્રાઓ દ્વારા એ ભારતભરના બધા પવિત્ર સ્થાનો-મહાપુરુષોની જન્મ તથા કર્મભૂમિ, વિભિન્ન સત્પ્રવૃત્તિઓના પોષક સંતોની પુણ્ય સ્થલીઓનો સ્પર્શ કરતી ચાલી રહી છે. મહાપૂર્ણાહુતિના મહાપુરુષાર્થમાં પોતાનું યોગદાન આપવા માટે ભાવભર્યું આમંત્રણ આપી આ તીર્થયાત્રા બધા ધર્મોના પવિત્ર સ્થળો, પ્રતીકો, પાવન ચિહ્નોને પણ તે સ્પર્શ કરતી ચાલી રહી છે.

રાષ્ટ્રના સાંસ્કૃતિક નવ જાગરણ માટે પ્રસુપ્ત પડેલ સુસંસ્કારોને જગાડવાના ઉદ્દેશ્યથી રવાના થયેલ તીર્થયાત્રાઓ એક જ ઉદ્‌ઘોષ સ્થાને-સ્થાને કરે છે. **"જમાનો બદલાઈ રહ્યો છે નવયુગની આંધી આવી રહી છે."** તમે પણ આ જમાના સાથે સ્વયંને બદલો તથા આ અભિયાનમાં ભાગીદારી નિભાવો.

આ પાવન તીર્થયાત્રામાં પ્રાચીનકાળના રથોની સ્મૃતિ અપાવતો એક સુંદર રથ છે જેમાં કળશ વિરાજમાન છે. આ મહાકળશમાં ગોમુખનું જળ, ગુરુગ્રામ જન્મભૂમિ આંવલખેડાની રજ તથા ગાયત્રી તપોભૂમિ મથુરા, ગાયત્રી તીર્થ શાંતિકુંજ હરિદ્વારમાં વિદ્યમાન સજલ શ્રદ્ધા-પ્રખર પ્રજ્ઞા જેવા પાવન પ્રતીક-આદ્યશક્તિ ગાયત્રીના દેવાલયથી સ્પર્શ કરેલ પુષ્પ તથા અક્ષત છે. એમાં ૨૪૦૦ તીર્થોની જળ-રજ પણ ગાયત્રી તપોભૂમિથી પૂજન સાથે લાવવામાં આવી છે. તથા અખંડ અગ્નિની ભસ્મ પણ રાખેલ છે. આ બધા પાવન પ્રતીકો જળ-રજ તથા પુષ્પ અક્ષત ઉપરાંત સપ્તર્ષિ આશ્રમ, સપ્તસરોવર હરિદ્વાર ગંગા નદી તટની પાવન રજ પણ રાખવામાં આવી છે. આ રીતે આ સમગ્ર પ્રતીક પવિત્રતા, મહાનતા તથા સંસ્કાર ચેતના સ્વરૂપ બની ગયેલ છે.

આ મહાકળશની પાછળ સંઘશક્તિનું પ્રતીક લાલ મશાલ છે. બંને બાજુ ગાયત્રી પરિવારના સૂત્ર સંચાલક સત્તાના ચિત્ર છે. ચારે બાજુથી સજાવેલ આ રથમાં કેન્દ્રની ગતિવિધિઓના પરિચાયક પંચ તીર્થોના ચિત્ર લગાવેલ છે. એક ચલિત પ્રદર્શની પણ આ કળશ તીર્થયાત્રાની સાથે બીજા વાહનમાં ચાલી રહી છે, જે મિશનના વર્તમાન તથા ભાવિ કાર્યક્રમોની જાણકારી બધાને આપી રહી છે.

### ગુજરાતમાં ચાલી રહેલ પાંચ રથયાત્રાઓ

(૧) દ્વારકાથી કોટેશ્વર, (૨) સોમનાથથી પાલીતાણા, (૩) તીથલથી કાયાવરોહણ, (૪) અંબાજીથી ડાકોર તથા (૫) શામળાજીથી પાવાગઢ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક/સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા
: સંપાદક :
પં. લીલાપત શર્મા
: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ
: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા - ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫) ૪૦૪૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા
આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર/
૪૦૦ રૂપિયા
આજીવન : ૧૦૦ પાઉન્ડ /
૧૫૦ ડૉલર / ૪૫૦૦ રૂપિયા
વર્ષ - ૩૧ અંક - ૪
પ્રકાશન તારીખ ૨૫-૩-૨૦૦૦
એપ્રિલ - ૨૦૦૦

## શ્રેષ્ઠ નાગરિક - દેશનું ગૌરવ

કોઈપણ દેશની ગરિમા તેની ભૌતિક ઉપલબ્ધિઓથી આંકવામાં નથી આવતી, પણ વાસ્તવિક સંપદા તો એ દેશના ચરિત્રવાન અને આદર્શવાદી નાગરિકો જ હોય છે. હકીકતમાં એ જ બહુમૂલ્ય હીરા અને રત્નો છે. સાચી સમૃદ્ધિ આવાં રત્નોની સંખ્યા પર જ આધારિત છે. સંપન્નતાનો આધાર ધન નથી, શક્તિ શસ્ત્રો વડે માપી શકાતી નથી, મહાનતા ક્ષેત્રના વિસ્તાર કે લોકસંખ્યા પર ટકેલી નથી. કોઈપણ રાષ્ટ્રનું ગૌરવ તેના લોખંડી નાગરિકો જ હોય છે. પાછલા દિવસોમાં જર્મની, ઈઝરાયેલ, જાપાન વગેરે નાના દેશોએ જે ઐતિહાસિક ભૂમિકાઓ ભજવી છે અને સંસારને આશ્ચર્યચકિત કરી દીધો છે, એમાં એ દેશના નાગરિકોનું મનોબળ જ મુખ્ય હતું. એક વખતે ભારત વિશ્વનો મુગટમણિ હતો. એમાં એની આર્થિક સધ્ધરતા કારણભૂત નહોતી. તેની સંસ્કૃતિ અને જીવન જીવવાની પદ્ધતિ જ એ કારણ હતું કે જેને લીધે ભારત પોતે સ્વર્ગસમાન સંસારને ઊંચે ઉઠાવવામાં, આગળ વધારવામાં અદ્ભુત યોગદાન આપતો રહ્યો. **ઉત્કૃષ્ટ વ્યક્તિ જ પોતાના દેશ, સમાજ તથા યુગને ધન્ય બનાવતી હોય છે.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## ગીતા પ્રવચન

# કાયરતા સૌથી મોટું પાપ

રથ બન્ને સેનાઓની વચ્ચે ઊભો છે. અર્જુન કહે છે કે હું લડીશ નહીં. ભીખ માગીને પેટ ભરી લઈશ. ભગવાને કહ્યું- આત્માની ભૂખ ભીખ માગવાથી પૂરી થતી નથી. આત્માની ભૂખ કર્તવ્ય પૂરું કરવાથી શાંત થાય છે. ઘણી યોનિઓમાં ભ્રમણ કર્યા બાદ મનુષ્યનો જન્મ મળે છે. આ જીવનની મોટી જવાબદારી છે. પોતાના શરીરની જવાબદારી સાથે સાથે સંસારને સુંદર બનાવવાની જવાબદારી વધારે મોટી છે. ભગવાન કૃષ્ણે કહ્યું- તું એ કહીને જવાબદારીમાંથી છૂટી શક્તો નથી કે હું પેટ ભરી લઈશ. પેટ તો પશુપક્ષી અને બધાય જીવો ભરી લે છે. એમનો ખોરાક તો મનુષ્ય કરતાં વધારે છે, તેમ છતાં સાંજે પેટ ભરીને સૂઈ જાય છે. પેટ ભરવું એ કોઈ મોટી વાત નથી.

ભગવાને અર્જુનના મનમાં છુપાયેલા ચોરને પકડી લીધો અને કહ્યું- તું કાયરતા તરફ જઈશ નહીં. આપણી અંદર દેવતા પણ રહે છે અને દાનવ પણ. દાનવ પોતાની તરફ ખેંચે છે, કર્તવ્યથી વિમુખ કરાવે છે. દેવતા કર્તવ્યને યાદ અપાવે છે અને કર્તવ્ય પૂર્ણ કરવા માટે પ્રેરિત કરે છે. હે અર્જુન ! તને આવી કાયરતા શોભતી નથી. તારી કાયરતા દૂર કર.

એકવાર મહારાણી વિક્ટોરિયા રેલગાડીમાં યાત્રા કરી રહ્યાં હતાં. ડ્રાઇવરે અચાનક ગાડી રોકી દીધી. રાણીએ કારણ પૂછ્યું, "ગાડી કેમ રોકી દીધી ?" ડ્રાઇવરે કહ્યું, "ગાડી સામેની લાઇન પર એક પાડો બેઠો છે. એ પાડાને હટાવી દઈશું, પછી ગાડી આગળ ચલાવીશું." ડ્રાઇવર જોવા માટે ગયો તો પાડો ન દેખાયો પરંતુ ગાડીને ઉથલાવવા માટે કોઈ દુશ્મને પાટો કાપી નાંખ્યો હતો. જ્યારે ડ્રાઇવર પાછો ગાડી પાસે આવ્યો તો ફરીથી પાડો દેખાવા લાગ્યો. કારણની તપાસ કરાવવામાં આવી તો એન્જિનની લાઈટ પર એક કરોળિયો બેઠો હતો જેની છાયાનો આકાર પાડા જેવો લાગતો હતો. એ કરોળિયો આજે પણ ઈંગ્લૅન્ડના એક પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવ્યો છે, જેણે મહારાણી વિક્ટોરિયાના પ્રાણ બચાવ્યા. ભ્રમને કારણે જ કરોળિયા જેવી સામાન્ય મુશ્કેલી પાડા જેવી વિપત્તિ દેખાય છે. સારી રીતે જોવાથી સાહસ સાથે મુકાબલો કરવાથી તેનું નામોનિશાન પણ રહેતું નથી.

અર્જુન ! બીજી કોઈ એવી વાત નથી કે જે તારી પ્રગતિને રોકી શકે. તારા મનની કમજોરી જ તને મહાપુરુષ બનતાં રોકે છે. જે કહે છે કે હું તો ઘરનું કામ કરી રહ્યો હતો, મને સમય જ ક્યાં મળ્યો ? કયાં કામો હતાં, બહાનાં બનાવે છે. કલ્યાણનું કામ કરવા ઇચ્છતો નથી. ફક્ત તારા મનની નાની અમથી કમજોરી તને રોકે છે. ભગવાને એ નથી કહ્યું કે વિચારો કર. એક જ આદેશ આપ્યો, આ કમજોરીને, મનની દુર્બળતાને છોડીને ઊભો થઈ જા.

નેપોલિયન બોનાપાર્ટને એક વખત શત્રુની ફોજોએ ઘેરી લીધો હતો. ભાગી જવાનો ઉપાય પણ બચ્યો ન હતો, પરંતુ તેણે એક ઉપાય અજમાવ્યો કે પ્રચંડ મનોબળ સાથે ગરદન ઉઠાવીને દુશ્મનોની ફોજથી આગળ નીકળી ગયો. લેફ્ટ-રાઇટ કરતા બધા સૈનિકો પણ તેની પાછળ ચાલવા લાગ્યા. જે પકડવા આવ્યા હતા તેઓ સાથ આપી રહ્યા હતા. આ બધો કમાલ પ્રચંડ સાહસનો જ છે. હાર માનીને બેસી ન જા ! ઊભો થઈ જા અને "છોડ આ દુર્બળતાને." દરેક મનુષ્ય માટે ભગવાનનો આ જ આદેશ છે.

વાંદરાને પકડવાની એક રીત છે. ઘડામાં ચણા નાંખવામાં આવે છે. વાંદરાઓના હાથ ઘડામાં જાય છે અને એ મુઠ્ઠી વાળેલો હાથ બહાર નીકળી શકતો નથી. એ વખતે શિકારી આરામથી વાંદરાને પકડી લે છે. આપણે પણ લાલચને વશ થઈ મુઠ્ઠી બાંધી રાખી છે. વાસના, તૃષ્ણા, લોભ અને મોહની મુઠ્ઠી ખોલી નાખો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છત્રપતિ શિવાજીએ એક ખૂબ જ મોટો મઠ બનાવ્યો અને પોતાની બડાઈ કરવા લાગ્યા કે હું બધાને ભોજન કરાવું છું. એમના ગુરુ સમર્થ રામદાસે કહ્યું કે ઠીક છે. એક પથ્થર મંગાવ્યો, એને તોડાવ્યો. એમાંથી એક દેડકી નીકળી. ગુરુએ કહ્યું કે આને કોણ ખવડાવે છે ? શિવાજી ચૂપ થઈ ગયા. સમર્થ રામદાસે કહ્યું - "સૌને ભગવાન ખવડાવે છે. હું ખવડાનું છું એ અહંકાર રાખશો નહીં. આવી જ હાલત મનુષ્યની છે. દરેક મનુષ્ય આવું જ વિચારે છે, આ કરીશું, તે કરીશું અને નાનકડી ગટરમાં કીડાની જેમ સડતો રહે છે.

રામચંદ્રજી જ્યારે વનવાસ માટે જવા લાગ્યા ત્યારે લક્ષ્મણજી કહેવા લાગ્યા કે મને વનમાં જવા માટે કોઈએ કહ્યું નહીં, તેમ છતાં રામ મારા ભાઈ છે. જંગલમાં એકલા રહેશે. ભાઈને સાથ આપવો જોઈએ અને તેઓ પણ વનમાં ગયા. લક્ષ્મણ બહાનું બતાવી કે થોડાં આંસુ સારીને ઘેર રહી શકતા હતા. ઝંઝટમાં કોણ પડે ? એક તરફ આવો વિચાર લક્ષ્મણના મનમાં આવ્યો. બીજી તરફ એવો વિચાર આવ્યો કે આ કમજોરી મનમાં કેમ આવી ? હું મારા જીવન દ્વારા એક ઐતિહાસિક પ્રેરણા આપીશ. કષ્ટ મળશે તો સહી લઈશ. કાયરતા હટાવીને લક્ષ્મણ ચાલી નીકળ્યા. રામની જય સાથે લક્ષ્મણની પણ જય બોલાવવામાં આવે છે. રામચંદ્રજી ભગવાન હતા, પરંતુ લક્ષ્મણને એમની હિંમતે, ત્યાગે એટલા મહાન બનાવી દીધા.

હનુમાનજી બિચારા સુગ્રીવના સેવક હતા. સુગ્રીવની પત્નીને વાલીએ છીનવી લીધી હતી અને એના ભયથી સુગ્રીવ પોતાના મિત્રો અને સેવકો સાથે ઋષ્યમૂક પર્વત પર છુપાઈને રહેતા હતા. રામચંદ્રજીને હનુમાન મળ્યા તો સીતાજીની શોધ કરવા માટે કહ્યું, સીતાના અપહરણની વાત કહી. હનુમાનજીએ વિચાર્યું કે નારીનું રક્ષણ કરવું જોઈએ, પાપને તો મારવું જ જોઈએ, રામચંદ્રજીને સાથ આપવો જ જોઈએ. એક તરફ વિચાર આવ્યો કે ત્યાં પગ તૂટી જાય તો, રોટલી નહીં મળે તો, ચાનાસ્તો નહીં મળે તો, અહીં તો બધું જ મળે છે. બીજી તરફ વિચાર કર્યો કે ત્યાગથી, મુશ્કેલીઓથી, સંઘર્ષથી જ મનુષ્ય મહાન બને છે. મારે શ્રીરામચંદ્રજીને સાથ આપવો જોઈએ. એમણે સાથ આપ્યો. હનુમાનજી ભગવાન રામ કરતાં વધુ પૂજાય છે. એ એમના સાહસનું, ત્યાગનું જ પરિણામ હતું.

હનુમાનજીને જ્યારે સમુદ્ર પાર કરવા માટે કહેવામાં આવ્યું ત્યારે કમજોરીના વિચારો આવ્યા, પરંતુ એમણે એ વિચારોને ફગાવી દીધા. કમજોરીના ખરાબ વિચારોને કહ્યું- હટી જાવ, છલાંગ લગાવી અને લંકા તરફ જવા નીકળી ગયા. લંકા પહોંચી ગયા. ત્યાં રાક્ષસોએ એમની પૂંછડીમાં આગ લગાડી દીધી. હનુમાનજીએ સાહસ કર્યું, પૂંછડી તો બળી નહીં, પણ લંકા બળી ગઈ.

આ કોઈ વેપાર નથી કે પાંચ માળા જપ કરી લો, થોડો ભોગ લગાવી દો અને તમને ધન મળી જાય. ગુરુજીને સવા રૂપિયો આપી દો તો માગ્યું મળી જાય. આવી ચાલકીથી ભગવાન મળવાના નથી. ભગવાનને પોતાનું સર્વસ્વ સોંપી દેવું એ હિમ્મતવાનનું કામ છે. સાહસ કરવું પડે છે, સમર્પણ કરવું પડે છે ત્યારે ભગવાનનો અનુગ્રહ મળે છે. જે રીતે દુકાનદાર તોળીને હિસાબ લગાવે છે, આમાં શું મળ્યું ? કેટલો લાભ થયો ? આવું કરનારાઓનું કામ નથી, આ બહાદુરોનું, હિમ્મતવાનોનું કામ છે.

આ કાયરોનો અખાડો નથી, પરંતુ એવા બહાદુરોનો છે કે જેમણે કર્તવ્ય માટે માથાં કપાવી નાખ્યાં. જટાયુ બિચારો વૃદ્ધ હતો. વૃદ્ધ થઈ ગયા, હવે દિવસો કાઢવા મુશ્કેલ છે, હવું શું કરીએ, એવું જ વિચારતો રહેતો. પંચવટીમાંથી સીતાજીનું અપહરણ કરીને રાવણ આકાશમાર્ગે જઈ રહ્યો હતો. સીતાજી બૂમો પાડતાં જઈ રહ્યાં હતાં. જટાયુએ વિચાર્યું કે આ આંખોથી હું કેવો અન્યાય જોઈ રહ્યો છું ? એક દુષ્ટ જબરજસ્તીથી નારીને લઈ જઈ રહ્યો છે. આ યોગ્ય નથી. મારે મારું કર્તવ્ય નિભાવવું જોઈએ. હું વૃદ્ધ છું, કમજોર છું. તો શું થયું, મારે કર્તવ્યધર્મનું પાલન કરવું જોઈએ. એ રાવણ સાથે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લડી પડ્યો. આ સાહસવીરોનું કામ છે. ગીતા આપણને એ શીખવે છે કે કર્તવ્યનું પાલન કરો, સાહસ કરો, સમર્પણ કરો, તો જ ભગવાનનો સ્નેહ મળશે. જટાયુએ રાવણ પર આક્રમણ કર્યું. રાવણે જટાયુની પાંખો કાપી નાખી. જટાયુ રામચંદ્રજીને રસ્તામાં પડેલા મળ્યા. ભગવાન રામે જટાયુને ઉપાડી ખોળામાં લીધા. ભગવાને જટાયુનો ત્યાગ જોયો તો આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. પોતાનાં આંસુઓથી તેઓ એને નવડાવતા રહ્યા.

આજે પણ ભગવાન રામ અશ્રુ વહાવવા માટે તૈયાર છે, પંરતુ જટાયુ જેવો કોઈ ત્યાગી હોય ત્યારે ને ! હજારો સાધુઓ જટા વધારીને, પોશાક પહેરીને, તિલક લગાવીને બનીઠનીને બેઠા છે. આજે એવા ત્યાગી તપસ્વી ક્યાં છે ? જેવો જટાયુ હતો. આજે તો બધા ભગવાનની ખુશામત કરીને ભગવાનને લૂંટવા માગે છે. ભગવાનને શું નાનું બાળક સમજી બેઠા છો ? વાનરોએ કેટલું મોટું સમર્પણ કર્યું હતું ત્યારે શ્રેય મેળવ્યું હતું. વાનરોને કહ્યું આપ ક્યાં જઈ રહ્યા છો ? સિનેમા જોવા, પકોડી ખાવા કે મીઠાઈ ખાવા ? વાનરોએ કહ્યું ના અમે તો અન્યાય સામે, પાપ સાથે લડવા જઈ રહ્યા છીએ. વાનરોને લોકોએ કહ્યું- ત્યાં મરી ગયા તો ? વાનરોએ કહ્યું- જિંદગીનો આનંદ તો જોયો છે, પણ હવે ધર્મ માટે મરવાનો આનંદ પણ જોઈએ છીએ. આજે આપણે બધા જાણીએ છીએ કે એ વાનરો કે જેમણે સાહસ કર્યું, હિમ્મત કરી અને કર્તવ્ય પાર પાડ્યું. એમણે શ્રેય મેળવ્યું અને તેમને આજે પણ યાદ કરવામાં આવે છે. એમને હંમેશાં યાદ કરવામાં આવશે.

સેતુ બાંધતી વખતે ખિસકોલીએ વિચાર્યું કે મારે પણ કંઈક કરવું જોઈએ. હું નાની છું તો શું થયું ? મારે પોતાના કર્તવ્યનું પાલન કરવું જોઈએ. પાપ સામે, અન્યાય સામે લડવું જોઈએ. પણ ખિસકોલી શું કરી શકે ? એ રાક્ષસોનો સામનો કેવી રીતે કરે અને વાનરોની સેનામાં સામેલ થઈને લડવા જાય તો ત્યાં એની શું હેસિયત ? પરંતુ અન્યાયની વિરુદ્ધ લડવા માટે હેસિયતની એટલી જરૂર નથી, જેટલી કે ઈચ્છાશક્તિની. ઈચ્છા હોય તો માર્ગ નીકળી જ આવે છે. ખિસકોલીએ પણ રસ્તો શોધી કાઢ્યો. એ પોતાના વાળમાં રેતી ભરી લાવતી અને સમુદ્રમાં નાખવા લાગી. ભગવાન રામે એનો પુરુષાર્થ અને ત્યાગ જોયો, એની પીઠ પર હાથ ફેરવ્યો. આજે પણ એમના વંશજો પર ભગવાનની આંગળીઓનાં નિશાન છે. શું આપ ખિસકોલી કરતાં નાના છો ? જ્યારે ભગવાન ખિસકોલી પર કૃપા વરસાવી શકે છે તો આપનો ત્યાગ અને સાહસ વ્યર્થ કેવી રીતે જશે ?

એક રાક્ષસના આતંકથી ગામ ત્રાસી ગયું હતું. તે ગામવાસીઓને પકડી પકડીને ખાઈ જતો હતો. એમનું ઘર નષ્ટ કરી દેતો હતો. ગામના લોકોએ આ અંધાધૂંધ તબાહીને રોકવા માટે એક રસ્તો કાઢ્યો. એમણે રાક્ષસને એ વાત માટે રાજી કર્યો કે ગામનો એક માણસ દરરોજ એની મેળે તારી પાસે પહોંચી જશે. રાક્ષસ એને મારીને ખાઈ જતો અને એ દિવસે ગામના લોકોને હેરાન-પરેશાન નહોતો કરતો. રાક્ષસ પાસે એક માણસને મોકલવાનો ક્રમ લાંબા સમયથી ચાલી રહ્યો હતો. કુંતી એક બ્રાહ્મણના ઘેર રહેતી હતી. એ દિવસે રાક્ષસનો બ્રાહ્મણના બાળકને ખાવાનો વારો હતો. કુંતીએ વિચાર્યું કે જે બ્રાહ્મણે અમને પોતાના ઘેર રહેવા માટે સ્થાન આપ્યું એને માટે શું અમારે કોઈ ત્યાગ ન કરવો જોઈએ ? મારી પાસે પાંચ દીકરાઓ છે. એક જતો રહે તો શું વાંધો છે ? ભીમને કહ્યું તું જા. ભીમે કહ્યું- તું ખૂબ વિશાળ હૃદયની માતા છે, પોતાના બાળકનું બલિદાન આપી રહી છે. ભીમ ગયો અને રાક્ષસને મારી નાંખ્યો એ જુદી વાત છે, પરંતુ ત્યાગ કરનારો હિંમતવાન હોય છે અને એ શ્રેયનો હકદાર હોય છે. ભગવાનને ભક્તોનો ખ્યાલ રહે છે. ભક્ત માળા ફેરવતા નથી, મનને ફેરવે છે. ભીમ ભગવાનનો ભક્ત હતો. ભીમે કેટલી માળાનો જપ કર્યો અને કેટલા પ્રાણાયામ કર્યા તેની અમને ખબર નથી, પરંતુ એ ભક્ત હતો. બીજાઓ માટે કેટલો ત્યાગ કર્યો, કેટલાં કર્તવ્યો નિભાવ્યાં તે પરથી ભક્તોને ઓળખી શકાય છે. ત્યાગ કરનાર અને ઉચ્ચ વિચાર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધરાવનાર ભક્ત કહેવાય છે. સમર્પણની માત્રા ભક્તિનો માપદંડ છે.

શિવાજી જ્યારે સંઘર્ષ માટે આગળ વધ્યા ત્યારે એમના રક્ષકોએ એમના માથા પર સોનાનું છત્ર ધરી દીધું હતું. જેઓ ધર્મના માર્ગે બલિદાન દેવા માટે ચાલે છે તેમની સાથે એમનો રક્ષક ચાલે છે. રાણા પ્રતાપને, રાણા સાંગાને શું ભૂલી શકાય છે ? લક્ષ્મીબાઈને ભૂલી ના શકાય. લક્ષ્મીબાઈએ ઇચ્છ્યું હોત તો સંધિ કરી લેત અને આનંદથી જીવન જીવી શકત. લોકમાન્ય ટિળક કલેક્ટર કે મિનિસ્ટર બની શકતા હતા, પરંતુ એ કર્તવ્યપરાયણ અને સાહસી લોકો હતા, જેમનું નામ આજે પણ આદર સાથે લેવામાં આવે છે. તેઓ ઇતિહાસમાં અમર થઈ ગયા. ગીતા એ જ પ્રેરણા આપે છે. ગીતા જીવનને પલટાવી નાખવાનું પુસ્તક છે. માત્ર પાઠ કરવાથી કોઈ લાભ થતો નથી. જેઓ ગીતાનો પાઠ કરે તેને જીવનમાં, વ્યવહારમાં પણ ઉતારે. એક મનુષ્ય એક જ દુકાન ચલાવીને પેટ-પ્રજનનમાં આખું જીવન ખપાવી દે છે, બીજો સંસારની સેવા કરીને મહાપુરુષ બની જાય છે. એમાં જ હિન્દુસ્તાનનું ગૌરવ છે.

ગીતા એવું પુસ્તક છે જે મુક્કો મારે છે અને કહે છે કે ક્યાં બેઠો છે મૂરખ, આ નીચતામાંથી ઉપર આવ, ઉત્કૃષ્ટ જીવન જીવવા માટે ઊભો થઈ જા, ઉચ્ચ વિચારો રાખ. શંકરાચાર્યની માતા વિચારતી હતી કે મારી વહુ આવશે, સેવા કરશે, પરંતુ શંકરાચાર્યે માતાની વાત માની નહીં. ગંગા નાહવા માટે માતાને લઈ ગયા અને ગંગામાં જઈને બૂમો પાડવા લાગ્યા "મા, મને મગર ખાઈ રહ્યો છે. મા મને શંકરજીને ભેટ આપી દે ત્યારે મગર છોડશે." માએ વચન આપ્યું. આપણે બધા જાણીએ છીએ કે શંકરાચાર્ય આજીવન સંસ્કૃતિ અને ધર્મનું રક્ષણ કરવા માટે મહાન કાર્ય અને પ્રવજ્યા કરતા રહ્યા.

સમર્થ ગુરુ રામદાસનું લગ્ન થઈ રહ્યું હતું. મહારાષ્ટ્રમાં રિવાજ છે કે લગ્ન વખતે પુરોહિત સાવધાન ! સાવધાન ! કહે છે. સમર્થ રામદાસે વિચાર્યું કે આમાં જરૂર કોઈ રહસ્ય છે. મારે ઘણાં કામો કરવાનાં છે, લગ્નના ચક્કરમાં કોણ પડે ? તેઓ લગ્નમંડપમાંથી ભાગી છૂટ્યા. લગ્ન કરવાં છે તો ભગવાન સાથે કરીશું, આત્મા સાથે કરીશું, ધર્મસંસ્કૃતિ સાથે કરીશું. સંસારમાં જેટલા મહાપુરુષો થયા, એમનામાંથી કેટલાય બલિદાની થઈ ગયા. એવો કોઈ નથી કે જેણે કષ્ટો નથી સહ્યાં. સુખ રૂપિયા, મકાન, દુકાન કે લગ્નમાં નથી. સુખ સાધનોમાં નથી, સુખ તો ભાવનાઓમાં છે. સંન્યાસી ભગવાં કપડાં પહેરે છે, જે અગ્નિસમાન રૂપ ધરાવે છે, જેમાં બૂરાઈઓને ભસ્મ કરવાની ભાવના હોય છે. પીળાં વસ્ત્રો પણ એ જ કહે છે. કાયરતા છોડ, થોડી દુર્બળતાને ત્યાગી, કર્તવ્યોને પૂરાં કર. ભગવાન કહે છે, "અર્જુન ! તું થોડી દુર્બળતાને છોડ અને ઊભો થા. બૂરાઈઓ સાથે, પાપ સાથે સંઘર્ષ કર." ગીતા આપણને એ જ કહે છે, 'પોતાના દુર્ગુણો સાથે લડો, સંઘર્ષ કરો અને કર્તવ્ય નિભાવો.'

## *હાડમાંસની શક્તિપીઠ જોઈએ*

***પરમપૂજ્ય ગુરુદેવે શક્તિપીઠોનું નિર્માણ દેવસંસ્કૃતિ દિગ્વિજયની ચોકીઓના રૂપમાં કર્યું હતું. તેમનો ઉદ્દેશ એ હતો કે તેમને જનજાગરણનાં કેન્દ્ર બનાવીને પોતાના ક્ષેત્રમાં મિશનની પ્રવૃત્તિઓ ચલાવવાની જવાબદારી સોંપવામાં આવે. એમણે જ્યારે જોયું કે ઘણી શક્તિપીઠો માત્ર આરતી, પ્રસાદ, પૂજાપાઠ સુધી જ મર્યાદિત રહી ગઈ છે ત્યારે એમને દુઃખ સાથે કહેવું પડ્યું કે મારે આવી શક્તિપીઠોની જરૂર નથી. હાડમાંસની ચાલતીફરતી શક્તિપીઠો જોઈએ. એવી જ શક્તિપીઠ છે સિકંદરાબાદ(બુલંદશહેર)ના શ્રી પ્રમોદકુમાર જેમણે એટલું કાર્ય કર્યું છે કે એટલું ઘણી ઓછી શક્તિપીઠો કરી શકે છે. ત્રણ માસમાં 'યુગ નિર્માણ યોજના' માસિકના ૯૦૦ સભ્ય, 'હિમ્મત ન હારોની ૫૦૦ બુક્સ', 'માનસિક તણાવથી બચો'ની ૫૦૦ બુક્સ, સાતેય ક્રાંતિઓ પરનાં ૧૦૦૦ પુસ્તકો, યુગચેતના સાહિત્યનાં ૧૦,૦૦૦ પુસ્તકો, ૧૦૦ ક્રાંતિધર્મી સેટ તથા ત્રણ કેન્દ્રો પર પત્રાચાર પાઠ્યક્રમ ચાલી રહ્યો છે. શ્રી પ્રમોદકુમારના, દીર્ઘજીવન તથા ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

युगनिर्माण सत्संकल्प-११

# બીજાઓ સાથે એવો વ્યવહાર નહીં કરીએ, જેવો આપણા પોતાના માટે પસંદ નથી

આપણે ઇચ્છીએ છીએ કે બીજા લોકો આપણી સાથે સજ્જનતાનો ઉદાર અને મધુર વ્યવહાર કરે, જે આપણી પ્રગતિમાં સહાયક થાય તથા એવું કાર્ય ન કરે કે જેથી પ્રસન્નતા અને સુવિધામાં કોઈ પ્રકારનું વિઘ્ન પેદા થાય. ઠીક એવી જ આશા બીજા લોકો પણ આપણી પાસેથી રાખે છે. જ્યારે આપણે એવું વિચારીએ છીએ કે આપણા સ્વાર્થની પૂર્તિમાં કોઈ આંચ ન આવે અને બીજાઓ પાસેથી અનુચિત લાભ ઉઠાવી લઈએ તો એવી જ આકાંક્ષા બીજાઓ પણ આપણી પાસેથી કેમ ન રાખે ? લેવા અને આપવાનાં બેવડાં ધોરણો રાખવાથી બધી ગરબડ પેદા થાય છે. જો આપણે કોઈને મદદરૂપ ન બનીએ, કોઈના કામમાં ન આવીએ, કોઈની સાથે ઉદારતા, નમ્રતા અને ક્ષમાની નીતિ ન રાખીએ તો એ માટે પણ તૈયાર રહેવું જોઈએ કે બીજા લોકો આપણી સાથે એવી જ ધૃષ્ટતા કરશે તો આપણે મનમાં જરા પણ ખોટું નહિ લગાડીએ.

આપણે જ્યારે ગાડીમાં ચઢીએ છીએ અને બીજા લોકો પગ ફેલાવીને પથારી લગાવીને બેઠા હોય છે ત્યારે આપણે ઊભા રહેવું પડે છે. એ લોકોને પગ ખસેડી લેવા અને આપણને પણ બેસવા દેવા માટે કહીએ છીએ તો તેઓ બબડવા લાગે છે. ઝંઝટથી બચવા માટે આપણે ઊભા ઊભા પોતાની યાત્રા પૂરી કરીએ છીએ અને મનમાં ને મનમાં જગ્યા રોકીને બેઠેલા એ લોકોના સ્વાર્થીપણા અને અનુદારતાને વખોડીએ છીએ, પરંતુ જ્યારે આપણને જગ્યા મળી જાય છે તો આપણે પણ એવો જ વ્યવહાર કરીએ છીએ. એવી જ રીતે નવા પ્રવાસીઓ પ્રત્યે પગ ફેલાવી લઈએ છીએ અને નવા પ્રવાસીઓ પ્રત્યે ઠીક એવા જ નિષ્ઠુર બની જઈએ છીએ. શું આ બેવડું ધોરણ યોગ્ય છે ? આપણી કન્યા વિવાહયોગ્ય થઈ જાય છે તો આપણે ઇચ્છીએ છીએ કે વરપક્ષના લોકો દહેજ વગર સજ્જન જેવો વ્યવહાર કરી વિવાહસંબંધ સ્વીકારે. દહેજ માગનારાઓને ખૂબ વખોડીએ છીએ પણ જ્યારે આપણો પોતાનો દીકરો લગ્નને યોગ્ય થઈ જાય છે ત્યારે આપણે પણ ઠીક એવી જ અનુદારતા દર્શાવીએ છીએ જેવી કે પોતાની દીકરીના લગ્ન સમયે બીજાઓએ દર્શાવી હતી. કોઈ આપણી સાથે બેઈમાની કરી લે છે, ઠગી લે છે તો ખરાબ લાગે છે, પણ બીજી તરફ એવી જ નીતિ પોતાના વ્યવસાયમાં આપણે પણ રાખીએ છીએ અને ત્યારે એ ચતુરતા પર પ્રસન્ન થઈએ છીએ તથા ગર્વનો અનુભવ કરીએ છીએ. આ બેતરફી નીતિ ચાલતી રહી તો માનવસમાજમાં સુખશાંતિ કેવી રીતે સ્થપાઈ શકશે ?

કોઈ વ્યક્તિ તેની જરૂરિયાતના સમયે આપણી પાસેથી થોડું ઉધાર લઈ જાય છે તો આપણે એવી જ આશા રાખીએ છીએ કે ખરાબ સમયે કરેલી આ મદદને સામા પક્ષની વ્યક્તિ કૃતજ્ઞતાપૂર્વક યાદ રાખશે અને વહેલામાં વહેલી તકે એ ઉધારની રકમ પાછી આપી દેશે. જો એ પાછી આપવાના સમયે આનાકાની કરે તો આપણને કેટલું ખરાબ લાગે છે. જો આ જ વાતને ધ્યાનમાં રાખવામાં આવે અને કોઈનું ઉછીનું લીધેલું પાછું આપવાની વાત ધ્યાનમાં રાખવામાં આવે તો કેટલું સારું ! આપણે કોઈનું ઉધાર જરૂર કરતાં એક ક્ષણ પણ વધુ શા માટે રોકી રાખીએ ? આપણે બીજાઓ પાસેથી એ આશા રાખીએ છીએ કે તેઓ જ્યારે પણ કંઈ કહે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કે જવાબ આપે ત્યારે નમ્ર, શિષ્ટ, મધુર અને પ્રેમયુક્ત વાતો સાથે સહાનુભૂતિભર્યા વલણ સાથે બોલે. કોઈ કડવાશ, રુક્ષતા, નિષ્ઠુરતા, ઉપેક્ષા અને અશિષ્ટતા સાથે જવાબ આપે તો આપણને ઘણું દુઃખ થાય છે. જો આ વાત મનમાં સમાવી લઈએ તો પછી આપણી વાણીમાં હંમેશાં શિષ્ટતા અને મધુરતા જ ભળેલી કેમ ન રાખીએ ? પોતાના કષ્ટ સમયે આપણે બીજાઓની મદદની વિશેષરૂપથી અપેક્ષા રાખીએ છીએ. આ વાતને ધ્યાનમાં રાખવામાં આવે તો જ્યારે બીજા લોકો કષ્ટમાં ફસાયેલા હોય અને એમને આપણી મદદની જરૂર હોય ત્યારે શું એ યોગ્ય છે કે આપણે નિષ્ઠુરતા ધારણ કરી લઈએ ? પોતાનાં બાળકો પાસેથી આપણે આશા રાખીએ છીએ કે ઘડપણના સમયે આપણી સેવા કરશે, આપણે કરેલા ઉપકારોનો બદલો કૃતજ્ઞતાપૂર્વક ચૂકવશે, પરંતુ આપણાં વૃદ્ધ માબાપ પ્રત્યેનો આપણો વ્યવહાર ખૂબ જ ઉપેક્ષાપૂર્ણ રહે છે. આ બેવડી નીતિનું શું ક્યારેય કોઈ શુભ પરિણામ આવી શકે ?

આપણે ઇચ્છીએ છીએ કે આપણાં દીકરી, વહુઓને બીજા લોકો માન આપે, એમને પોતાની બહેન-દીકરીની નજરે જુએ તો એ કેટલું યોગ્ય કહેવાય કે આપણે બીજાઓની બહેન-દીકરીઓને દુષ્ટતાભરેલી નજરે જોઈએ ? પોતાના દુઃખ સમાન જ જે બીજાનું દુઃખ સમજશે એ માંસ કેવી રીતે ખાઈ શકે ? બીજાઓ પર અન્યાય અને અત્યાચાર કેવી રીતે કરી શકે ? કોઈની સાથે બેઈમાની કરવા, કોઈને તિરસ્કૃત, બદનામ કે ઉતારી પાડવાની વાત કેવી રીતે વિચારશે ? પોતાની નાની-મોટી ભૂલો વિશે આપણે એવી જ આશા રાખીએ છીએ કે લોકો તેના પર બહુ ધ્યાન નહિ આપે, 'ક્ષમા કરો અને ભૂલી જાવ'ની નીતિ અપનાવશે તો પછી આપણે પણ એટલી જ ઉદારતા મનમાં કેમ ન રાખવી જોઈએ અને ક્યારેક કોઈનાથી કોઈ દુર્વ્યવહાર આપણી સાથે થઈ જાય તો તેને કેમ ન ભૂલી જવો જોઈએ ?

આપણે પોતાની સાથે બીજા દ્વારા જે સજ્જનતાભર્યા વ્યવહારની આશા રાખીએ છીએ તેવી જ નીતિ આપણે બીજા સાથે પણ અપનાવવી જોઈએ. કેટલાક દુષ્ટ લોકો આપણી સજ્જનતાના બદલામાં તદ્નુસાર વ્યવહાર ન કરે એવું બની શકે. ઉદારતાનો લાભ ઉઠાવનારા અને પોતે નિષ્ઠુરતા આચરનારા નરપશુઓની આ દુનિયામાં ખોટ નથી. ઉદારતા અને ઉપકાર કરનારા પર જ વાર કરનારાઓ દરેક જગ્યાએ હોય છે. આપણે એમની દુર્ગતિનો ભોગ ન બની જઈએ એટલી સાવધાની તો રાખવી જોઈએ, પરંતુ સત્પાત્ર નથી મળતા એટલા માટે પોતાના કર્તવ્ય અને સૌજન્યને છોડી ન દેવાં જોઈએ. વાદળાં દરેક સ્થળે વરસે છે, સૂર્ય અને ચંદ્ર દરેક સ્થળે પોતાનો પ્રકાશ ફેલાવે છે, પૃથ્વી દરેકનો ભાર અને મળમૂત્ર ઉઠાવે છે, તો આપણે પણ એવી જ મહાનતા અને ઉદારતાનો પરિચય કેમ ન આપવો જોઈએ ?

ઉદાર પ્રકૃતિના લોકો ઘણીવાર ચાલાક લોકો દ્વારા ઠગાઈ જાય છે અને તેથી એમને નુકસાન ભોગવવું પડે છે, પણ એમની સજ્જનતાથી પ્રભાવિત થઈને બીજા લોકો એમને જેટલી મદદ કરે છે એ લાભના બદલામાં ઠગાઈ જવાનું નુકસાન ઓછું જ હોય છે. બધું મળીને તેઓ લાભમાં જ રહે છે. એ જ રીતે સ્વાર્થી લોકો કોઈના કામમાં ન આવવાથી પોતાનું કોઈ નુકસાન કે હાનિ થવાનો અવસર આવવા દેતા નથી, પણ એમને કોઈ મદદ કરતું નથી તો તેઓ એ લાભથી વંચિત પણ રહે છે. આવી સ્થિતિમાં એ અનુદાર અને ચાલાક વ્યક્તિ એ ઉદાર અને ભોળી વ્યક્તિ કરતાં નુકસાનમાં જ રહે છે. જુદાં જુદાં કાટલાં રાખનારા બેઈમાન દુકાનદારો ક્યારેય પ્રગતિ કરી શકતા નથી. પોતાનો સ્વાર્થ સાધનારા અને અશિષ્ટતા વર્તતા લોકો જ્યારે બીજાઓ પાસેથી સજ્જનતા અને સહાયતાની આશા રાખે છે ત્યારે પેલા જુદાં જુદાં કાટલાં રાખનાર બેઈમાન દુકાનદારનું અનુકરણ કરે છે. આવો વ્યવહાર ક્યારેય પણ કોઈને ઉન્નતિ અને પ્રસન્નતા આપી નહિ શકે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

### કિશોર-સ્તંભ

# ગુરુના સેવક બનીએ અને કર્તવ્યમાં લાગી જઈએ

નાસિક પાસે પંચવટીમાં બેસીને એક યુવક ધ્યાન કરી રહ્યો હતો. પંદર વર્ષથી એનો એક જ ક્રમ હતો. સવારે ગોદાવરીમાં સ્નાન, આખો દિવસ સ્વાધ્યાય, જપતપ, રાતના થોડાક કલાકો ઊંઘના બાદ કરતાં ધ્યાનનો ક્રમ સતત અખંડ ચાલી રહ્યો હતો. એ જ સમયમાં દશમા ગુરુ ગોવિંદસિંહ જનજાગરણ માટે દેશભરની યાત્રા કરવા માટે નીકળ્યા હતા. પંચવટી પહોંચીને એમણે આ યુવાન તપસ્વીનો સાધનાક્રમ જોયો. આસપાસના લોકો પાસેથી જાણ્યું, જિજ્ઞાસા વધુ જાગૃત થઈ. રાતના ધ્યાનમાંથી ઊઠીને જ્યારે એ સવારે નદીસ્નાન માટે જઈ રહ્યો હતો ત્યારે ગુરુ પણ જોડાઈ ગયા.

પૂછ્યું- "આપનું શુભ નામ ?"

"હેવ માધવદાસ."

"હેવનું તાત્પર્ય ?"

"એકાંત સાધના પહેલાં લક્ષ્મણદેવ હતું." નાનો પ્રશ્ન અને તેવો જ જવાબ. એવો કે જાણે અંતર્મુખી તપસ્વી વધુ કંઈ બતાવવા માટે ઉત્સુક ના હોય. ગુરુએ ફરી પૂછ્યું, "પોતાના વિશે થોડું વધારે બતાવવાની કૃપા કરશો ?"

એણે ગુરુના માથાથી પગ સુધી એક નજર નાખી. પ્રખર તેજોમૂર્તિનો અનુરોધ એ અસ્વીકાર કરી ન શક્યો. એણે બતાવવાનું શરૂ કર્યું

"હું કાશ્મીરના ડોગરા રાજપૂત પરિવારમાં જન્મ્યો છું. પિતાનું નામ રામદેવ હતું. એમણે મને શસ્ત્ર અને શાસ્ત્ર બન્નેમાં નિષ્ણાત કર્યો. એક દિવસ જ્યારે હું શિકાર કરી રહ્યો હતો ત્યારે તીર ગર્ભવતી હરણીને વાગ્યું. એ નીચે પડતાં જ ગર્ભમાંથી બે મૃગબાળક સરી પડ્યાં અને થોડા જ સમય બાદ ત્રણે તરફડીને મરી ગયાં. એ હૃદયવિદારક દશ્યે મને એટલો વ્યથિત કરી દીધો કે હું અહીં તપ માટે ચાલ્યો આવ્યો. તે વખતે મારી ઉંમર સોળ વર્ષની હતી અને આજે..." થોડું વિચારતાં રોકાઈને એણે કહ્યું, "એકત્રીસ વર્ષ." "તો આ તપસાધનાનું લક્ષ્ય શું છે ? યુવક !" "માન-અપમાનમાં સમાન રહેવું, ઉદ્વેગોને શાંત કરવા" અને કહેતાં કહેતાં એ રોકાઈ ગયો.

"બતાવો-બતાવો" ગુરુએ પ્રોત્સાહિત કર્યો. "મુક્તિ નિર્માણનો પરમ લાભ પામવો."

"સારું ! તો આ છે આપની સાધના." ગુરુએ એની તરફ એ રીતે જોયું જાણે કે એ કોઈ નાની વસ્તુ માટે પ્રયત્ન કરી રહ્યો હોય. આજસુધી એને પ્રશંસા કરનારા મળ્યા હતા, પણ ગુરુની આંખોમાં પ્રશંસાનો કોઈ ભાવ નહોતો, ઊલટાનું એમનામાં ઉદ્ધારકની કરુણા હતી.

"સારું ! સાચું બતાવો તમે અત્યાર સુધી માન-અપમાનમાં સમ રહીને ઉદ્વેગોને શાંત કરી શક્યા ?"

યુવક થોડીક ક્ષણ માટે મૌન રહ્યો. જાણે પોતાની અંદર નિહાળી રહ્યો હોય. મૌન પછી બોલ્યો "ના" "અને કદાચ આ રીતે જલદી કરી પણ નહિ શકો." એમણે ધીમેથી કહ્યું.

"શું ?" કહીને એ અવાક્ રહી ગયો. એના પગ તળેથી ધરતી ખસી રહી હોય એવું લાગ્યું. એકીસાથે હજારો સાપ-વીંછીઓ શરીર પર ચાલી રહ્યા ન હોય.

થોડી ક્ષણો સુધી બન્ને મૌન રહ્યા. "કેમ" ? તપસ્વીએ પૂછ્યું. "વત્સ" ગુરુનો સ્વર કરુણાથી ભીંજાઈ ગયેલો હતો. "જો તમને સન્માન આપનાર કોઈ નથી, અપમાનિત, તિરસ્કૃત કરનાર કોઈ નથી, ઉદ્વેગોના અવસરો પાસે આવવાનો મોકો નથી ત્યાં સમત્વ કેવું ?" "તો શું અત્યાર સુધીની તપશ્ચર્યા વ્યર્થ ગઈ." ના, એનાથી તમે નિષ્પાપ થયા પણ વધુ સમય એમાં જ લાગ્યા રહેવું એ હઠ કહેવાશે. સમયને પારખવાનો પ્રયત્ન કરો."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કેટલીક ક્ષણ તેઓ યુવકની આંખોમાં જોતા રહ્યા પછી પ્રેમભર્યા સ્વરમાં બોલ્યા, "તમે મુક્તિ ચાહો છો ને ? જો હું એને આ જ જીવનમાં ઉપલબ્ધ કરાવી દઉં તો ?"

"સાચે જ ! જાણે એને સંપૂર્ણ દુનિયાનો વૈભવ એકસાથે મળી ગયો હોય એમ અસ્ફુટ શબ્દોમાં એ બોલ્યો, "જીવનમુક્તિ".

"હા" ગુરુનો સ્વર હતો, "પરંતુ મૂલ્ય ચૂકવવું પડશે." "હું મોટામાં મોટી કિંમત ચૂકવવા તૈયાર છું." " તો ઊઠો અને જનક્રાંતિનો શંખ ફૂંકવામાં જોડાઈ જાવ. પોતાના તપાયેલા જીવન અને સધાયેલા મન દ્વારા ઘેરઘેર જઈને બતાવો કે મનુષ્ય ક્યારે કેવો હોય છે ? મનુષ્ય દેવતા કેવી રીતે બને છે ? મારા દીકરા ! લોકસમુદાય અનુકરણથી ટેવાયેલો છે. એની પ્રવૃત્તિઓ સત્ય તરફ વાળવા માટે તમારા જેવા સાચા શિક્ષક જોઈએ. બોલો ! તૈયાર છો ? મનુનાં સંતાનો અજ્ઞાનના અંધકારમાં પડી કીડામંકોડાની જેમ સબડી રહ્યાં છે. એમના ઉદ્ધાર માટે વિદ્યાનો આલોક જોઈએ, જે પુસ્તકો દ્વારા નહીં, જે તપથી તપાયેલા અને ઢાળવામાં આવેલા જીવનથી જ શક્ય છે. ચૂપ કેમ છો ? કંઈક તો બોલો ! શું નીલકંઠ બની માનવીય જીવનમાં ભરાતા ઝેરના શમન માટે તૈયાર છો ?" કહેતાં કહેતાં ગુરુનું ગળું ભરાઈ આવ્યું, આંખોમાંથી આંસુ સરી પડ્યાં.

"તૈયાર છું ગુરુદેવ !" કહીને એ સાષ્ટાંગ દંડવત્ કરી પગ પર ઢળી પડ્યો.

ગુરુએ ઉઠાવીને છાતીએ લગાડી દીધો. બન્ને બેસુધ થઈ રડતા રહ્યા. ઘણા સમય બાદ એકબીજાથી અલગ થયા. બન્નેની આંખોમાં હજી પણ આંસુ હતાં, પરંતુ એ દુઃખનાં નહીં, પ્રસન્નતાનાં હતાં. ગુરુને પ્રસન્નતા હતી કે માનવતા પ્રત્યેની એમના હૃદયની મર્માંતક પીડા પીનાર શિષ્ય મળ્યો. શિષ્યને પ્રસન્નતા હતી કે એના જીવનને સાચો માર્ગ બતાવનાર ગુરુ મળ્યો.

ઘટના પર પડદો પડી ગયો. એ દિવસથી લક્ષ્મણદેવ ગયો, માધવદાસ ગયો, રહી ગયો ફક્ત ગુરુનો 'બંદા વૈરાગી'. આ ઉપાધિ એને ગુરુ ગોવિંદસિંહ પાસેથી મળી હતી. હવે એનામાં સ્વાર્થ કે સંકુચિતતાનો એક કણ પણ ન હતો. સર્વજન સુખાય, સર્વજન હિતાય કામ કરવાની લગન. આ જ હતું એનું વૈરાગ્ય. એ અર્થમાં જ એ બંદા વૈરાગી હતો.

વૈરાગીએ માળા મૂકી દઈ તલવાર ઉપાડી અને તત્કાળ બલિદાનની ભૂમિ પંજાબ પહોંચ્યો. ત્યાં જઈને એમણે નવેસરથી સંગઠનનો શંખ ફૂંક્યો અને ધર્મયુદ્ધનો શુભારંભ કરી દીધો. બંદાએ પોતાની શારીરિક, માનસિક બૌદ્ધિક અને આધ્યાત્મિક બધી શક્તિઓ ધર્મયુદ્ધમાં લગાડી દીધી. નવા સૂર્યોદયની જેમ બંદાને પ્રાપ્ત કરી પંજાબનો સંપૂર્ણ હિંદુ અને શીખ સમાજ જાગીને તેમના ઝંડા નીચે આવી ગયો. બંદાએ આ જનસંગઠનના આધારે સરહિંદ જીત્યું, પંજાબનાં અઠ્ઠાવીસ પરગણાઓમાંથી યવન શાસનનો અંત આણી દીધો અને સતલજથી યમુના સુધીની ભૂમિ પર ધર્મધ્વજ લહેરાવી દીધો.

પંજાબને સ્વાધીન કરી બંદા આગળની યોજના બનાવવા તથા બલિદાની વીરોની યાદમાં એક ગુરુદ્વારા બનાવવામાં વ્યસ્ત બન્યા. એ જ વખતે ભારતભરના મુસલમાન શાસકોએ ઔરંગઝેબના નેતૃત્વમાં તેના પર ચારે તરફથી હુમલો કરી દીધો.

અત્યાચારી બાદશાહે બંદાને માંસ ખેંચી ખેંચીને મારી નાંખવાનો આદેશ આપી દીધો. બંદાને જંજીરો વડે બાંધીને ઊભા કરી દેવામાં આવ્યા અને જલ્લાદોએ ગરમ ચીપિયાઓથી તેમનું માંસ કાઢવાનું શરૂ કર્યું, પરંતુ ધર્મવીર, સાચો વૈરાગી અંત સુધી આનંદથી હસતો રહ્યો.

જૂન, ૧૭૧૬માં એમણે પોતાની નશ્વર કાયાનો ત્યાગ કર્યો, પરંતુ શરીર ન રહેવા છતાં તેમનો આત્મા ચીસો પાડીને પોકારી રહ્યો છે, "ગુરુના બંદાઓ ! તમે ક્યાં છો ? મનુનાં સંતાનોની પીડા તમારાથી કેવી રીતે જોવાય છે ? એમના માટે સત્‌યુગ પાછો લાવવા માટે તમારું પરાક્રમ કેમ જાગી રહ્યું નથી ? શું એ પોકારો તમને સંભળાઈ રહ્યા છે ? જો હા, તો પછી ગુરુના બંદા બનો અને કર્તવ્યધર્મને ઓળખી જોડાઈ જાવ."


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પ્રજ્ઞાપુરાણ સ્તંભ

# કર્મયોગ સાધના

### (યુગ યુગ તક જગ યાદ કરે, તુમ ઐસે કર્મ કરો)

મનુષ્ય ઈશ્વરની સર્વશ્રેષ્ઠ કૃતિ છે. ઈશ્વરે મનુષ્યને બીજાં પ્રાણીઓ કરતાં શક્તિસંપન્ન તથા વિવેકશીલ બનાવ્યો છે. તેથી તેને એક વિશેષ સુવિધા આપી છે કે તે પોતાનો માર્ગ પોતે પસંદ કરી શકે છે. એમાં ભગવાન ક્યારેય હસ્તક્ષેપ નથી કરતા, પણ એમણે કર્મનું ફળ આપવાનો અધિકાર પોતાની પાસે રાખ્યો છે. ફળ પર મનુષ્યનો કોઈ અધિકાર નથી. ગીતામાં ભગવાને સ્પષ્ટ કહ્યું છે - 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' એ પરીક્ષા પદ્ધતિ દરેક વ્યક્તિ સામે છે કે મનુષ્ય વિદ્યા, બુદ્ધિ, બળ અને પ્રતિભા મેળવીને કેવી રીતે આચરણ કરે છે. જે વ્યક્તિ આ શક્તિઓનો સદુપયોગ કરે છે તેમના પર ઈશ્વરીય અનુકંપા વરસે છે. તેઓ સંત, મહાપુરુષ તથા દેવપુરુષ કહેવાય છે. જેઓ એમનો દુરુપયોગ કરે છે તેમને દાનવ, રાક્ષસ, અસુર તથા દુષ્ટ માનવામાં આવે છે અને દીન દરિદ્ર બનીને પોતાનો અણમોલ હીરા જેવો જન્મ વ્યર્થ ગુમાવે છે. પૂજ્ય ગુરુદેવે આ તથ્યને પ્રજ્ઞાપુરાણમાં વિભિન્ન દૃષ્ટાંતો દ્વારા સમજાવ્યું છે. 'કૃષ્ણના વરણની છૂટ' 'નચિકેતાનું ત્રીજું વરદાન' વગેરે કથાઓ એ બતાવે છે કે જે મનુષ્ય અર્જુનની જેમ કૃષ્ણનું વરણ કરે છે તથા નચિકેતાની જેમ બ્રહ્મવિદ્યાને જાણી શુભકર્મોમાં અગ્રેસર થાય છે, તેઓ ભાગ્યશાળી હોય છે. 'શ્રુતાયુધ' અને 'ભસ્માસુર'ની જેમ બીજાઓનો વિનાશ કરવાની ઇચ્છા રાખનારા દુર્બુદ્ધિગ્રસ્ત અસુરો પોતે જ દુર્દશાને પ્રાપ્ત થાય છે.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જ્યારે કર્મનું ફળ મળવું નિશ્ચિત જ છે તો કર્મ કરતાં જ તરત એનું ફળ કેમ નથી મળતું ? જો ચોરી કરતાં જ હાથ કપાઈ જાત, કટુવચન કહેતાં જ જીભ બળી જાત, કુદૃષ્ટિ નાંખતાં જ મનુષ્યની આંખો ફૂટી જાત તો એ વાત બધાની સમજમાં આવી જાત કે ખરાબ કર્મોનું ફળ ખરાબ મળે છે અને પછી કોઈ નીચ કર્મ ન કરત, પરંતુ લૌકિક જગતમાં તો બીજું જ જોવા મળે છે કે અહીં દુરાચારી, અત્યાચારી, અનૈતિક કર્મ કરનારાઓ તો મજામાં રહે છે અને એમની પ્રગતિ થાય છે તથા સંતજનો કષ્ટ ભોગવે છે. તેથી મનુષ્ય વિચારે છે કે આપણે ઈમાનદાર બનીને સત્કર્મ શા માટે કરીએ ? આ શંકાનું સમાધાન કરતાં પૂજ્ય ગુરુદેવ પ્રજ્ઞાપુરાણમાં લખે છે કે કેટલાંક કર્મો તો એવાં હોય છે, જેનું ફળ તરત જ સામે આવી જાય છે, જેમ કે અભક્ષ્ય ભોજન ખાવાથી, દારૂ પીવાથી, ધૂમ્રપાન કરવાથી શરીર રોગી થઈ જાય છે. આ એ પરમ પિતા તરફથી ચેતવણી છે કે સાવધાન થઈ જાવ, પરંતુ મનુષ્ય સમજતો નથી ત્યારે રોગ, દરિદ્રી બનીને કષ્ટ ભોગવે છે. કેટલાંક કર્મો એવાં હોય છે જેમનું ફળ તરત નથી મળતું, પણ મળે છે જરૂર. આચાર્યશ્રીએ અનેક કથાઓ રજૂ કરી આ શંકાઓનું નિરાકરણ કર્યું છે. 'એક નિઃસંતાન સ્ત્રીને એક તાંત્રિકે કહ્યું કે, જો તું કોઈ બાળકને મારી ખાડામાં દાટી દે તો તને સંતાન થઈ જશે.' એ સ્ત્રીએ એવું જ કર્યું. કેટલાક પાડોશીઓને આ વાતની ખબર હતી. બધાને ત્યારે આશ્ચર્ય થયું કે જ્યારે એક વર્ષની અંદર જ એણે સુંદર બાળકને જન્મ આપ્યો. બાળક આઠ વર્ષનો થઈ ગયો, ખૂબ જ હોશિયાર, ભણવામાં પણ તેજ હતો. બધા એ જ વિચારતા હતા કે ઈશ્વરને ત્યાં અંધેર છે. આટલું નીચ કર્મ કરવા છતાં આટલું યોગ્ય સંતાન ? ઈશ્વરની ઇચ્છા. એક દિવસ જ્યારે એ સ્કૂલના મેદાનમાં રમી રહ્યો હતો ત્યારે એને સાપે દંશ માર્યો અને તેનું મૃત્યુ થઈ ગયું. કદાચ એ પેલા બાળકે જ સાપ બનીને એનો બદલો લીધો હશે. આ જોઈને બધા કહેવા લાગ્યા કે ઈશ્વરને ત્યાં દેર થઈ શકે છે, પણ અંધેર નહીં. એવી જ રીતે દ્રૌપદીનું રક્ષણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ રીતે દ્રૌપદીનું રક્ષણ ફલિત કર્મથી' 'જેવું પાપ તેવી વ્યાધિ' 'ક્રિયાની પ્રતિક્રિયા એક શાશ્વત નિયમ' વગેરે પ્રજ્ઞાપુરાણની અનેક કથાઓ આ કથનની પુષ્ટિ કરે છે.

ઈશ્વર પર વિશ્વાસ રાખનાર મહાપુરુષો ઈશ્વરના કર્મફળના નિયમ પર પૂર્ણ વિશ્વાસ રાખે છે તેથી તેઓ શુભ કર્મ કરવામાં નથી કોઈથી ડરતા, નથી કોઈ અનિષ્ટની ચિંતા કરતા, નથી યાચના કરતા કે નથી વિઘ્ન-અવરોધોની ચિંતા કરતા. તેઓ તે સત્કર્મ કરવા માટે તન-મન-ધન અર્પણ કરી સુખસૌભાગ્ય તથા ઈશ્વરકૃપાના હકદાર બને છે. જેવી રીતે નદીઓ જ્યાં સુધી સમુદ્રમાં ભળી જતી નથી ત્યાં સુધી અસ્થિર અને બેચેન રહે છે તેવી રીતે એમને પણ અંતિમ લક્ષ્ય સુધી પહોંચ્યા વિના ચેન મળતું નથી. તેઓ આ સંસારને એક ધર્મશાળા સમજે છે. તેઓ એ મંજિલ સુધી પહોંચે છે, જ્યાં રસ્તાઓ જ ખતમ થઈ જાય છે. પ્રજ્ઞાપુરાણ આવા મહાપુરુષોની જ અમર કથાઓથી પરિપૂર્ણ ગ્રંથ છે. આ કથાઓ દ્વારા ભટકતા મનુષ્યને માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

દેવતા કે મહાપુરુષ જ્યાં સુધી મનુષ્ય પોતે પુરુષાર્થી અને પરમાર્થી ન બને ત્યાં સુધી કોઈને કશું આપતા નથી. મનુષ્ય જો પોતે કશું નહીં કરે તો દેવતા એમને કેવી રીતે મદદ કરે ? જરા વિચારો અગ્નિદેવતા સામે આપ દીવો પ્રગટાવી પ્રાર્થના કરો કે હે અગ્નિદેવતા, અમને ભૂખ લાગી છે, ભોજન આપો, તો શું અગ્નિદેવતા આપને ભોજન આપી શકશે ? અગ્નિ પ્રગટાવીને ભોજન તો આપે પોતે જ રાંધવું પડશે.. આ વિષય પર ગુરુદેવે સ્પષ્ટ લખ્યું છે કે દુર્ભાગ્યનાં રોદણાં તો આળસુ જ રડે છે. પુરુષાર્થી તો પુરુષાર્થ કર્મના બળે જ શ્રેય અને સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે. સંત તુલસીદાસે પણ લખ્યું છે-

**સકલ પદારથ હૈ જગ માંહીં ।**
**કર્મ હીન નર પાવત નાહીં ॥**

કેટલાક લોકો ભ્રમવશ કર્મહીનનો અર્થ ભાગ્ય સમજે છે, પરંતુ કર્મહીનનો વાસ્તવિક અર્થ અકર્મણ્ય થાય છે. પૂજ્ય ગુરુદેવે પાઠથી નહીં, પુરુષાર્થથી ગાડી ચાલી, નાનકની હવેલી, તપ કર, તપ કર વગેરે પ્રેરક પ્રસંગો દ્વારા શુભ કર્મ કરતાં આનંદમય જીવન વ્યતીત કરવાની શીખ આપી છે.

કર્મ ક્યારેય નપુંસક અને વાંઝિયાં નથી હોતાં. એમનું ફળ સુનિશ્ચિત છે. જે જેવું વાવે છે તેવું જ લણે છે. આ સંસારમાં બે પ્રકારના નિયમ છે. એક લૌકિક સંવિધાન કે જેને મનુષ્ય બનાવે છે, બીજો ઈશ્વરીય નિયમ છે જે સૃષ્ટા દ્વારા નિર્મિત છે. લૌકિક નિયમમાં ગુનેગાર વ્યક્તિ અસત્ય, ચાલાકી, દગો, રુશવત વગેરે દ્વારા બચી શકે છે, પરંતુ ઈશ્વરીય નિયમ રાજા, રંક, દુર્જન, સજ્જન, મૂર્ખ, વિદ્વાન બધા માટે સમાન છે. દંડની વ્યવસ્થા પણ બધા માટે એકસરખી જ છે. મનુષ્ય પશુની જેમ આહાર, નિદ્રા, ભય તથા પરિવારની વંશવૃદ્ધિ સુધી મર્યાદિત રહે છે તો એ ઈશ્વરીય સંપદાનો અનાદર કરે છે. પશુપક્ષીઓને જ્ઞાન-અજ્ઞાન કે પાપ-પુણ્યની સમજ હોતી નથી, પરંતુ મનુષ્ય બધું સમજતો હોવા છતાં કુમાર્ગને અપનાવીને કુકર્મ કરે છે તો તેને દંડનો ભોગ બનવું જ પડશે. કોઈ ઉચ્ચ અધિકારી કે ન્યાયાધીશ નિયમોને જાણતો હોવા છતાં સ્વાર્થવશ જો નિયમોનું ઉલ્લંઘન કરે તો તેને સામાન્ય મનુષ્ય કરતાં વધુ દંડ કરવો જોઈએ. કદાચ તેથી જ ઈશ્વરે મનુષ્યને શારીરિક કષ્ટની સાથોસાથ માનસિક કષ્ટની સજા પણ આપી છે. જ્યારે કોઈ વ્યક્તિ તૃષ્ણા, લિપ્સા અને અહંતાને વશ થઈ દુષ્કર્મ કરે તો એ ઉદ્વિગ્નતાઓની કડાઈમાં શેકાતો રહે છે.

આ વિષયમાં ગુરુદેવ લખે છે કે દરેક વ્યક્તિની પરીક્ષા માટે બે દેવદૂત આવે છે. એક સંકટ અને બીજો વૈભવ. સંકટ મનુષ્યની ધીરજ, પુરુષાર્થ અને સાહસની પરીક્ષા લે છે તો વૈભવ ઉદારતા, નમ્રતા અને સંયમની પરીક્ષા લે છે. આ વિષયને વધુ સ્પષ્ટ કરતાં ગુરુદેવ લખે છે કે સંકટ વ્યક્તિના વ્યક્તિત્વને નિખારે છે. 'રાજા હરિશ્ચંદ્રની પરીક્ષા', 'રામનું વનગમન', 'પાંડવોનો વનવાસ' વગેરે પૌરાણિક કથાઓ દ્વારા ગુરુદેવે એ તથ્યની પુષ્ટિ કરી છે કે જો એ સંકટના સમયે ધીરજ, પુરુષાર્થ અને સાહસ ખોઈ બેઠા હોત તો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એમને કોણ જાણતું હોત ? એવી જ રીતે વૈભવ પ્રાપ્ત કરીને મનુષ્ય જો ઉદારતા અને નમ્રતાને છોડી અહંકારી થઈ જાય તો રાવણ, કંસ અને દુર્યોધનની જેમ તેનો વિનાશ થઈ જાય છે. આ પરીક્ષામાં સફળ થનાર દેવ, મહામાનવ, સિદ્ધપુરુષ, દેવદૂત બને છે તો અસફળ વ્યક્તિ રાક્ષસોની શ્રેણીમાં આવે છે.

કર્મ અને ફળનું સ્વચાલિત ચક્ર છે. દંડ અને પુરસ્કાર આ નિયમથી આપોઆપ મળે છે. ચિત્રગુપ્તરૂપી અંતર્ચેતનાનો અંશ પોતે જ પાપ-પુણ્યની નોંધ કરતો રહે છે. અંતઃકરણમાં બેઠેલા એ ન્યાયદષ્ટાની દૃષ્ટિ વિચલિત નથી થઈ શકતી. આ તથ્ય બાઈબલમાં 'એજ યુ સો, સો યુ રીપ' 'જેવું વાવશો, તેવું લણશો' તથા 'કુરાન' માં પણ 'પોતે કર્યાનો હિસાબ બધાને આપવો પડે છે' સાબિત કર્યું છે. તેમ છતાં મહાન આશ્ચર્યની વાત એ છે કે આ તથ્યથી પરિચિત હોવા છતાં મનુષ્ય કેમ ભૂલ કરી બેસે છે ? કેટલાક લોકો એવી પણ શંકા કરે છે કે જ્યારે શુભાશુભનો કર્તા એ પરમાંત્મા જ છે તો આપણે પાપના ભાગીદાર કેમ બનીએ છીએ ? એમને જવાબ આપતાં ગુરુદેવ લખે છે કે મનુષ્ય વિવેકશીલ હોવા છતાં આંધળું અનુકરણ કરે છે. જેવી રીતે આંખો હોવા છતાં ઘેટાં બીજાની પાછળ ચાલતા જઈ કૂવામાં પડી જાય છે તેવી જ રીતે મનુષ્ય અંતરાત્માના અવાજની ઉપેક્ષા કરીને આસપાસની સંગતના કારણે કુસંસ્કારવશ કુકર્મ કરે છે. જેઓ અંતરાત્માના અવાજને પરમાત્માની સલાહ માનીને કાર્ય કરે છે તેઓ અસાધારણ ઉપલબ્ધિઓ મેળવે છે. કર્મફળ માટે પ્રતીક્ષા પણ કરવી પડે છે. માળીનો બગીચો, ખેડૂતની ખેતી, વિદ્યાર્થીનો અભ્યાસ, ઉદ્યોગીનો વેપાર શરૂઆતમાં જ ફળ નથી આપતા. પ્રજ્ઞાપુરાણની કથાઓ મનુષ્યને સત્કર્મની પ્રેરણા આપે છે.

આ રીતે કહી શકાય છે કે આ સૃષ્ટિ સત્ અને તમથી બની છે. અહીં શ્રેય અને પ્રેય, બંધન અને મોક્ષ, પાપ-પુણ્ય, શાંતિ-અશાંતિનો સંઘર્ષ સતત ચાલતો રહે છે. બન્નેની શક્તિ પ્રચંડ છે, આ જ દેવાસુર સંગ્રામ છે. આસુરી પ્રવૃત્તિઓ અશુભ કર્મો તરફ ખેંચે છે તો દૈવી પ્રવૃત્તિઓ ઊંચે ઉઠાવવાનો પ્રયત્ન કરે છે. એ મનુષ્ય પર આધારિત છે કે એણે કોની પસંદગી કરવી, વિધાતા કોઈનું ભાગ્ય નથી લખતા. મનુષ્ય પોતાના ભાગ્યને પોતાનાં કર્મો દ્વારા ઘડે છે. જેમ આજનું દૂધ આવતીકાલે દહીં બને છે તેમ આજનાં કર્મો આવતીકાલનાં ફળ બની જાય છે. તેથી મનુષ્યે સત્સંગ, સ્વાધ્યાય, ચિંતન અને મનન કરી મહાપુરુષો દ્વારા બતાવેલ માર્ગ પર ચાલતા શુભ કર્મો કરતા રહી વિશ્વના કલ્યાણ માટે પોતાને સમર્પિત કરી દેવો જોઈએ, જેથી સંપૂર્ણ વિશ્વ તેને યુગો સુધી યાદ કરે, એ જ પ્રજ્ઞાપુરાણનો સંદેશ છે.

યુગ યુગ સુધી જગ યાદ કરે એવાં કર્મ તમે કરો,
કર્મમાં એવો મર્મ ભરો.

## માદક દ્રવ્યોનાં ઘાતક પરિણામ

***પરિજનોને અનુરોધ છે કે જ્યાં પણ મિશનનું કોઈ ભવન હોય ત્યાં એક બોર્ડ બનાવી પેન્ટર દ્વારા 'માદક દ્રવ્યોનાં દુષ્પરિણામ' શીર્ષક હેઠળ મેટર લખાવીને લગાડવામાં આવે. મેટર યુગચેતના સાહિત્યના વ્યસનમુક્તિ સેટ, પત્રિકાઓ અને પુસ્તકોમાંથી તૈયાર કરી શકાય છે. જેઓ પોતે મેટર તૈયાર ન કરી શકે તેઓ અમને પત્ર લખીને મંગાવી લે.***

● ● ●

## યુગ સેનાનાયકની પસંદગી કરી યુગસેનાનું ગઠન કરો

***જે સ્થળોએ યુગસૈનિકોએ શપથપત્રો ભર્યાં છે, પરંતુ હજી સુધી યુગ સેનાનાયકની પસંદગી કરી નથી, ત્યાં યુગસૈનિકો તરત યુગ સેનાનાયકની પસંદગી કરી યુગ સેનાનાયક સહિત બધા યુગસૈનિકોનાં નામ અને સરનામાંની યાદી તાત્કાલિક મોકલવાની વ્યવસ્થા કરે. એક યુગસેનામાં ૨૪ યુગસૈનિક બનાવવાનો પ્રયત્ન કરે.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિચારક્રાંતિના દીપયજ્ઞ

દીપ અને યજ્ઞ બન્ને ભારતીય સંસ્કૃતિના પ્રાણ છે. દીપક જ્ઞાનચેતનાનું પ્રતીક છે. એમાં પુણ્યકર્મો માટે આત્મબલિદાનની ભાવના જોડાયેલી છે. એ પોતે બળે છે અને બીજાઓને રસ્તો બતાવે છે.

દીપયજ્ઞનો બીજો પક્ષ છે - યજ્ઞ. એ દેવસંસ્કૃતિનો પ્રાણ છે. એમાં કર્મકાંડ સાથે માનવીય ગરિમાનું તત્ત્વદર્શન પણ જોડવામાં આવે છે. આ રીતે તેનો ઉપયોગ સુસંસ્કારિકતા તથા ભાવસંવેદનાઓ વિકસાવવા માટે કરી શકાય છે. ટૂંકમાં આ મહાન પ્રયોજનની પૂર્તિનું સરળ સમાધાન દીપયજ્ઞના રૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. **આને પુરાતનનું નવી આવૃત્તિ પણ કહી શકાય છે.**

ભૌતિક પ્રગતિ માટે રાજનૈતિક અને આર્થિક મંચ ગમે તે રીતે પોતાનું કામ ચલાવી પણ રહ્યા છે. પરિણામે મનુષ્યની ચતુરતા અને સમૃદ્ધિ વધી રહી છે, પરંતુ ભાવનાત્મક સુસંસ્કારિતા વધી ન શકવાથી ચિંતન, ચરિત્ર અને વ્યવહારનો સ્તર નીચે આવી રહ્યો છે. આ સ્થિતિ રહેવાથી નથી દુષ્પ્રવૃત્તિઓ દૂર કરી શકાતી કે નથી સત્પ્રવૃત્તિઓ વધારી શકાતી. આ સમસ્યાનું નિરાકરણ કરવા માટે અધ્યાત્મ ચેતનાને, ધર્મધારણાને જીવંત બનાવવી પડશે. ધર્મતંત્રથી લોકશિક્ષણની સત્‌યુગી રીતિનીતિ નવેસરથી અપનાવવી પડશે.

આપણા દેશની જનતાનું માનસ પણ એવું છે કે સમાજમાં સત્પ્રવૃત્તિઓ વધારવા માટે ધર્મતત્ત્વની જ મદદ લેવી પડશે. કેવળ નાગરિકશાસ્ત્ર, સમાજશાસ્ત્રની બુદ્ધિયુક્ત વિવેચનાઓ સુધારાવાદી આંદોલનોનો આધાર બની નહિ શકે નવનિર્માણનો પાયો નાખવા માટે લોકશિક્ષણનો ક્રમ ધર્મધારણા સાથે જોડી રાખવો પડશે.

લોકમાનસની શુદ્ધિ અધ્યાત્મદર્શનની મદદથી કરવામાં આવતી રહી છે. એની મદદથી જ સમાજને સુસંસ્કારી બનાવવાનો ક્રમ ચાલતો રહેતો હતો, પરંતુ મધ્યયુગમાં પરિસ્થિતિઓ બદલાઈ જવાથી બધું જ ઊલટું થઈ ગયું. ધર્મતંત્રને અનેક ભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું. પરસ્પર વિરોધી માન્યતાઓ અને પ્રથા-પરંપરાઓની બોલબાલા થઈ ગઈ, જે અત્યંત ઉપયોગી હતું, એ વિસંગતતાને કારણે બિનજરૂરી બનીને ગયું. તેથી વિચારશીલ લોકો ધર્મના નામથી દૂર ભાગતા રહ્યા. ધર્મક્ષેત્રમાંથી ઉચ્ચસ્તરીય પ્રચલનોનો લોપ અને સ્થાપિત સ્વાર્થોના પ્રપંચોની બોલબાલા વધતી થઈ. આજે એવો ધર્મમંચ જોવા મળતો નથી, જે માનવીય ગરિમાને ઉચ્ચસ્તરીય બનાવવામાં વરિષ્ઠ ભૂમિકા નિભાવી શકે, ભ્રાંતિઓની જંજાળમાંથી ધર્મધારણાને બહાર કાઢી સરળ, સુલભ અને સર્વોપયોગી પ્રતિપાદન રજૂ કરી શકે.

યુગનિર્માણ મિશન દ્વારા પોતાનાં સીમિત સાધનોની મદદથી આ અભાવની પૂર્તિ કરવામાં આવી છે. ધર્મતંત્ર દ્વારા લોકશિક્ષણની, સમયને અનુરૂપ તર્ક, તથ્ય અને પ્રમાણસંગત સર્વસુલભ પદ્ધતિનો વિકાસ કરવામાં આવ્યો છે. લાંબા સમય સુધી તેનું પરીક્ષણ તથા પ્રયોગ કરવામાં આવ્યાં છે. પરિણામે યુગધર્મનું તત્ત્વદર્શન, આચાર, વ્યવહાર તથા કર્મકાંડને એવા સ્તરનું નિર્માણ કરવામાં સફળતા મળી છે કે જેને દરેક કસોટી પર સાચું અને સાર્થક કહી શકાય. એ પદ્ધતિ છે- 'દીપયજ્ઞ'.

યજ્ઞ દેવસંસ્કૃતિનો આધાર છે. પરમાર્થ, ત્યાગ, બલિદાન, સદ્ભાવભર્યો સહયોગ એ બધાની સંયુક્ત ક્રિયાપદ્ધતિને 'યજ્ઞ' કહેવામાં આવે છે. પદાર્થયજ્ઞ - અગ્નિહોત્ર આ પ્રવૃત્તિઓને જ પુષ્ટ બનાવવા માટે વ્યાયામ સાધનાના પ્રયોગના રૂપમાં કરવામાં આવે છે. **આજે પરિસ્થિતિઓ ભિન્ન છે. દીપક સર્વમાન્ય દિવ્યતાનું પ્રતીક છે. એને જ કેન્દ્ર માની યજ્ઞીય** વાતાવરણ બનાવીને લોકમાનસને સંસ્કારી બનાવવાનો એવો સફળ પ્રયોગ થઈ શક્યો છે, જે દરેક દૃષ્ટિએ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અદ્‌ભુત અને વિવેકસંમત છે.

સમયની માગ છે કે દરેક વ્યક્તિમાં સત્પ્રવૃત્તિઓની સ્થાપનાનો વિકાસ અને દુષ્પ્રવૃત્તિઓ, કુરિવાજો વગેરેનો નાશ કરવામાં આવે. ભગવાનના અવતારના ઉદ્દેશોમાં ધર્મની સ્થાપના મુખ્ય છે. અસંખ્ય સમસ્યાઓ, મુશ્કેલીઓ અને વિપત્તિઓનું એકમાત્ર કારણ છે, માનવીય ભાવસંવેદનાઓનો સ્તર નીચે આવવો અને માનવીય ગરિમાને ટકાવી રાખતી શાલીનતાની ઉપેક્ષા થવી. એમનું નિરાકરણ પણ એક જ છે – વ્યક્તિત્વના, ચિંતન, ચરિત્ર અને વ્યવહારના સ્તરને ઊંચે લઈ જવો. બધી સમસ્યાઓનું આ જ ચિરસ્થાયી સમાધાન છે. ધર્મ, અધ્યાત્મ, દર્શન, સત્સંગ અને કર્મકાંડોનું આ વિશાળ માળખું આ ઉદ્દેશની પૂર્તિ માટે જ ઊભું કરવામાં આવ્યું છે.

દીપયજ્ઞોનું કાર્ય તો અતિ સરળ છે. એ ઓછા સમયમાં પણ પૂરું થઈ જાય છે, પણ આ શૃંખલા સાથે જે બીજી ક્રિયાઓ જોડાય છે એ બધાની ખૂબ જ ઉપયોગી તથા સ્પષ્ટ વિવેચના કરવામાં આવે છે. આ રીતે એક આખું કૃત્ય દશ્યશ્રાવ્યના રૂપમાં પૂર્ણરૂપથી લોકશિક્ષણની જરૂરિયાતને પૂરી કરે છે. એક કલાકનો કાર્યક્રમ બે કલાકની વિવેચનાથી ભરેલો હોય છે. આ રીતે નાના મોટા બધા દીપયજ્ઞો ત્રણ કલાકમાં પૂરા થાય છે. કર્મની સાથે જ્ઞાન પણ એ રીતે જોડાયેલું રહે છે કે એને દીપયજ્ઞ જ નહીં, જ્ઞાનયજ્ઞ પણ કહી શકાય છે. આને ધર્મતંત્રનું પુનરુત્થાન કે કાયાકલ્પ કહી શકાય છે.

પરમપૂજ્ય ગુરુદેવે દીપયજ્ઞોની શૃંખલા વિશેષરૂપથી વિચારક્રાંતિ એટલે કે જ્ઞાનયજ્ઞ માટે જ શરૂ કરી હતી. બધા પરિજનોએ એ સારી રીતે સમજી લેવું જોઈએ કે દીપયજ્ઞ માત્ર દીવાળી જેવો મનોરંજનથી ભરપૂર કાર્યક્રમ ના બની જાય. એ અતિ આવશ્યક છે કે દરેક દીપયજ્ઞમાં સામેલ થતા પરિજનોને ત્રીસ પૈસાવાળી પોકેટ બુકનું વિતરણ કરવામાં આવે તથા સાહિત્ય વેચાણકેન્દ્ર પર આ સાહિત્ય ઉપલબ્ધ રહે. સાહિત્ય વિતરણ (જ્ઞાનયજ્ઞ) વિના દીપયજ્ઞ કરવાનો કોઈ અર્થ નહિ રહે. દીપયજ્ઞોમાં મંચ પરથી યુગસાહિત્યના સ્વાધ્યાયની પ્રેરણા આપવી જોઈએ.

દીપયજ્ઞ એક મહાન ક્રાંતિ છે. એના દ્વારા આર્થિક પ્રગતિને પૂર્ણ કરવા માટે અપવ્યય તથા ભ્રષ્ટાચારને રોકવા પડશે. અંધવિશ્વાસોને જ્યારે ઉખેડી નાખવામાં આવશે ત્યારે જ સમગ્ર પ્રગતિ થશે. નૈતિક ક્રાંતિ, બૌદ્ધિક ક્રાંતિ અને સામાજિક ક્રાંતિનાં ત્રણ ક્ષેત્રોને પૂર્ણ કરવામાં જ આ ક્રાંતિની સમગ્રતા છે. એમને પૂર્ણ કર્યા વિના બીજાં ક્ષેત્રો અધૂરાં જ રહેશે. અપૂર્ણતાને પૂર્ણ કરવા માટે જ દીપયજ્ઞોની પ્રક્રિયા શરૂ થઈ છે. બીજા શબ્દોમાં આને સ્વસ્થ શરીર, સ્વચ્છ મન અને સભ્ય સમાજની સંરચના કહી શકાશે. સત્પ્રવૃત્તિ – સંવર્ધનનું પ્રતીક દીપકને તથા દુષ્પ્રવૃત્તિ નાબૂદીનું માધ્યમ અગરબત્તી સળગાવવાને માની શકાય છે.

દીપયજ્ઞોના એક દિવસ પહેલાં મહિલા દ્વારા જળયાત્રા–શોભાયાત્રા કાઢવામાં આવે છે. પીળાં વસ્ત્રો પહેરીને માથા પર પીળા કળશ રાખી મહિલાઓ મુખ્ય માર્ગ પર હરોળમાં નીકળે છે. સાથે ગીત, ઉદ્‌ઘોષ તથા ઉદ્દેશોનો અર્થ પ્રગટ કરતાં બેનરો બેંડવાદ્યો સાથે ચાલે છે ત્યારે નગરમાં ધૂમ મચી જાય છે. જોનારાઓ બીજાઓ સાથે ઉત્સાહથી તેની ચર્ચા કરે છે. નૈતિક, બૌદ્ધિક તથા સામાજિક ક્રાંતિનાં ૨૪ બેનરોનો સેટ તૈયાર કરવામાં આવ્યો છે. જળયાત્રાઓમાં એનો અવશ્ય ઉપયોગ કરવો જોઈએ. સામાન્ય જનતાને કળશયાત્રાથી નારી જાગરણની યુગચેતના વિકસવાનો આભાસ મળે છે. વિરોધીઓ સમર્થક બને છે અને સમર્થક સહયોગીના રૂપમાં વિકસિત થતા જોવા મળે છે. એમાં જે સ્ત્રીઓ સામેલ થાય છે. એમને પોતાના સ્તર અને કર્તવ્ય પર ગર્વ થાય છે. આ મનઃસ્થિતિ એમને નવજાગરણની દિશામાં અગ્રેસર કરવામાં ખૂબ જ પ્રભાવી સિદ્ધ થાય છે. આંદોલનને અગ્રગામી બનાવવામાં આ ઉત્સાહથી યથાયોગ્ય સહાયતા મળે છે.

આપણા સમાજમાં અનેક દૂષણો જડ જમાવીને બેઠાં છે. લાંબા સમયથી અંધકારયુગમાં ભટકતા રહેવાને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કારણે આપણે બધા એવી પ્રથાઓ અને પ્રચલનોમાં ફસાઈ ગયા છીએ કે જેના લીધે ફક્ત હાનિ જ ભોગવવી પડે છે. જન્મ કે જાતિના આધારે માનવામાં આવતી ઊંચનીચની ભાવના આપણા વિઘટનનું મુખ્ય કારણ છે. ખર્ચાળ લગ્નોએ આપણને દરિદ્ર અને બેઈમાન બનાવ્યા છે. આભૂષણો અને દહેજ માટે કરવામાં આવતો આગ્રહ એવો છે કે જેના કારણે સમાજને હંમેશાં આર્થિક દષ્ટિએ કંગાળ સ્થિતિમાં જ રહેવું પડશે. જે કમાવામાં આવે છે તે આ ખાઈમાં જ હોમાઈને નષ્ટ થઈ જાય છે. બાળલગ્ન, ભિક્ષા—વ્યવસાય, મૃતકભોજ તથા ભાગ્યવાદ જેવી અનેક કુપ્રથાઓ પોતપોતાના ક્ષેત્રમાં અનેક રીતે પ્રચલિત છે. એમને અસામાજિક અને અદૂરદર્શિતાપૂર્ણ સિદ્ધ કરવા માટે રાત્રિના સમયે થતાં આ સત્સંગ આયોજનો ખૂબ જ સફળ થાય છે. એમાં પ્રવચનો કરતાં સંગીતની વ્યવસ્થા વધુ છે, જેથી સામાન્ય, ભણેલા તથા અભણ બધાને સહજ, સુલભ ભાવસંવેદના વિકસિત કરવાનો લાભ મળી શકે. લોકરંજન અને લોકમંગલના સમન્વયના પ્રેરણાપ્રદ સંગીતની એક જુદી જ પ્રક્રિયા છે. દીપયજ્ઞોના રાત્રી કાર્યક્રમોમાં એ અનિવાર્યરૂપથી જોડાયેલી રહે છે. ઉપસ્થિત લોકોમાંથી જેઓ જે પરિવર્તન માટે સહમત થાય છે તેમની પાસે દીપકની સાક્ષીમાં એ જ વખતે પ્રતિજ્ઞાઓ પણ લેવડાવવામાં આવે છે. આ આયોજનોમાં ઉપસ્થિત રહેલા લોકો તેમની માન્યતાઓમાં અસામાન્ય ફેરફાર લઈને જાય છે. દીપયજ્ઞ માત્ર કર્મકાંડ નથી. એનો મૂળભૂત ઉદ્દેશ સાર્વભૌમ એકતા અને સમતા છે. સામ્યવાદીઓ દ્વારા મજૂરો અને ગરીબોને એક થઈ જવાનું આહ્વાન કરવામાં આવે છે. દીપયજ્ઞો દ્વારા સંસારના બધા વિચારશીલ અને ભાવનાશીલોને એકત્રિત તથા સંગઠિત બધા વિચારશીલ અને ભાવનાશીલોને એકત્રિત તથા સંગઠિત થવા માટે કહેવામાં આવી રહ્યું છે, જેથી દુષ્પ્રવૃત્તિઓ અને કુરિવાજોના વિરોધમાં જેહાદ પોકારી શકાય. એવા યગનો સૂત્રપાત થાય કે જેમાં મનુષ્યમાં દેવત્વ અને ધરતી પર સ્વર્ગનું અવતરણ થતું દેખાવા લાગે. આવતી સદીમાં જ અમીર-ગરીબનો ભેદ રહેશે કે ન સંપ્રદાયો પોતપોતાનો સ્વાર્થ સાધતા દેખાશે. 'વસુધૈવ કુટુંબકમ્' અને 'આત્મવત્ સર્વભૂતેષુ'ના સિદ્ધાંતને સાર્વભૌમ માન્યતા મળશે.

દેવતાઓને પ્રાર્થનાઓ સાંભળવાની અને બદલામાં વસ્તુઓ પ્રાપ્ત કરવાની ઈચ્છા નથી રહેતી તેઓ તો ભક્તિભાવનાની યથાર્થતાને બે કસોટીઓ પર જ કસે છે. એમાંથી એક છે દુષ્પ્રવૃત્તિઓમાંથી ઓછામાં ઓછી એકનો ત્યાગ અને બીજી છે જે સત્સ્વભાવોનો હજી યોગ્ય અભ્યાસ થઈ શક્યો નથી તેમનો શુભારંભ અને તત્પરતાપૂર્વક વિકાસ. દીપયજ્ઞ હોય કે હવન યજ્ઞ, બન્નેમાં પૂર્ણાહુતિ વખતે દેવદક્ષિણા આપવી આવશ્યક માનવામાં આવી છે.

ગ્રહણ અને ત્યાગના સંકલ્પ આમ તો ગમે ત્યારે કરી શકાય છે, પરંતુ જો તે યજ્ઞાગ્નિની સાક્ષીમાં કરવામાં આવ્યા હોય તો સ્વભાવિક રીતે તેની મન પર ઊંડી છાપ પડવી જોઈએ. આમ તો કોઈ પણ નર-નારી દઢસંકલ્પના આધાર પર પરસ્પર લગ્ન કરી શકે છે, પરંતુ જે પરિપક્વતા અગ્નિની સાત પરિક્રમા કર્યા પછી સંકલ્પિત થયા બાદ આવે છે તે પથ્થરની લકીરની જેમ સુદઢ બની જાય છે તથા તેની કદી ન ભુંસાય એવી છાપ જીવનભર રહે છે. સામાન્ય રીતે મનુષ્ય દોષદુર્ગુણોને છોડી શકતો નથી, સદ્‌ગુણ નિભાવી શકતો નથી. યજ્ઞીય વાતાવરણના પ્રભાવથી મનઃસ્થિતિમાં પ્રખરતા આવે છે, સંકલ્પશીલતા વિકસે છે અને કરવામાં આવેલા સંકલ્પ સહજતાથી નિભાવી શકાય છે.

મહાપૂર્ણાહુતિના કાર્યક્રમોમાં દીપયજ્ઞોની શૃંખલા દેશભરમાં ચાલશે. પૂજ્ય ગુરુદેવની ભાવનાને અનુરૂપ દરેક દીપયજ્ઞ વિચારક્રાંતિનો દીપયજ્ઞ થવો જોઈએ. દીપયજ્ઞોમાં સામેલ થતા પ્રાણવાન કાર્યકર્તાઓને દીપયજ્ઞમાં જ્ઞાનયજ્ઞની આહુતિઓ આપવા માટે પોતાના ધનનો સદુપયોગ કરવો જોઈએ કે જેથી એક વર્ષમાં પૂજ્ય ગુરુદેવનું ચિંતન ઘેરઘેર પહોંચી શકે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સતયુગ કેવી રીતે આવશે

હવે કલિયુગ ખતમ થઈને સતયુગ શરૂ થઈ રહ્યો છે. એવું અનેક તર્કો, પ્રમાણો , યુક્તિઓ, અનુભવો અને ભવિષ્યવાણીઓની મદદથી કહેવાય છે. પાપોનો નાશ થઈ ધર્મનો ઉદય થશે. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે સતયુગ કેવી રીત આવશે ? આ કાર્ય એક દિવસમાં પૂરું નહિ થાય , પણ એ માટે થોડો સમય લાગશે. આ સમય એકસો વર્ષનો હોઈ શકે છે. આ એક સદીમાં કળિયુગના અસ્ત અને સતયુગની શરૂઆતની સંધ્યા રહેશે. બૂરાઇઓ ધીમે-ધીમે ઘટતી જશે. એ પણ શક્ય છે કે આ સમય દરમિયાન ક્યારેક-ક્યારેક પાપકર્મોનાં કેટલાંક મોટા-મોટા કાર્યો જોવા મળે, કેમ કે જ્યારે દીપક બુઝાવા લાગે છે ત્યારે તેનો પ્રકાશ ખૂબ વધી જાય છે અને પછી ઓલવાઈ જાય છે. રોગી મરતા પહેલાં જોરથી શ્વાસ લે છે અને પ્રાણ ત્યાગી દે છે. સૂર્યોદય થતાં પૂર્વે જેટલું અંધારું હોય છે તેટલું રાતના બીજા કોઈ ભાગમાં હોતું નથી. વરસાદ થતા પહેલાં ખૂબ ગરમી વધી જાય છે અથવા તો એમ કહો કે વધુ ગરમી થવી એ જ વરસાદનું કારણ છે. જ્યારે મંકોડાને પાંખો આવી જાય છે ત્યારે કહેવાય છે કે હવે બિચારાનો અંત આવી ગયો. ગળું કપાતી વખતે બકરો જેટલો શોરબકોર મચાવે છે અને પગ પછાડે છે તેટલો જીવનભરમાં ક્યારેય કરતો નથી. કળિયુગની ગરદન હવે સત્યની છૂરી વડે કપાવાની છે ત્યારે એમ બને કે એ અંતિમ દિવસોમાં ખૂબ શોર કરે, તરફડાટ કરે અને પગ પછાડે.

સન ૨૦૦૦ આવતાં જ સતયુગ એકીસાથે આવી નહિ જાય અને આ ધરતી કે આકાશ પણ નહિ બદલાઈ જાય. બધું એવું જ રહેશે. મનુષ્ય પણ એ જ રહેશે. કોઈએ ડરવું કે ગભરાઈ ન જવું જોઈએ, આ કલ્પનો અંત નથી, યુગનો અંત છે. આ સમયમાં યુદ્ધો, મહામારી અને દુકાળોનું જોર રહેવાથી વસ્તી ઘટી જશે, પરંતુ પ્રલય નહીં થાય. આટલી વસ્તી ઘટી કે વધી જવાને સામૂહિક દૃષ્ટિએ કોઈ મોટું અનિષ્ટ ન સમજવું જોઈએ. આ ઊણપ આવતી એક સદીમાં જ પૂરી થઈ જશે.

સતયુગ શરૂઆતમાં સ્વઃલોકમાં આવશે, પછી ભુવઃલોકમાં અને તે પછી ભૂલોકમાં જોવા મળશે. સ્વઃલોકનો અર્થ મન, ભુવઃલોકનો અર્થ વચન અને ભૂઃલોકનો અર્થ કર્મ છે. સૌપ્રથમ લોકોના મનમાં શુભસંકલ્પો પ્રત્યે આકર્ષણ પેદા થશે. ખરાબ કર્મ કરનારાઓમાં પણ સત્યની પ્રતિષ્ઠા થશે. ટેવને કારણે કોઈ ચોરી ભલે કરતો રહે, તેનું મન ધર્મના મહત્ત્વને અવશ્ય સમજશે. કુકર્મી લોકો મનમાં ને મનમાં પસ્તાતા જોવા મળશે અને ક્યારેક ક્યારેક એકાંતમાં દુઃખી હૃદયથી ભગવાનને પ્રાર્થના કરતા રહેશે કે હે પ્રભો ! અમને સદ્બુદ્ધિ આપો, અમને દુષ્ટ કર્મોના સકંજામાંથી છોડાવો. બીજાઓને શુભ કર્મ કરતા જોઈ મનમાં પ્રસન્નતા થશે. જ્ઞાનચર્ચા સાંભળવાની ઇચ્છા થશે. નાનાં બાળકો પણ હરિકથા, કીર્તન અને અને સત્સંગ પ્રત્યે પ્રેમ રાખશે. ઘર અને ઓરડાઓ આદર્શ વાક્યો, આદર્શ ચિત્રો વડે સજાવવામાં આવશે, ફેશન ઓછી થઈ જશે, સાહેબ લોકો સામાન્ય પોશાક પહેરવા લાગશે, પ્રભુતા અને ઐશ્વર્યવાન લોકોને ભોગોથી અરુચિ થઈ ધર્મમાં પ્રવૃત્તિ વધશે. લોકો મનમાં ને મનમાં સત્યનારાયણની ઉપાસના કરશે, અસત્ય અને પાખંડ જોઈ મનમાં ચીડાશે. અસત્ય દ્વારા ભલે પોતાનું હિત થતું હોય છતાં લોકો તેના પ્રત્યે ઘૃણા કરશે. સત્યપક્ષ દ્વારા જો પોતાનું અહિત થયું હોય તો પણ ખોટું લગાડશે નહીં. જ્યારે આ પ્રકારનાં લક્ષણ જોવા મળે તો સમજવું જોઈએ કે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સત્યુગ સ્વઃ લોકમાં, બ્રહ્મલોકમાં આવી ગયો. પૂરો સત્યુગ ક્યારેય નથી આવતો, કેમ કે સૃષ્ટિની રચના સત્, રજ અને તમ આ ત્રણ ગુણોથી થઈ છે. જો એક પણ ગુણ સમાપ્ત થઈ જાય તો સૃષ્ટિનો જ નાશ થઈ જશે. યુનોમાં તત્ત્વોમાં વધારો કે ઘટાડો થતો રહે છે. સત્યુગની શરૂઆતમાં સત્‌ની ઝાંખી મળશે. કોઈ કોઈ સ્થળે વચન અને કર્મમાં પણ સત્ જોવા મળશે, પણ બહુ ઓછું. વચન અને કર્મ તો એવાં જ રહેશે. સ્વઃલોકમાં સત્યુગનું આગમન ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકામાં જાગૃત થયેલી વ્યક્તિઓમાં જોવા મળશે. સર્વસામાન્ય માટે તેને ઓળખવું મુશ્કેલ હશે.

સત્યુગ સ્વઃલોકથી નીચે ઊતરીને જ્યારે ભુવઃલોકમાં આવશે ત્યારે મન અને વચન બન્નેમાં સત્યતા પ્રગટ થવા લાગશે. ફક્ત મનમાં જ સત્ય પ્રત્યે આદર નહિ રહે, વાણીમાં પણ પ્રશંસા થવા લાગશે. આજે જેમ ધર્મ માટે કષ્ટ ભોગવનારને અને તપોનિષ્ઠ લોકોને મૂર્ખ કહેવામાં આવે છે તેમ તે વખતે કહેવામાં નહિ આવે. તે વખતે સત્કર્મીઓની જાહેરમાં પ્રશંસા કરવામાં આવશે. લેખન અને વાણી દ્વારા, પ્રેસ અને પ્લેટફાર્મ દ્વારા સત્યનો ખૂબ પ્રચાર થશે. જો કે એ વખતે પણ કરનારાઓ કરતા કહેનારાઓની સંખ્યા વધુ હશે, છતાં અમુક લોકો પોતાના વિચારોને કાર્યરૂપમાં પણ પ્રગટ કરશે. ઉપદેશ કરનારાઓની સંખ્યામાં વધારો થશે. ધાર્મિક સાહિત્યને આદર મળશે. સામાન્ય વ્યાપારિક કાર્યોમાં પણ સત્યને સ્થાન મળશે. દુકાનદાર અને ગ્રાહક એક જ ભાવની પ્રથા પસંદ કરશે. જૂઠા, નિંદકો અને બકવાસ કરનારાઓને ઠેર ઠેર ધુત્કારવામાં આવશે. તે સમયે ચાલાકીથી વાત કરનારાઓને બુદ્ધિશાળી નહીં, મૂર્ખ સમજવામાં આવશે. સત્યવક્તાઓનો સમાજમાં આદર થશે. આત્મજ્ઞાન વિશેનાં પુસ્તકો ખૂબ છપાશે તથા એમને વાંચવા-વંચાવવાનો ક્રમ વધી જશે. કઠોર, અપ્રિય, ઉદ્ધત અને અશ્લીલ વચનો બોલવાનું ધીમે ધીમે ઓછું થતું જશે અને વિનય, નમ્રતા અને મધુરતાથી વાતો કરવાનો પ્રચાર કરવાનો પ્રચાર વધશે. અશ્લીલ ગાળોના વિરોધમાં એવું આંદોલન થશે કે આ પ્રથા સદંતર બંધ થઈ જશે.

ભૂઃલોકમાં જ્યારે સત્યુગ ઊતરી આવશે ત્યારે બીજાં જ દશ્યો દેખાશે. સત્ય, પ્રેમ અને ન્યાયને આચરણમાં મુખ્ય સ્થાન મળશે. અસત્ય બોલવાનો રિવાજ આજકાલ સમાજની બગડી ગયેલી સ્થિતિને કારણે છે. જ્યારે સમાજની આર્થિક, રાજનૈતિક, ધાર્મિક, શારીરિક અને માનસિક દશા સુધરી જશે ત્યારે અસત્ય બોલવાનું કોઈ પ્રયોજન નહિ રહે. મનુષ્યજીવનની બધી જરૂરિયાતો જ્યારે સરળતાથી પૂર્ણ થઈ જાય ત્યારે અસત્ય બોલવાનું પાપ કોણ કરે ? પછી લોકમત પણ અસત્યના વિરોધમાં થઈ જશે તેથી નાછૂટકે બધાને સત્યનો જ માર્ગ ગ્રહણ કરવો પડશે. દરેક કાર્ય કરતી વખતે મનુષ્ય વિચારશે કે એમાં પ્રેમ અને ન્યાય છે કે નહીં. તે વખતે કર્મ અને અકર્મની એક જ કસોટી હશે, તે એ કે કરવામાં આવતું કર્મ સત્ય અને ન્યાયપૂર્ણ છે અથવા નહીં. **પોતાના હિત કરતાં જ્યારે બીજાના હિતનો વધુ ખ્યાલ રાખવાની મનોવૃત્તિ બની જશે તો સાચો સત્યુગ પ્રગટ થશે.** રાજગાદીનો પ્રશ્ન આવશે તો તેને ભરત રામને અને રામ ભરતને આપવા ઇચ્છશે. કૈકયીની પ્રસન્નતા માટે કૌશલ્યા પોતાના પુત્રને ખુશીથી વનમાં જવાની આજ્ઞા આપશે. સુમિત્રા આજ્ઞા આપશે કે હે લક્ષ્મણ, તમારા માટે જ્યાં રામ છે ત્યાં જ અયોધ્યા છે. તેથી મોટાભાઈ સાથે વનમાં જાવ. સીતા પોતાને કષ્ટોના કંટકોમાં ઘસડાવું પસંદ કરશે, પરંતુ પતિસેવાનો લોભ નહિ ત્યાગે. આ રીતે ભાઈ, માતા, વિમાતા, પત્ની, પ્રેમસૂત્રમાં બંધાયેલાં હશે. રાજા પ્રજાને પુત્રસમાન સમજશે. પ્રજા જ્યારે કહેશે કે અમે રાજાની એવી પત્ની પસંદ કરતા નથી કે જેને કલંકિત સમજવામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવે છે, તો રામ પોતાની છાતી પર પથ્થર મૂકીને અને સીતા કાળજાને વજ્ર બનાવીને પ્રજાની ઇચ્છા માટે પોતાને વિરહવેદનાની ભઠ્ઠીમાં બાળવા માટે પણ તત્પર થઈ જશે. પ્રજાને માટે રામનો આ સર્વોત્કૃષ્ટ ત્યાગ છે, ભાવનાની દૃષ્ટિએ જોવામાં આવે તો આ ત્યાગની ઉપમા ઇતિહાસમાં મળવી મુશ્કેલ છે. જ્યારે ભૂ:લોકમાં સતયુગ આવી જશે તો આવી ઘટનાઓ મળવી મુશ્કેલ નહીં હોય. એક બે નહીં પણ દરેક સ્થળે અનેક ઘટનાઓ એવી બનશે જેમાં પ્રેમ અને ન્યાયનો ઉચ્ચ આદર્શ ઝગમગતો જોવા મળે. તેમ છતાં દુષ્ટ કાર્યો કરનારા થોડી માત્રામાં રહેશે જ, કેમ કે પ્રકૃતિ ત્રિગુણમયી છે.

લોકોની માહિતી ઉંમર મુજબ પણ મળશે. બાળપણ સાત્ત્વિક અવસ્થા છે, યુવાવસ્થા રાજસી અને વૃદ્ધાવસ્થા તામસી. ભૂલોકનો સતયુગ પહેલાં ૨૫ વર્ષથી ઓછી ઉંમરના પ્રથમ અવસ્થાના કિશોર બાળકોમાં ઊતરશે. ૨૫ વર્ષ કરતાં ઓછી અવસ્થાવાળાં હૃદયોમાં સૌથી વધુ સત્યની પ્રેરણા થશે. જેમ નિર્મળ જળમાં કોઈ વસ્તુનો પડછાયો સાફ દેખાય છે તેમ એમનાં નિર્મળ હૃદયો પર સતયુગ તેવો જ ઝળકશે. આ નવયુવાનોના હૃદયમાં સ્વાભાવિક રીતે શ્રદ્ધા અને ભક્તિ ઉત્પન્ન થશે. મોટી ઉંમરના કળયુગીઓ ઓછી ઉંમરના લોકોના ક્રોધના ભોગ બનશે, ધાકધમકી, ફિટકાર, દુ:ખ અને દંડ સહન કરશે, પરંતુ યુગનો પ્રભાવ એમને વિચલિત થવા દેશે નહિ. પ્રહ્‌લાદની જેમ આ બાળકો ખૂબ દઢ, નીડર અને સત્યનિષ્ઠ હશે. એ ધ્રુવની જેમ તપસ્યા કરશે અને હકીકતરાયની જેમ પ્રાણોને તુચ્છ માનશે પણ સત્યનું જ રટણ કરશે. અસુરોના ઘરમાંથી આવાં દેવબાળકોની જં સેના નીકળી પડશે અને સંસારને આશ્ચર્યચકિત કરી દેશે. સતયુગ સદીના પ્રથમ ત્રીજા ભાગમાં જ દેખાવા લાગશે. જોકે કર્મમાં ખૂબ જ ઓછું પરિવર્તન દેખાશે. કેટલાક મૂર્ખ લોકો આને બાળક્રીડા સમજી ઉપહાસ કરશે અને બાળકોના હૃદયપરિવર્તનને કોઈ મહત્ત્વ નહિ આપે, પરંતુ તેમને તરત જ પોતાની ભૂલ સમજાઈ જશે.

જ્યારે સતયુગ ભુવ:લોકમાં ઊતરશે ત્યારે સત્યનો પ્રકાશ વધશે અને યુવાન પુરુષો તથા ૨૫થી ૫૦ વર્ષની ઉંમરના લોકોને પણ એમાં સામેલ થવું પડશે. તેઓ સત્ય, પ્રેમ અને ન્યાયનો વિરોધ કરવાનું સાહસ નહિ કરે તથા વાણી દ્વારા તેનું સમર્થન કરવા લાગશે. બાળકો અને યુવાનો મળીને આ આંદોલનનું નેતૃત્વ કરશે. મન અને વચનમાં સત્યનું ગુંજન થઈ જશે, તેમ છતાં કર્મ અધૂરાં જ રહેશે. મરણોન્મુખ કળિયુગ વારંવાર જીવિત થઈ જશે. તેની ચિતામાંથી વારંવાર દુ:ખદ ચિનગારીઓ ઊઠશે, ક્યારેક સતયુગના આગમન પર લોકોને અવિશ્વાસ પણ થશે, પરંતુ ભવિષ્ય એમના ભ્રમણનું નિવારણ કરી દેશે. સત્યનો હંમેશાં વિજય જ થાય છે.

વૃદ્ધ લોકો પોતાના જૂના પુરાણા, સડેલા, ગંદા વિચારોની ચાર દીવાલોમાં જ બંધ પડ્યા રહી બબડતા રહેશે. શરૂઆતમાં તેઓ બાળકોના હૃદયપરિવર્તનની મજાક ઉડાવશે પણ યુવકો જ્યારે એમના પક્ષમાં આવી જશે ત્યારે તેઓ તેમના સ્વભાવને કારણે વિરોધ કરશે, પરંતુ અંતે યુગનો પ્રભાવ એમના પર પણ પડશે. મૃત્યુલોકમાં જ્યારે સતયુગ આવશે તો એમને પણ પોતાના વિચારો બદલવા પડશે અને અસત્યને તિલાંજલિ આપીને સત્યની શરણમાં આવવું પડશે. કલિયુગ જ્યારે તદ્દન પરાસ્ત થઈ જશે તો વૃદ્ધોની મનોદશા પણ બદલાઈ જશે. પછી તેઓ વધુ ઉંમરના કારણે અર્ધપાગલ નહીં થાય, રોગ તથા શોકનો ભોગ નહિ બને. અપમાનના સ્થાને સર્વત્ર એમનું માન થશે. 'સાઠા સો પાઠા'વાળી કહેવત યથાર્થ બનશે. આજે જેમ વૃદ્ધોને 'રિટાયર' કહીને એક ખૂણામાં નાખી રાખવામાં આવે છે તેવું નહિ થાય. તે વખતે વયોવૃદ્ધો તેમના સદ્‌જ્ઞાનના કારણે ખૂબ જ ઉચ્ચ સ્થિતિમાં હશે, સતયુગનો મર્મ સમજી જશે અને પોતાના પુત્ર-પૌત્રોને સત્યના માર્ગે પ્રવૃત્ત થવાનો ઉપદેશ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપશે. સન ૨૧૦૦માં આ કાર્ય પૂરું થઈ જશે. તે સમયે સત્યુગ ભૂ:લોકમાં પ્રગટ થયો એમ સમજવામાં આવશે.

સ્ત્રીઓ બુદ્ધિજીવી નથી હોતી, એમનામાં ભાવના જ મુખ્ય છે. તેથી તેઓ સત્યુગના આગમનની ચર્ચા આશ્ચર્ય સાથે સાંભળશે. એમના કાન જૂના સંસ્કારોના કારણે આ વાતનો સ્વીકાર કરવા ઈચ્છશે નહીં, પરંતુ હૃદયની અંદર જ કોઈ એમને પ્રેરણા આપતું પ્રતીત થશે કે આ બધું સત્ય છે અને હવે સત્યુગ આવી ગયો છે. સ્ત્રીઓનું સતીત્વ, પતિવ્રત જાગૃત રહેશે. એમનું હૃદય દયા, ક્ષમા, કરુણા અને પ્રેમથી ઊભરાઈ જશે. પતિ અને પુત્રો માટે ખૂબ આત્મત્યાગ કરશે. દીનદુ:ખીઓને જોઈ એમનાં હૃદય પીગળી જશે. એવી સ્ત્રીઓ ઘણી જોવા મળશે કે જેમના પુરુષો કઠોર હોવા છતાં દાનધર્મમાં શ્રદ્ધા રાખશે. સત્ય, પ્રેમ અને ન્યાયની ભાવના સ્ત્રીઓમાં ખૂબ સરળતાથી પ્રવેશી જશે અને તેઓ પુરુષો કરતાં વહેલી સત્યુગી બની જશે.

એવું નથી કે ઉંમરનાં આ બંધનો બધાં પર લાગુ પડે. આ તો સામાન્ય શ્રેણીના અચેતન જીવોની વાત કહેવામાં આવી છે. જાગૃત, નિષ્ઠાવાન, પ્રગતિશીલ અને જેમને ભગવાને આ નિમિત્તે જ મોકલ્યા છે તથા જેમના ભાગ્યમાં સત્યુગી અવતાર બનવાનું લખ્યું છે તેઓ ઘણા સમય પહેલાં, સત્યુગની શરૂઆતમાં જ, સન ૨૦૦૦ની આસપાસ બલકે એથી પણ બહુ પહેલાં સાવધાન થઈ જશે અને નવા યુગના સ્વર્ણરથને સ્વર્ગમાંથી ધરતી પર લાવવા માટે પોતાના સર્વસ્વનો ત્યાગ કરી એ રથમાં જોડાઈ સૂર્યના સપ્તમુખી ઘોડા સમાન કાર્ય કરશે. સત્યુગ તો આવવાનો જ છે. એ કોઈના રોકવાથી કોઈ રીતે રોકાઈ નહિ શકે, પરંતુ આ સુવર્ણ અવસરનો લાભ ઉઠાવવાનું, પોતાની કીર્તિ અમર કરી લેવાનું સૌભાગ્ય એમને જ મળશે, જેઓ ખૂબ ભાગ્યવાન છે, જેમના પર ઈશ્વરની વિશેષ કૃપા છે. બાકીના તો આમ જ કૂતરાના મોતે મરશે અને પાછળથી પોતાની ભૂલ પર માથું પછાડી પછાડીને પસ્તાતા રહેશે.

## ઉપાસનાનો આધાર અતૂટ શ્રદ્ધા

*ઉપાસનાની સાથે સાથે જોડાયેલી હોવી જોઈએ અતૂટ શ્રદ્ધા. શ્રદ્ધાની પોતાની એક આગવી શક્તિ છે. કેટલાયે પ્રકારની શક્તિઓ છે જેવી કે વીજળી શક્તિ, બાષ્પ-વરાળની શક્તિ, અગ્નિ શક્તિ, બરાબર એવી જ રીતે શ્રદ્ધાની પણ એક વિશિષ્ટ શક્તિ છે. શ્રદ્ધાના આધાર પર પથ્થરમાંથી દેવતા, ઝાડીમાંથી ભૂત અને દોરડું સાપ બની જાય છે, ન જાણે શું નું શું બની જાય છે ? જો અમારી અને તમારી કોઈ મંત્ર ઉપર, જપ-ઉપાસના પ્રત્યે અતૂટ વિશ્વાસ છે, પ્રગાઢ નિષ્ઠા અને શ્રદ્ધા છે તો મારો અત્યાર સુધીનો અનુભવ એ છે કે આપને ચમત્કાર થવો જોઈએ અને તેનો લાભ આપની સામે આવવો જ જોઈએ. જે લોકોએ શ્રદ્ધા રાખ્યા સિવાય ઉપાસના કરી છે, શ્રદ્ધાથી રહિત માત્ર કર્મકાંડ જ સંપન્ન કરવાને મહત્ત્વ આપ્યું છે, માત્ર જીભ દ્વારા જ જપ કર્યા છે અને આંગળીઓના ટેરવાથી માત્ર માળા જ ઘુમાવ્યા કરી છે, પરંતુ મનમાં પ્રચંડ શ્રદ્ધા ઉત્પન્ન કરી શક્યા નથી, વિશ્વાસ પેદા કરી શક્યા નથી તેવા લોકો ખાલી હાથે જ રહી જશે. ઘણા બધા જપ કરવાની સાથે સાથે જો અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક ઉપાસના કરવામાં આવે, તો તે એકમાત્ર જ બાબત એવી છે કે જેના આધારે આપણે એવી આશા રાખી શકીએ કે અમારી ઉપાસનાનો સારો લાભ આપણને પ્રાપ્ત થાય અને અમારી તે ઉપાસના દ્વારા પૂરેપૂરી રીતે લાભ થવો જોઈએ.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આગમન નવા યુગનું–સમન્વયની દિશાધારાનું

નવું દર્શન જ નવો યુગ લાવે છે. કુરિવાજો, મૂઢ માન્યતાઓ તથા અંધવિશ્વાસના અંધકારથી ઘેરાયેલા સમાજની ચેતના જ્યારે મંદ પડવા લાગે છે તો એમાં દાર્શનિક ચિંતન જ પ્રખરતા લાવે છે. જોકે મહાત્મા કબીરની ચેતના મૂળભૂત રીતે આધ્યાત્મિક હતી, પરંતુ તેઓ સમાજથી વિમુખ નહોતા. પોતાના સમયના સામાજિક પડકારોને સ્વીકારવાનો તથા તેની જવાબદારીઓને નિભાવવાનો એમનામાં અપૂર્વ ઉત્સાહ હતો. હા, તેઓ એ અવશ્ય માનતા હતા પ્રશ્નો અંગત જીવનના હોય કે સામાજિક જીવનના, એમનું એકમાત્ર સાર્થક અને સચોટ સમાધાન 'અધ્યાત્મ'માં જ રહેલું છે. એમના દર્શનને આધ્યાત્મિક સમાજવાદનું નામ આપવું પૂર્ણપણે સમયોચિત થશે. આ રીતે આધ્યાત્મિક સમાજવાદની દાર્શનિક ચિંતનપ્રણાલીના તેઓ પ્રથમ દૃષ્ટા તથા સંસ્થાપક હતા. એના આધારે જ એમણે નવયુગના અભ્યુદયની કલ્પના કરી હતી.

તેઓ કહેતા હતા કે આ સંપૂર્ણ જગત એક જ તત્ત્વમાંથી ઉત્પન્ન થયું છે. તેથી બધી જાતની ભેદવૃત્તિ મિથ્યા છે. મનુષ્ય મનુષ્યમાં ભેદ તો પરમ અજ્ઞાનનું દ્યોતક છે. પોતાની આ આધ્યાત્મિક દૃષ્ટિથી પ્રેરિત થઈ એમણે નાતજાત, છૂતઅછૂત, ઊંચનીચ અને બ્રાહ્મણશૂદ્રના ભેદનો સખત વિરોધ કર્યો. આજે પણ દુનિયાના લગભગ બધા જ વિખ્યાત સમાજશાસ્ત્રીઓ એ વાતે એકમત છે કે બધી જાતના ભેદભાવોને દૂર કરીને જ એક સુંદર સમાજનું સર્જન શક્ય છે. જો કે કોરું સામાજિક જ્ઞાન રાખનારાઓને એ બતાવવાનું બિલકુલ અશક્ય છે કે ભેદ દૂર કરવાનો તથા એકતા-સમતા લાવવાનો વાસ્તવિક આધાર કયો હશે ? મહાત્મા કબીર માટે એ આધાર એમનું આધ્યાત્મિક જ્ઞાન હતું, જેને તેઓ સર્વે લોકો માટે સુલભ અને શક્ય માનતા હતા. તેઓ પોતાની ધુનમાં ગાતા હતા- "એક બૂંદ તૈં સૃષ્ટિ રચી હૈ, કો બ્રાહ્મણ કો સૂદા." એટલે કે પરમાત્માએ એક બુંદમાંથી જ આખી સૃષ્ટિ રચી છે, પછી બ્રાહ્મણ અને શૂદ્રનો ભેદ શા માટે ?

એમનું દાર્શનિક ચિંતન તો એ જ કહેતું હતું કે "એક નૂર તૈ સબ જગ કીઆ, કૌન ભલે કૌન મંદે" એટલે કે એક જ નૂરમાંથી સંપૂર્ણ સંસાર રચવામાં આવ્યો છે. તો પછી કોણ ભલો અને કોણ ખરાબ ? છૂત-અછૂતનો ભેદ પણ એમણે આ સ્તર પર જ કર્યો છે. તેઓ કહે છે-

કહુ પંડિત સૂચા કવન ઠાઊ !
જહાં બૈસિ હઉં ભોજન ખાઊ ॥
માતા જૂઠા પિતા ભી જૂઠા જૂઠે હી ફલ લાગે ।
આવહિં જૂઠે જાંહિ ભી જૂઠે જૂઠે મરહિં અભાગે ॥
અગિનિ ભી જૂઠી પાની જૂઠા જૂઠે બૈસિ પકાયા ।
જૂઠી કચ્છી અન્ન પરોસા જૂઠૈ જૂઠા ખાયા ॥
ગોબરુ જૂઠા રાઉકા જૂઠા જૂઠૈ દીની કાસ ।
કહૈ કબીર તેઈ જન સૂચે જે હરિ ભજિ તજૈં હિં વિકારા ॥

એટલે કે "પંડિત, તમે કહો છો કે પવિત્ર સ્થાન પર ભોજન કરવું જોઈએ તો બતાવો કયું સ્થાન પવિત્ર છે ? વિચાર કરવાથી તો માતાપિતા પણ જૂઠાં છે અને વૃક્ષો પર લાગતાં બધાં ફળો પણ એંઠાં છે. અગ્નિ અને જળ પણ એંઠાં છે. છાણ અને રસોડું પણ એંઠાં છે અને એંઠી કડછીથી જ અન્ન પીરસવામાં આવે છે. હકીકતમાં પવિત્ર અને શુદ્ધ તો એ જ લોકો છે, જેમણે શ્રીહરિની ભક્તિ કરી પોતાના મનના વિકારોને દૂર કરી દીધા છે."


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મહાત્મા કબીરના આ આધ્યાત્મિક- સમાજવાદી ચિંતને સામાન્ય જનતાની સાથે સમકાલીન સંતો-વિચારકોને પણ પ્રભાવિત કર્યા હતા. એક પ્રસંગ મુજબ સંવત ૧૫૫૩ કે ૧૫૫૪માં શીખ પંથના પ્રવર્તક ગુરુ નાનકદેવની તેમની સાથે કોઈ નદી કિનારે સ્નાન કરતી વખતે મુલાકાત થઈ. આ મુલાકાતે નાનકદેવને ખૂબ પ્રભાવિત કર્યા. એ કબીરનો જ પ્રભાવ છે કે ગુરુ ગ્રંથસાહેબમાં કબીરની અનેક રચનાઓ આજે પણ વાંચી શકાય છે. એ સિવાય સંત રૈદાસ, દીપા, ધન્ના તથા સેન જેવા કબીરના સમકાલીન સંતો એમની પ્રત્યે શ્રદ્ધાભાવ રાખતા હતા. કબીર પછીના સંતોમાં દાદૂ, રજ્જબ, સુંદરદાસ, મલૂકદાસ, હરિદાસ, નિરંજની, ઉદાદાસ, ધર્મદાસ, દરિયાદાસ, ગરીબદાસ, બૂલાસાહબ, ગુલાલસાહબ વગેરે અનેક સંતોએ કબીરને પોતાના આદર્શ માની એમના મત તથા પંથનો સ્વીકાર કર્યો.

કેટલાય વિખ્યાત ઇતિહાસવેત્તાઓ અનુસાર સંત કબીર દ્વારા પ્રેરિત-પ્રવર્તિત આ નવા દર્શનનો દિવસે દિવસે વધુને વધુ સ્વીકાર થતો ગયો. લોકમત જ નહીં, રાજમત પણ એનાથી પ્રભાવિત થવા લાગ્યો, બાબર તો અહીં આક્રમણકારી બનીને જ આવ્યો હતો, એની પાસેથી તો કોઈપણ જાતની સહિષ્ણુતાની આશા જ નહોતી. હુમાયુને વધુ સમય સુધી શાસન કરવાનો મોકો જ મળ્યો નહીં. અકબરના વિચારો કબીરના દાર્શનિક ચિંતનથી પ્રભાવિત થયા વિના ન રહ્યા. એ મહાત્મા કબીરની ચિંતનધારા જ હતી કે જેમાં નિમગ્ન થઈ શહેનશાહ અકબર ધીરે ધીરે મુલ્લાઓના પ્રભાવમાંથી મુક્ત થઈ ગયો. એણે હિંદુઓ પ્રત્યે સહિષ્ણુતાની નીતિ અપનાવી. એટલું જ નહીં, એણે યુદ્ધ કેદીઓને દાસ અને મુસલમાન બનાવવાની પ્રથા સન ૧૫૬૨માં બંધ કરી દીધી. હિંદુઓને તીર્થયાત્રા કરમાંથી મુક્ત કરી દીધા. એ હિંદુઓ પ્રત્યે એટલો સહિષ્ણુ થઈ ગયો હતો કે સન ૧૫૬૪માં એણે જજિયાવેરો દૂર કરી દીધો. એણે પોતાની બધી ભેદભાવપૂર્ણ નીતિઓનો ત્યાગ કરી દીધો. એણે હિંદુઓને મુસલમાન જેવો જ દરજ્જો આપ્યો. એણે હિંદુઓની ભાવનાઓને ધ્યાનમાં રાખી પોતે ગોમાંસનો ઉપયોગ અને સાર્વજનિક રૂપમાં ગોવધ બંધ કરાવી દીધો.

એ મહાત્મા કબીરના દાર્શનિક ચિંતનનો જ ચમત્કાર હતો, જેણે અકબરના શાસનકાળમાં નવયુગના અભ્યુદયની કલ્પનાને સાકાર બનાવી. કેટલાક પ્રખ્યાત ઇતિહાસવેત્તાઓ પણ એ સત્યનો સ્વીકાર કરે છે કે કબીરસાહેબના દાર્શનિક ચિંતનનો સ્વીકાર કરતાં જ અકબરે પરંપરાઓની તુલનામાં વિવેકને મહત્ત્વ આપ્યું. એટલું જ નહીં, એણે ધર્માંધ વ્યક્તિઓના ઘૃણાભાવને દૂર કરવા માટે તથા ધાર્મિક દ્વેષને નષ્ટ કરવા માટે વિભિન્ન ધર્મોમાં સમન્વય સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો અને એનું નામ તવહીદેઇલાહી (દૈવી એકેશ્વરવાદ) રાખ્યું. વિભિન્ન ધર્મના લોકોને નજીક લાવીને સામાજિક, ધાર્મિક, ભ્રાતૃ-સંપ્રદાય સ્થાપિત કરવાનો એ પ્રયાસ હતો. એની રચના 'સુલહે કુલ'ના સિદ્ધાંતને આધાર માનીને કરવામાં આવી હતી. એમાં બધા ધર્મોની સારી વાતોનો સમાવેશ હતો.

સમ્રાટ અકબરના સમયમાં જ ઇતિહાસલેખક મોહસન ફાની અનુસાર આ જ ક્રમના બાદશાહે બીજો એક પ્રયાસ કર્યો- 'દીન-એ-ઈલાહી'ની સ્થાપના. આ બીજો પ્રયાસ સંપ્રદાયોમાં એકતા અને એમનામાં પરસ્પર સમન્વય સ્થાપવાનો હતો. દીન-એ-ઈલાહીના પ્રવર્તકના રૂપમાં એણે સાર્વજનિક સહિષ્ણુતાની નીતિ અપનાવીને રાષ્ટ્રીય આદર્શવાદનું ઉદાહરણ રજૂ કર્યું. ઇતિહાસકાર મોહસન ફાનીએ પોતાના ગ્રંથ 'દબિસ્તાન એ મજહબ'માં દીન- એ-ઇલાહીના કેટલાક મુખ્ય સિદ્ધાંતોનું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રતિપાદન કર્યું છે. (૧) ઉદારતા અને ઉપકાર (૨) સાંસારિક ઈચ્છાઓથી વિરક્તિ (૩) અપરાધીને ક્ષમા આપવી (૪) દરેકને માટે વિનમ્ર, કોમળ અને મધુર શબ્દોનો પ્રયોગ (૫) સંપર્કમાં આવનાર બધા લોકો સાથે સદ્‌વ્યવહાર કરવો. (૬) આત્માનું ઈશ્વરીય પ્રેમમાં સમર્પણ કરવું. સંત કબીરના દાર્શનિક ચિંતનને આત્મસાત્ કરનારાઓ એનો સારી રીતે અનુભવ કરી શકે છે કે દીન-એ-ઈલાહીની ઉપરોક્ત બધી વાતો આ નિરાળા સંતના કથનને દોહરાવવા સિવાય બીજું કંઈ જ નથી.

આ વાતોને માનવા, સ્વીકાર કરવા તથા પ્રચાર કરવાથી સમગ્ર દેશમાં સહિષ્ણુતા અને સદ્‌ભાવનું વાતાવરણ તો બન્યું જ, પણ સાથોસાથ કલાસંસ્કૃતિ તથા વિજ્ઞાનમાં પણ ઘણી પ્રગતિ થઈ. સંપન્નતા અને સમૃદ્ધિની દૃષ્ટિએ પણ એ કાળ સર્વોપરી સાબિત થયો. ઈતિહાસકારોએ અકબરના કાળને ભારતીય ઈતિહાસમાં સાંસ્કૃતિક પુનરુત્થાનો યુગ કહ્યો. ચોક્કસપણે આ એક નવા યુગની શરૂઆત હતી. એનો પ્રભાવ જહાંગીર તથા શાહજહાંના શાસનકાળમાં પણ દેખાતો રહ્યો. ઈતિહાસકાર અબ્દુલ હમીદ લાહોરી તથા ચંદ્રભાન બ્રહ્મને શહેનશાહ શાહજહાંના કાળને મોગલકાળનો સુવર્ણયુગ પણ કહ્યો. આ સમયમાં જ શાહજહાંના જ્યેષ્ઠ પુત્ર દારાએ ઉપનિષદ, ભગવદ્‌ગીતા તથા યોગવસિષ્ઠ વગેરે ગ્રંથોનો અનુવાદ કર્યો, પરંતુ ઔરંગઝેબના આગમનની સાથે જ અકબરના શાસનકાળમાં શરૂ થયેલો નવયુગ હવે અસ્ત થવા લાગ્યો. અભ્યુદયના અજવાળાને રાતનું અંધારું ઢાંકવા લાગ્યું. ઈતિહાસની એ ક્ષણો ફરીથી કોઈની પ્રતીક્ષામાં આતુર થઈ ઊઠી.

## *ધાર્મિકતા*

*ધાર્મિકતાનો અર્થ છે કર્તવ્યપરાયણતા અને કર્તવ્યોનું પાલન. કર્તવ્ય, કર્મ અને ધર્મ લગભગ એક જ બાબત છે. મનુષ્ય અને પશુમાં માત્ર એટલો જ તફાવત છે કે પશુ કોઈ મર્યાદામાં બંધાયેલો નથી. મનુષ્યની ઉપર હજારો મર્યાદાઓ અને નૈતિકતાનાં બંધનો બાંધવામાં આવ્યાં છે અને અનેક જવાબદારીઓનો ભાર તેના પર લાદવામાં આવ્યો છે. જવાબદારીઓ અને કર્તવ્યોને પૂરાં કરવાં તે મનુષ્યનું કર્તવ્ય છે. શરીર પ્રત્યે આપણું કર્તવ્ય એ છે કે આપણે શરીરને નીરોગી રાખીએ. મગજ પ્રતિ આપણું કર્તવ્ય એ છે કે તેને સદ્‌ગુણી બનાવીએ. દેશ, ધર્મ, સમાજ અને સંસ્કૃતિ પ્રત્યે આપણું કર્તવ્ય એ છે કે તેઓને ઊંચા ઉઠાવવા માટે, આગળ લાવવા કે તેઓની પ્રગતિ માટે પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવે. લોભ અને મોહના ભરડામાંથી આપણી જાતને છોડાવીને આપણા જીવાત્માનો ઉદ્ધાર કરવો એ પણ આપણું કર્તવ્ય છે. ભગવાને આપણને જે ઉદ્દેશ્યથી, જે કામ માટે આ મનુષ્યયોનિમાં જન્મ આપ્યો છે, જે કામને પૂર્ણ કરવા આપણને સંસારમાં મોકલ્યા છે, તે કાર્યને સફળ કરવું એ આપણું પવિત્ર કર્તવ્ય છે. આ બધાંય કર્તવ્યોને જો આપણે યોગ્ય રીતે પૂરાં નહીં કરી શકીએ તો આપણે ધાર્મિક કેવી રીતે કહેવાઈશું ?*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# 'સમર્થ'ના આવિર્ભાવથી ઉપજ્યો સંગઠનનો સંકલ્પ

'સંગઠન' ના મહામંત્રે સંક્રાંતિના બીજા પર્વ પર પોતાની મહાશક્તિ પ્રગટ કરી. સમર્થ ગુરુ રામદાસ આ મહામંત્રના દૃષ્ટા અને ઋષિ હતા. સમર્થના અદ્‌ભુત સામર્થ્યનો સ્રોત એમની કઠોર તપસાધના હતી. લોકમંગલની સાધના અને ઉત્કટ ઈશ્વરપ્રેમે એમને તપસ્વી બનાવી દીધા હતા. બાર વર્ષની ઉંમરે લગ્નવેદી છોડીને ભાગેલા તેઓ નારાયણ પંચવટી પાસે ગોદાવરીના તટ પર ટાકલી ગામમાં તપોલીન થઈ ગયા. એમની એકનિષ્ઠા અને કઠોર તપસ્યાની કહાનીઓ, દંતકથાઓ ગામેગામ ફેલાઈ ગઈ. આ તપસ્યા બાર વર્ષ સુધી સતત ચાલી. તે પછી રાષ્ટ્રીય જીવનની સ્થિતિ જાણવા માટે એમણે કન્યાકુમારીથી હિમાલય સુધીની યાત્રાઓ કરી. પૂર્વમાં જગન્નાથપુરી અને પશ્ચિમમાં દ્વારકા પગપાળા ગયા. પોતાની આ પદયાત્રાઓમાં એમણે ગામડાં અને શહેરો જોયાં. સમગ્ર લોકજીવન એમને અસ્તવ્યસ્ત જોવા મળ્યું.

પોતાની આ યાત્રાઓમાં એમને જે અનુભવ થયો તેને ચૌદ પદ્યોની કવિતામાં કંઈક આ રીતે લખ્યું- "લોકો શાસકોના અત્યાચારોથી દુઃખી છે. ઘણા લોકો ભૂખે મરી રહ્યા છે. જીવન અને સંપત્તિ ખતરામાં છે. જબરજસ્તીથી ધર્મપરિવર્તન કરાવવામાં આવે છે. લાશોના ઢગલાઓની કોઈ પરવા કરતું નથી. જીવતા લોકો પાસે શરીર ઢાંકવા પૂરતાં કપડાં પણ નથી." આવી હાલત જોઈને એમનું હૃદય કંપી ઊઠ્યું. એમના તપસ્વી મનમાં નિશ્ચયના એ જ સ્વર ઊઠ્યાં કે જનશક્તિ જ સંગઠિત થઈને અત્યાચારી શાસકોના પ્રબળ સૈન્યબળનો જોરદાર મુકાબલો કરી શકે છે. પ્રબળ અને પ્રચંડ પુરુષાર્થમાં એમને વિશ્વાસ હતો. ધર્મના નામે કાયરતા અને પલાયનવાદ એમને પસંદ નહોતાં.

'નિસિચર હીન કરૌં મહિ, ભૂજ ઉઠાહિ પ્રન કીન્હ' નો ઉદ્‌ઘોષ કરનાર મર્યાદા પુરુષોત્તમ પ્રબળ પરાક્રમી શ્રીરામ એમના આદર્શ હતા. "રામ કાજુ કીન્હેં બિના મોહિ કહાં વિશ્રામ"ના વ્રતધારી મહાવીર હનુમાનનો વજ્રસંકલ્પ જ એમનો સંકલ્પ હતો. આ મહાસંકલ્પથી સંકલ્પવાન સમર્થ ગુરુએ સન ૧૬૪૮માં ચાફલગામે પોતાનો મઠ સ્થાપિત કર્યો અને એમાં રામ અને હનુમાનનાં મંદિર બનાવ્યાં. ત્યારથી તેઓ સતત ગામેગામ ફરતા, કીર્તન કરતા અને સંગઠનનો સંદેશ આપતા રહ્યા. આ ક્રમમાં એમણે ૧૧૦૦ મઠોની સ્થાપના કરી, જેમાંથી ૪૨ હાલ પણ મોજૂદ છે. આ સમય દરમિયાન જ એમણે જનતામાં જાગૃતિ લાવવા માટે મરાઠીમાં 'મનાચે શ્લોક', 'કરુણાષ્ટકે' અને 'દાસબોધ' લખ્યાં. આ દાસબોધ જ એમનો મુખ્ય ગ્રંથ છે. એના વીસ અધ્યાયોમાં ધર્મદર્શન તથા નીતિનું વિસ્તારપૂર્વક વિવેચન છે. સંસ્કૃતમાં એમણે દાસગીતા પણ લખી. એ સિવાય એમણે ઘણાં અભંગો, શતકો તથા પંચક વગેરે લખ્યા.

સમર્થ ગુરુએ એમના સંગઠિત સંઘર્ષનાં અભિયાનમાં અસંખ્ય શિષ્યોને દીક્ષા આપી. એમાં એક શિવાજી મહારાજ પણ હતા. શિવાજીની ગુરુભક્તિ અને સમર્થનું શિષ્યવાત્સલ્ય અનુપમ હતું. એ જ કારણ છે કે સમર્થ-શિવાની જોડી ગુરુ-શિષ્ય સંબંધોનો આદર્શ બની ગઈ. શિવાજી મહારાજ તેમના સમર્થ સદ્‌ગુરુ પ્રત્યે કેટલા બધા શ્રદ્ધાવાન હતા તેનું પ્રગટ પ્રમાણ એમના જ દ્વારા સન ૧૬૭૮ માં લખવામાં આવેલ એક પત્ર છે, જેમાં એમણે લખ્યું -

**શ્રી રઘુપતિ, શ્રી મારુતિ ! શ્રી સ્વામી ગુરુદેવ !**

**આપનાં ચરણોની ધૂળ હું શિવાજી આપને નમન કરું છું. આપ પરમકૃપાળુએ મને દીક્ષા આપવાની કૃપા કરી અને આશીર્વાદ આપ્યો. આપે મને રાજ્ય અને ધર્મ સ્થાપવા, બ્રાહ્મણો અને દેવતાઓની પૂજા કરવા તથા જનતાનું રક્ષણ કરવા અને તેમનાં દુઃખોને દૂર કરવાનો આદેશ આપ્યો. આપે મને પરમતત્ત્વની ખોજ કરવાનો ઉપદેશ કર્યો અને વિશ્વાસ આપ્યો કે શ્રી રામકૃપાથી મને દરેક કાર્યમાં સિદ્ધિ મળશે. તેથી મને દરેક કાર્યમાં, દુષ્ટોનો નાશ કરવામાં, સંપત્તિ- સમૃદ્ધિ પ્રાપ્ત કરવામાં અને કઠિન કિલ્લાઓના નિર્માણમાં આપના આશીર્વાદથી સફળતા મળી છે. જ્યારે મેં મારું રાજ્ય આપનાં ચરણોમાં અર્પણ**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**કર્યું અને આપની સેવા કરવાની કામના દર્શાવી તો આપે કહ્યું કે આપની સૌથી મોટી સેવા એ છે કે હું યોગ્ય રીતે મારા કર્તવ્યોનું પાલન કરું.... આપની કૃપાથી જ આ બધું શક્ય બની રહ્યું છે....**

કેટલાક લોકો સમર્થ ગુરુ રામદાસ અને શિવાજી મહારાજના સંબંધોને કાલ્પનિક માને છે, પરંતુ આ માન્યતા પાછળ એમનો ઇતિહાસ વિશેના વિસ્તૃત જ્ઞાનનો અભાવ જ છે. ડૉ. બુદ્ધપ્રકાશ ડી.લિટ. જેઓ વિદ્યાસંસ્થાના નિર્દેશક રહ્યા છે એમણે પોતાના ગ્રંથ 'ભારતીય ધર્મ અને સંસ્કૃતિ'માં આ સંબંધોના ભાવનાત્મક ઊંડાણને ઐતિહાસિક તથ્યના રૂપમાં સ્વીકાર્યું છે. એ સિવાય રણજિત દેસાઈ જેવા અન્ય અનેક બુદ્ધિશાળીઓની કૃતિઓ આ ઐતિહાસિક સત્ય અને તથ્યનું પ્રમાણ છે. એ સુનિશ્ચિત અને નિઃશંક સત્ય છે કે શિવાજીનું વ્યક્તિત્વ તેમના સમર્થ સદ્ગુરુની તપસાધનાથી ઓતપ્રોત હતું. સમર્થનો એ લલકાર-

**ધર્માસાઠીં મરાવેં, મરોનિ અવઘ્યાંસિ મારાવેં ।**
**મરતાં મરતાં ધ્યાવે, રાજ્ય આપુ લેં ॥**

"ધર્મ માટે મરો, મરતાં મરતાં પણ બધા શત્રુઓને મારો, મરી મરીને પોતાનું રાજ્ય લો." આ ભાવ એમના પરમશિષ્ય શિવાજીમાં ગુંજી ઊઠ્યો હતો.

સંગઠન એ જ સમર્થ ગુરુનું સૂત્ર હતું. એ જ એમનો મહામંત્ર હતો. એક સ્થાને તેઓ કહે છે-

બહુત લોક મેલ વાવે
એક વિચારેં ભરાયેં
કષ્ટેં કરૂન ધસરાવેં ! મ્લેચ્છાંવરીં ।

"ઘણા લોકોને એકઠા કરો. એમનામાં એક વિચાર ભરો. પૂરા પ્રયત્નથી મ્લેચ્છો પર તૂટી પડો."

સમર્થના આ સ્વરોએ મરાઠાઓમાં અપૂર્વ પ્રાણ પૂર્યા. મરાઠા સામ્રાજ્યની સ્થાપના થઈ. ઔરંગઝેબના અત્યાચારનો પાયો હચમચવા લાગ્યો. એ કંપી ઊઠ્યો. શિવાના વ્યક્તિત્વને સમર્થે પોતાની તપશક્તિ વડે કંઈક એવું ઘડ્યું હતું કે પ્રખ્યાત ઇતિહાસકારો પણ એમના વિશે એવું લખવા વિવશ થયા- 'એક વ્યક્તિનો પ્રચંડ પુરુષાર્થ આ સંસારમાં શું કરી શકે. એ શિવાજીના જીવનથી સ્પષ્ટ થાય છે. એવું પ્રતીત થાય છે કે શિવાજી પ્રતિભાનાં દૈવી વરદાન મેળવી ચૂક્યા હતા જે વિશ્લેષકોની બુદ્ધિને ચકિત કરી દે છે.' શિવાજીના મૃત્યુ સમયે એમના સૌથી પ્રબળ શત્રુ ઔરંગઝેબે જે કહ્યું તે ઓછું ઉલ્લેખનીય નથી. ડૉ. જદુનાથ સરકારે પોતાના ગ્રંથમાં ઔરંગઝેબના એ શબ્દોને યથાવત્ રજૂ કર્યા છે- 'તે એક મહાન સેનાનાયક હતો અને એકમાત્ર એનામાં એક નવું રાજ્ય ઊભું કરવાનો જોશ હતો. હું જ્યારે ભારતની પુરાતન સત્તાને નષ્ટ કરવા માટે દૃઢનિશ્ચયી છું ત્યારે મારી સેનાઓ એની વિરુદ્ધ ૧૯ વર્ષોથી લડી રહી છે અને છતાં એનું રાજ્ય વધતું જ રહ્યું છે.' આ ઐતિહાસિક તથ્યોને ઇતિહાસવેત્તા વર્નિયર સહિત ખાફિક ખાન, ગ્રાંટ, ડફ, એલ્ફિસ્ટોન, ટેંપલ, એકવર્થ, ડબલ્યુ.એસ.એમ. એડવર્ડ્સ વગેરે અન્ય ઇતિહાસવિદોએ પણ સ્વીકાર્યું છે.

સમર્થ સદ્ગુરુના આ અનુકરણીય ઉદાહરણથી અન્ય તપસ્વીજનોએ પણ સાધનાના વિખરાયેલા સૂરોને લય આપ્યો. એમાં શીખોના દશમા ગુરુ ગોવિંદસિંહ સૌથી અગ્રણી રહ્યા. એમણે પણ અત્યાચાર વિરુદ્ધ યુદ્ધ જાહેર કરી એલાન કર્યું- **સવા લાખ તૈ એક લડાઊં, ચિડિયન તૈ મૈં બાજ તુડાઊં, તબ ગોવિંદસિંહ નામ કહાઊં.** અને થયું પણ એવું જ. એમના પરમશિષ્ય બંદા બૈરાગી આક્રમણકારીઓ માટે કાળ બની ગયા. એ જ રીતે બુંદેલખંડમાં બાબા પ્રાણનાથે બુંદેલા રાજા છત્રસાલમાં પ્રાણ ભર્યા. તેઓ પણ આ યુગસંઘર્ષ માટે ઊભા થઈ ગયા. આ ક્રમમાં જાટોના સરદાર ગોકુલ અને રાજપૂત શિરોમણિ રાણા રાજસિંહ પણ પાછળ ન રહ્યા. આ બધો ચમત્કાર સંગઠનશક્તિનો હતો, જે સમર્થની તપશક્તિથી પેદા થયો હતો, પરંતુ યોગ્ય વારસદારોના અભાવમાં એ સ્થિર ન રહી શક્યો. ૧૪ એપ્રિલ, ૧૬૮૦માં શિવાજી મહારાજ ન રહ્યા. એના એક જ વર્ષ બાદ સમર્થ સ્વામીએ પણ તેમના શરીરનો ત્યાગ કર્યો. ૩ માર્ચ, ૧૭૦૭માં ઔરંગઝેબનું મૃત્યુ થયું. તે પછી ૧૭૧૩થી ૧૭૧૯ સુધી ફરુખસિયરનું શાસન રહ્યું. ૧૭૩૯માં નાદિરશાહે ભારત પર આક્રમણ કર્યું અને ભયંકર લૂંટ ચલાવી. ૧૭૫૭માં અહમદશાહ અબ્દાલી દિલ્લી લૂંટવા આવી પહોંચ્યો. એ જ વર્ષમાં પ્લાસીની લડાઈ થઈ. તે પછી ૧૪ જાન્યુઆરી, ૧૭૬૧માં થયેલ પાણીપતના ત્રીજા યુદ્ધમાં અહમદશાહ અબ્દાલીએ મરાઠાઓને પરાજિત કરી દીધા. તે પછી અંગ્રેજોની કુટિલ ચાલોનો યુગ આવવા લાગ્યો. આ કુટિલ ચાલોમાં ફસાઈને દેશવાસીઓ સંગઠિત ન રહી શક્યા અને ભારતમાતા કેદગ્રસ્ત થવા લાગી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સહસ્ત્ર કિરણોનો સૂર્ય ચમક્યો શ્રી રામકૃષ્ણના રૂપમાં

સાધનાપદ્ધતિઓમાં સમન્વય એ કોઈ તાર્કિક વિશ્લેષણ કે બૌદ્ધિક પ્રતિપાદનનું વિષયવસ્તુ નથી. એ તો વિભિન્ન સાધનાપદ્ધતિઓની ગહન સાધનાઓના અંતરમાંથી ઊપજેલા નિષ્કર્ષોના સરળીકરણથી જ શક્ય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ તેમના જીવનકાળમાં આ આધ્યાત્મિક પ્રયોગોમાં જ સંલગ્ન રહ્યા અને નિષ્કર્ષના રૂપમાં એમણે કહ્યું, "સાધન જુદાં જુદાં હોઈ શકે છે, પરંતુ બધા લોકો એક જ બ્રહ્મ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. બધા લોકો તેની શોધમાં છે, પછી ભલે એ જુદા જુદા નામથી તેને શોધતા હોય." તેમનું આ કથન કોઈ દાર્શનિકનું વૈચારિક પ્રતિપાદન માત્ર નથી, પણ એક આત્મદૃષ્ટા, ઈશ્વરભાવમાં ડૂબેલા, મહાન ધ્યાનસ્થ યોગીનું સત્ય છે જેનો સાક્ષાત સંબંધ એ આદિશક્તિ સાથે હતો, જેને બ્રહ્મશક્તિ, કાલી, ગોડ કે અલ્લા વગેરે નામોથી જાણવામાં આવે છે.

એ શક્તિ એમનાથી અભિન્ન હતી. એની સાથે તેઓ વાર્તાલાપ કરતા અને બધું ભૂલીને સમાધિમગ્ન થઈ જતા હતા. વિભિન્ન સાધનાઓ કર્યા પછી એમની એ નિશ્ચયાત્મક વાણી પ્રગટ થઈ કે બધા ધર્મો અને મતોનું મિલનબિંદુ તે એક ઈશ્વર જ છે, જેમાં જુદા જુદા ધર્મો અપનાવનારા લોકો પોતાના ધર્મની પૂર્ણતા માને છે. એમનું સમગ્ર જીવન 'એકં સદ્વિપ્રાઃ બહુધા વદંતિ' ના વૈદિક મહામંત્રને પ્રમાણિત કરતો મહાપ્રયોગ હતું. એમણે દરેક ધર્મ, સંપ્રદાય અને મતોના સંઘર્ષને પોતાના જીવનમાં સમન્વય તથા એકતા દ્વારા દૂર કર્યો. આ પ્રસંગમાં એમના કઠોર સાધનામય જીવનની ઝાંખી જોવી અનિવાર્ય છે.

શ્રી રામકૃષ્ણે દક્ષિણેશ્વરના મંદિરમાં પૂજારી બન્યા બાદ પોતાની સાધના શરૂ કરી. આ ક્રમમાં એમણે સાધનામાં બાધક બનતી બધી વસ્તુઓ અને ભાવોનો ત્યાગ કરી દીધો. અભિમાનને ખતમ કરવા માટે એમણે ભંગી રસિકના ઘરનું મેલું સાફ કર્યું. વૈરાગ્ય તથા વ્યાકુળતાની આ ભાવદશામાં જ એમને મા કાલીનાં દર્શન થયાં. આ દર્શન બાદ તેઓ દ્વૈતભાવની સાકાર-સગુણ, નિરાકાર-સગુણ તથા અદ્વૈત ભાવની નિરાકાર-નિર્ગુણની સાધનામાં સંલગ્ન થયા. દ્વૈતભાવની સાધનામાં એમણે પોતાના કુળના ઈષ્ટદેવ શ્રી રઘુવીરની સાધના દાસ્ય ભક્તિભાવથી શરૂ કરી. તે માટે એમણે રામભક્ત હનુમાનનો ભાવ પોતાના પર આરોપિત કર્યો. તેઓ મહાવીરમય બની ગયા. આ સાધનાકાળમાં એમણે પ્રથમ સીતાજીનાં દર્શન કર્યાં. પછી એ જ ભાવાનુરાગમાં એમણે શ્રી રઘુવીરનાં દર્શન થયાં. હનુમાનભાવ સાથે જ એમણે ભગવાન રામની બાલ્યભાવમાં સાધના કરી અને પ્રભુની બાળમૂર્તિનું દર્શન કર્યું.

સાકાર સગુમ દ્વૈતભાવની સાધનાના પછીના ચરણમાં એમણે મધુરભાવની સાધના કરી. તેઓ પોતાને વ્રજની ગોપીના રૂપમાં અનુભવી શ્રીકૃષ્ણપ્રેમમાં ડૂબી ગયા. આ સાધનાના અનુભવો બતાવતાં એમણે કહેવું કે શ્રી રાધારાણીની અંગકાંતિને મેં નાગકેસરનાં પુષ્પોના કેસરની જેમ ગૌરવર્ણની જોઈ હતી. છ મહિના સુધી ચાલેલી આ સાધનાની ઉત્કટ અવસ્થામાં તેઓ મહાભાવમાં પહોંચી ગયા અને સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણના પાવન દર્શનનો લાભ મેળવ્યો. અન્ય મૂર્તિઓની જેમ જ શ્રીકૃષ્ણમૂર્તિ પણ એમનામાં લીન થઈ ગઈ.

દ્વૈતભાવની સાધના બાદ એમણે ઘણી જાતની તાંત્રિક સાધનાઓ કરી. આ પ્રસંગે એમણે ભૈરવી બ્રાહ્મણી દ્વારા તંત્રમાર્ગની દીક્ષા લીધી. તંત્રમાર્ગમાં એમણે અનેક ભાવો તથા વિવિધ માર્ગોની બધી સાધનાઓ પૂરી કરી અને એ પરમ ચિત્‌શક્તિનો સાક્ષાત્કાર કર્યો. સાધનાકાળમાં સ્પષ્ટ અનુભવ્યું કે આ સમગ્ર સૃષ્ટિ એ મહાશક્તિની જ ક્રીડા છે. આ સાધનાઓના નિષ્કર્ષરૂપે તેઓ સમગ્ર સ્ત્રીજાતિને માતૃભાવથી જોવા લાગ્યા. પોતાનાં સહધર્મિણી શારદામણિની પણ એ જ માતૃભાવથી પૂજા કરી. સ્ત્રીજાતિ પ્રત્યેના એમના આ ઉત્કટ શ્રદ્ધાભાવમાં જ ભાવિ નારીયુગના અભ્યુદયના સંકેતો સમાયેલા હતા.

દ્વૈતભાવની સાધનામાં સિદ્ધ શ્રી રામકૃષ્ણ હવે તોતાપુરી નામક સંન્યાસીના નિર્દેશનમાં અદ્વૈત સાધનામાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંલગ્ન થયા. વિધિપૂર્વક દીક્ષા લીધા પછી થોડા સમયમાં જ એમનું મન નિર્વિકલ્પ સમાધિમાં ડૂબી ગયું. એમનો જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનનો ભેદ સમાપ્ત થઈ ગયો. છ માસ સુધી તેઓ આ અવસ્થામાં રહ્યા. અદ્વૈત ભાવભૂમિમાં આરૂઢ શ્રી રામકૃષ્ણે સમજી લીધું હતું કે બધી સાધનાઓનું અંતિમ લક્ષ્ય અદ્વૈતભાવ છે. બધા ધર્મોની સાધનાઓ આ જ લક્ષ્ય તરફ અગ્રેસર થાય છે.

અદ્વૈતની નિર્ગુણ નિરાકાર સાધના બાદ એમણે નિરાકાર સગુણ સાધનાઓ પણ કરી. તેની અંતર્ગત એમની ઇસ્લામ તથા ખ્રિસ્તી ધર્મની સાધનાઓ મુખ્ય છે. એ વખતની સાધનાઓ વિશે તેઓ અવારનવાર બતાવતા કે ત્યારે હું અલ્લાનો જપ કરતો હતો. પાંચ વખત નમાજ પઢતો હતો. આ સાધનામાં સૌપ્રથમ લાંબી દાઢીવાળા એક ગંભીર જ્યોતિર્મય પુરુષનાં દિવ્ય દર્શન થયાં. તે પછી સગુણ વિરાટ બ્રહ્મની ઉપલબ્ધિ બાદ તુરીય નિર્ગુણ બ્રહ્મમાં એમનું મન લીન થઈ ગયું. ખ્રિસ્તી ધર્મની સાધના વખતે તેઓ બાઈબલ સાંભળતા. ચર્ચમાં પણ જતા. એમની આ ભાવધારા સાધનાકાળમાં ટકી રહી. એક દિવસ એમણે એક સુંદર ગૌરવર્ણ દેવમાનવને પોતાની તરફ આવતા જોયા. એમને જોતાં જ એમનાં અંતઃકરણમાં પ્રતિધ્વનિ થવા લાગ્યો- ઈસામસીહ ! તેઓ આ રીતે વિચારતાં જ દેવમાનવ ઈસુ શ્રી રામકૃષ્ણનું આલિંગન કરી એમના શરીરમાં લીન થઈ ગયા. એમની બાહ્યચેતના લુપ્ત થઈ ગઈ અને એમનું મન સગુણ વિરાટ બ્રહ્મ સાથે એકાકાર બની ગયું.

બીજા ભાવો તથા પંથોની પણ એમણે સાધના કરી. બૌદ્ધભાવમાં ડૂબીને એમણે એકવાર કહ્યું, "શ્રી બુદ્ધદેવ ચોક્કસપણે ઈશ્વરના અવતાર હતા, એમના મત તથા વૈદિક જ્ઞાનમાર્ગમાં કોઈ ભેદ નથી. જૈન તીર્થંકર પ્રત્યે પણ તેઓ શ્રદ્ધાવાન હતા. એમના કમરામાં મહાવીરની પાષાણમૂર્તિ હોવી તથા તેને ધૂપ કરવો એ તથ્યનું સ્પષ્ટ પ્રમાણ છે."

વેદાંતના જુદા જુદા સંપ્રદાયો અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત વગેરે બધી સાધનાઓના ફળસ્વરૂપે એમને એ સત્યની સ્પષ્ટ અનુભૂતિ થઈ ગઈ કે એમાં મૂળ વિરોધ કોઈ નથી. કોઈપણ ધર્મ કે સંપ્રદાયના મત અંતે એક જ લક્ષ્ય સુધી પહોંચે છે. મનુષ્યની આધ્યાત્મિક સ્થિતિ મુજબ સાધકને આ માર્ગોને અપનાવવાની આવશ્યકતા પડે છે. બધી પ્રચલિત ધર્મસાધનાઓ કરીને પણ રામકૃષ્ણે એ સિદ્ધ કરી દીધું કે બધા ધર્મોનું ગંતવ્યસ્થાન એક છે. એ લક્ષ્ય સુધી પહોંચવા માટે વિભિન્ન ધર્મમતો અને અનેક માર્ગો છે. બધા મતસંપ્રદાયો એક જ સત્યની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ છે.

પોતાના આ મહાન પ્રયોગ તથા તેના નિષ્કર્ષ સાથે એકાકાર થઈ શ્રી રામકૃષ્ણ બધા ધર્મોની સજીવ મૂર્તિસમાન બની ગયા. બધા ધર્મોની પૂર્ણતા એમનામાં પ્રગટ થવા લાગી. વૈજ્ઞાનિક યુગના આવિર્ભાવથી વિભિન્ન ધર્મો પ્રત્યેની મનુષ્યની નિષ્ઠા જ્યારે ઓછી થવા લાગી હતી અને એ અભૂતપૂર્વ પરિસ્થિતિમાં બાહ્ય આડંબરને યથાવત્ રાખવા માટે જ્યારે લગભગ બધા જ ધર્મો આંતરિક રૂપે શૂન્ય બની રહ્યા હતા ત્યારે શ્રી રામકૃષ્ણનું આગમન નિશ્ચિતરૂપે એક યુગાંતરકારી ઘટના બની. તે સમયે લગભગ બધા ધર્મપ્રચારકો પોતપોતાના ધર્મની મહાનતા સિદ્ધ કરવામાં લાગી ગયા હતા, જે કોઈપણ વિચારશીલ વ્યક્તિ માટે ગ્રહણ કરવાનું મુશ્કેલ બની ગયું હતું. નવશિક્ષિત વર્ગમાંથી કોઈને પણ પોતાના ભાવમાં ઓતપ્રોત કરવાનું અશક્ય બની રહ્યું હતું. આવા સમયે શ્રી રામકૃષ્ણે બધી સાધનપદ્ધતિઓમાં સમન્વય સ્થાપવાની સાથે ધર્મમાં નવા પ્રાણ પૂર્યા. એમણે પોતાની જીવનસાધના દ્વારા એ પ્રમાણિત કર્યું કે વાસ્તવમાં બધા ધર્મોનો સાર માનવધર્મ છે અને તેના અનુશીલનની યથાર્થ ઉપલબ્ધિ છે- મનુષ્યમાં દેવત્વનું જાગરણ. પ્રાચીન ઋષિમુનિઓએ બતાવેલો ભારતીય સંસ્કૃતિનો સારમર્મ પણ આ જ છે. તેથી જ ભારતીય સંસ્કૃતિને દેવસંસ્કૃતિ કહેવાય છે. આ દેવસંસ્કૃતિની પ્રસાર તથા પ્રશિક્ષણ માટે એમણે પોતાના શિષ્યોને સુસજ્જ કર્યા. પોતાના પરમ પ્રાણશિષ્ય સ્વામી વિવેકાનંદને એમણે આ સંબંધમાં વિશેષ જવાબદારી સોંપતા કહ્યું, "નરેન શિખા દિબે" એટલે કે નરેન્દ્ર (સ્વામી વિવેકાનંદ) લોકોને શિક્ષણ આપશે. એમનો મહાન સંદેશ સ્વામી વિવેકાનંદના મુખેથી દિગ્વિજયનો શંખનાદ બની વિશ્વગગનમાં ગુંજી ઊઠ્યો. આ દિગ્વિજય ભારતની સંસ્કૃતિ અને સાધનાનો વિજય હતો, મહર્ષિઓના સનાતન સંદેશનો વિજય હતો, જેમાં શ્રી રામકૃષ્ણ દેવના તપ અને પ્રાણ પણ ઓતપ્રોત હતા.


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સમસ્યાઓથી જકડાયેલા ભારતને આધાર મળ્યો અધ્યાત્મનો

સ્વતંત્ર ભારત સમક્ષ તેના અમુક આગવા પ્રશ્નો અને મુશ્કેલીઓ એવી હતી કે જેના સાર્થક અને યોગ્ય સમાધાનની તેને આવશ્યકતા હતી. અંગ્રેજોએ આપણને અખંડ રાષ્ટ્રને બદલે ખંડિત ભારત આપ્યું હતું. આપણું આ ખંડિત રાષ્ટ્ર પાંચસો કરતાં પણ વધારે રાજા-રજવાડાંઓમાં વહેંચાયેલું હતું. તે ખંડિત દેશને અખંડ બનાવવાની જવાબદારી તે સમયના દેશનેતાઓની હતી. આ વિષમ પરિસ્થિતિઓમાં સરદાર વલ્લભભાઈ પટેલ એક લોહપુરુષ (લોખંડી પુરુષ) સાબિત થયા. તેમણે દેશને અખંડ બનાવવા માટેનું બીડું ઝડપ્યું (તેમણે આ મુશ્કેલ આહ્‌વાનને સ્વીકાર્યું) અને પોતાની કાર્યકુશળતાથી, આજે જેમાં આપણે રહીએ છીએ અને જેની ગરિમા પર આપણને ગર્વ છે તેવા અખંડ ભારત દેશનું નિર્માણ કર્યું. દેશના વિભાજિત થયેલા એક નાનકડા ખંડે કે જે ભારતમાતાનાં પોતાનાં જ સંતાનો હતાં, તેમણે દેશ પર સ્વતંત્રતા પછી તરત જ આક્રમણ કર્યું. ૧૯૪૭માં ભારત પર કાશ્મીર તરફથી આક્રમણ કરનારા ઘુસણખોરો કોઈ અન્ય વિદેશીઓ નહીં, પરંતુ ભારતમાતાના જ પથભ્રષ્ટ સંતાનો હતાં. દેશના શૂરવીર સૈનિકો તેમજ નાગરિકોએ એટલી મજબૂતીથી તેનો સામનો કર્યો કે તે આક્રમણ નિષ્ફળ ગયું.

પરંતુ દેશ સમક્ષ આના કરતાં પણ કંઈ કેટલાયે ગણી વધારે મુશ્કેલીઓ અને સમસ્યાઓ પોતાનું મોં ફાડીને ઊભી હતી. અંગ્રેજોએ દેશની જમીનના જ નહીં, પરંતુ લોકોના દિલના પણ ભાગલા પાડવાનો પ્રયત્ન કર્યો હતો. ભાગલાની આ રેખાઓ હિંદુઓ અને મુસલમાનો વચ્ચે ખેંચાઈ. હિંદુઓમાં ભાષા, જ્ઞાતિ અને વિસ્તારને નામે અગણિત દીવાલો ઊભી થઈ. જ્ઞાતિઓમાં પણ અનેક પેટા જાતિઓ હતી. કુળ, ગોત્ર અને વંશના નામે કોણ જાણે કેટલાયે ટુકડાઓ થયા હતા. સ્વતંત્રતા મેળવવાના રાષ્ટ્રીય જુવાળ અને જુસ્સામાં જે લોકો એકઠા થયા હતા, (એક થઈ ગયા હતા) તે લોકો ફરીથી પોતપોતાના સ્વાર્થ અને અભિમાનના ક્ષેત્રમાં સંકુચિત થઈ ગયાં. ત્યાગ અને બલિદાન માટે જે જોશ અને ઉમંગ હતાં તેનાથી કેટલાયે ગણી વધારે નફરત અને નૃશંસતા જોવા મળી. આઝાદી મળતાં જ ચારે તરફ કોમી હુલ્લડો ભડકી ઊઠયાં. મહાત્મા ગાંધીએ પોતાની સાત્ત્વિક વૃત્તિઓ દ્વારા તેને શાંત કરવા માટે પ્રયત્ન પણ કર્યા અને તેમાં તેમને આંશિક સફળતા પણ મળી, પરંતુ ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ નથ્થૂરામ વિનાયક ગોડસે નામના હત્યારાએ તેમની નિર્મમ હત્યા કરી દીધી. 'હે રામ !'ના ઉદ્‌ગાર સાથે મહાત્મા ગાંધીજીનો આત્મા અનંતયાત્રાએ નીકળી પડ્યો.

આ જ વર્ષની ૫મી માર્ચે માઉન્ટબેટનની જગ્યાએ ચક્રવર્તી રાજગોપાલાચારી નવા ગવર્નર જનરલ બન્યા. ઈ. સ. ૧૯૪૯ની ૨૬મી નવેમ્બરે બંધારણસભા દ્વારા ભારતનું બંધારણ સ્વીકારવામાં આવ્યું. ઈ. સ. ૧૯૫૦ની ૨૪મી જાન્યુઆરીએ ડૉ. રાજેન્દ્રપ્રસાદ સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા. ઈ. સ. ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ ભારતના બંધારણનો અમલ થયો. ઈ. સ. ૧૯૫૯ની ૨૫મી ઑક્ટોબરે દેશનાં ૨૨ રાજ્યોમાં પહેલીવાર સામાન્ય ચૂંટણીઓ થઈ. પંડિત જવાહરલાલ નહેરુ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બન્યા. ઈ. સ. ૧૯૫૪ની ૧૭મી નવેમ્બરે ફ્રેન્ચ હકૂમત હેઠળના પોંડિચેરી, કરાઈકાલ, માહે અને યાનમનું ભારતમાં વિલિનીકરણ થઈ ગયું. ઈ. સ. ૧૯૫૭ની ૨૪મી ફેબ્રુઆરીએ દેશમાં બીજી સામાન્ય ચૂંટણીઓ યોજાઈ. પંડિત નહેરુ ફરીથી વડાપ્રધાન બન્યા. ઈ. સ. ૧૯૬૯ની ૨૦મી ડિસેમ્બરે પોર્ટુગલ હકૂમત હેઠળના ગોવા, દીવ અને દમણ પણ થોડાક સંઘર્ષ પછી ભારતમાં વિલીન થઈ ગયાં. આની સાથે ભારત દેશ એક સાર્વભોમ દેશ બન્યો.

દેશના સ્વાતંત્ર્ય સંઘર્ષમાં ભાગ લેનારાઓમાંથી (સ્વાતંત્રસેનાનીઓમાંથી) મોટા ભાગના લોકો સરકારમાં શાસનકર્તા હતા. તેમની નજરોમાં મૂલ્ય સંરક્ષણને સ્થાને (નીતિમત્તાને બદલે) સત્તાસુખ વધારે જરૂરી બની ગયું હતું. તેના પરિણામસ્વરૂપે લોકોનું નૈતિક મૂલ્ય નીચે ઊતરતું ગયું. શિક્ષણને લીધે લોકોની બૌદ્ધિકતા તો વધી પરંતુ બૌદ્ધિક વિચારશીલતાનો નાશ થતો ગયો. અંગ્રેજોએ સમાજની જે દશા કરી હતી તેના કરતાં પણ વધારે નીચી કક્ષા સમાજની થઈ. આઝાદીના થોડાંક જ વર્ષોમાં દેશની એવી દશા થઈ કે જેને કારણે ભારતીય અસ્મિતા અને ભારતીયતાની ગરિમા નષ્ટ થતી ગઈ. સમયાનુસાર થતી આર્થિક, સામાજિક અન રાજકીય ઊથલપાથલોને કારણે વિશ્વના લોકો સમક્ષ ભારતીયો માટેની કલ્પના ઝાંખી થતી ગઈ. ભારતીય સમાજ ટુકડાઓમાં વિભાજિત થઈને વધતા જતાં હિંસા, દુરાગ્રહ, ભ્રષ્ટાચાર અને અવિશ્વાસ અને મૂલ્ય હીનતાના કાદવમાં ફસાતો ગયો. એક રીતે જોતાં આ બધી જ મુશ્કેલીઓ મૂલ્યોના પતનને કારણે જ અસ્તિત્વમાં આવી હતી અને તેનું સમાધાન મૂલ્યસંરક્ષણ દ્વારા જ શક્ય હતું. આ સમાધાન આધ્યાત્મિક તપસાધનાથી જ શક્ય હતું.

તપોલીન આચાર્યજીએ તપસાધના કરતાં પહેલાં પોતાની દિવ્યદષ્ટિથી ભારતની સ્વતંત્રતાની સાથે સાથે દેશ સમક્ષ આવનારી તેની આગવી મુશ્કેલીઓને પણ જોઈ લીધી હતી. તેના યોગ્ય સમાધાનની શોધમાં રત એવા તપોનિષ્ઠ આચાર્યજીએ પોતાના સાધનાકાળ દરમ્યાન 'અખંડ જ્યોતિ' નામની શોધમાં રત એવા તપોનિષ્ઠ આચાર્યજીએ પોતાની માસિક પત્રિકા (ઈ. સ. ૧૯૩૭થી)નું પ્રકાશન-સંપાદન કર્યું. તેમનું આ કાર્ય માત્ર સાહિત્ય-સાધના સુધી મર્યાદિત નહોતું, પરંતુ આતો તેમની નૈતિક, બૌદ્ધિક અને વૈચારિક ક્રાંતિરૂપી ત્રિવિધ સંકલ્પની અભિવ્યક્તિ હતી, વિચારક્રાંતિના મહાચક્રનું સંપાદન હતું. યુગ નિર્માણ આંદોલનની શરૂઆત હતી.

ઈ. સ. ૧૯૨૬માં તેમણે જે મહાન સાધનાની શરૂઆત કરી હતી તે ઈ. સ. ૧૯૫૩માં ૨૭ વર્ષ પછી પૂરી થઈ ગઈ. આ દરમ્યાન સ્વતંત્રતા—સંગ્રામમાં ભાગ લેવાની સાથે સાથે તેઓ હિમાલય પણ ગયા. તેમનો હિમાલય પ્રવાસ ત્યાંની દિવ્ય સત્તાઓના સંરક્ષણમાં કોઈ અલૌકિક સાધના માટે હતો. પોતાના મહાન અનુષ્ઠાનની પૂર્ણાહુતિ રૂપે, પોતાના આધ્યાત્મિક પ્રયોગની પ્રથમ પ્રયોગશાળાના રૂપમાં ઈ. સ. ૧૯૫૩માં ગાયત્રીજયંતીના પવિત્ર દિને તેમણે ગાયત્રી તપોભૂમિનું નિર્માણ કર્યું. જોકે મથુરામાં તપોભૂમિ માટે પસંદ કરાયેલી જગ્યા પર પુરાણકાળમાં ક્યારેક મહર્ષિ દુર્વાસાની તપોભૂમિ હતી પરંતુ તેને ઉચ્ચસ્તરના આધ્યાત્મિક પ્રયોગો માટે અનુકૂળ બનાવવા તેમણે વિશિષ્ટ આધ્યાત્મિક પ્રયત્નો કર્યા.

આ સ્થાપનાની સાથે જ ગાયત્રી તપોભૂમિમાં સાધનાસત્રોની શરૂઆત થઈ. તેની સાથે સાથે જ ગાયત્રી મહાઅભિયાનનાં અને ગાયત્રી ઉપાસનાનાં સામૂહિક આયોજનો થવા લાગ્યાં. દેશની રાષ્ટ્રીય મુશ્કેલીઓની શાંતિ માટે સ્વચ્છ ગાયત્રી મહાયજ્ઞનાં આયોજન કરવામાં આવ્યાં તેમાં (૧) ચાર વેદોના પારાયણ યજ્ઞ (૨) મહામૃત્યુંજય યજ્ઞ (૩) રુદ્ર યજ્ઞ (૪) વિષ્ણુ યજ્ઞ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(૫) શતચંડી યજ્ઞ (૬) નવગ્રહ યજ્ઞ (૭) ગણપતિ યજ્ઞ (૮) સરસ્વતી યજ્ઞ (૯) જ્યોતિષ્ટોમ (૧૦) અગ્નિષ્ટોમ. આમ અનેક યજ્ઞક્રિયાઓ સામેલ કરવામાં આવી. સમષ્ટિના (બધાંનાં) હિત માટે કરવામાં આવી. સમષ્ટિનાં (બધાંનાં) હિત માટે કરવામાં આવેલ આ એક વિરાટ આધ્યાત્મિક પ્રયોગ હતો. આચાર્યજીના શબ્દોમાં આ યજ્ઞના પુણ્યફળ પ્રાપ્તકર્તા કોઈ એક યજમાન કે સંયોજક નથી, પરંતુ આ સંકલ્પ સમસ્ત ગાયત્રી ઉપાસકો તરફથી કરવામાં આવ્યો છે.

ત્યારબાદ આગળનો પ્રયોગ તેમણે બ્રહ્માસ્ત્ર અનુષ્ઠાનરૂપે કર્યો. જેની પૂર્ણાહુતિ ઈ. સ. ૧૯૫૮ના સહસ્ત્ર કુંડીય મહાયજ્ઞમાં થઈ. સમગ્ર ગાયત્રી પરિવાર દ્વારા તેના કુલપતિ વેદમૂર્તિ તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્યના નિર્દેશન હેઠળ બ્રહ્માસ્ત્ર અનુષ્ઠાન પૂરું થયું. આ સવિતાશક્તિના સમૂહનો પ્રયોગ હતો. આ મહાપ્રયોગમાં સામેલ થવા માટે સાધકોએ એક વર્ષ પહેલાં જ ગાયત્રીનાં વિશેષ પુરશ્ચરણ શરૂ કર્યાં હતાં. અને ૧૯૫૮ના ઑક્ટોબર મહિનામાં ૪ દિવસ સુધી યજ્ઞ કરીને શરદપૂર્ણિમાના દિવસે પૂર્ણાહુતિ કરી. આ પ્રયોગ પછી ઈ. સ. ૧૯૬૦ની ૫મી જૂને પરમપૂજ્ય આચાર્યજીએ બીજીવાર હિમાલય જવા પ્રસ્થાન કર્યું.

સ્વતંત્ર ભારતની સમસ્યાઓની શોધમાં સંલગ્ન આચાર્યજી પણ એ નિષ્કર્ષ પર પહોંચ્યા કે રાષ્ટ્રીય અને વૈશ્વિક શક્તિને આંદોલિત કરવાનું સામર્થ્ય અધ્યાત્મમાં જ છે. જેને તેમના પૂર્વવર્તી મહાન તપસ્વીઓએ પણ સ્વીકાર્યું હતું. સ્વતંત્રતાની આસપાસના સમયગાળામાં થયેલ વૈજ્ઞાનિક વિકાસને કારણે આખું વિશ્વ એક કુટુંબમાં ફેરવાતું હતું (કુટુંબ બની ગયું હતું). સમસ્યાઓ પણ અનેક હતી. તેના સમાધાન માટે વિશાળ તપશક્તિની જરૂર હતી. એટલા માટે જ આચાર્યજીએ તે સમયે હિમાલય જવા પ્રસ્થાન કર્યું હતું. તેમની હિમાલયયાત્રાના પુનરાગમનની સાથે જ આખા વિશ્વ અને દેશમાં એક નવી સંક્રાંતિ જન્મ લઈ રહી હતી. આ મહાસંક્રાંતિ હતી. તેનું પરિદૃશ્ય અને સ્વરૂપ તેમજ વિસ્તાર વ્યાપક હતો. મહાસંક્રાંતિના આ મહાન પર્વમાં આખી દુનિયા એક નવીન યુગના ઉંબરે આવીને ઊભી રહી ગઈ.

## વિરાટને સંબોધન

*હે વિશ્વકર્મન્ ! આજે અમે તમારા સિંહાસનની સન્મુખ ઊભા રહીને આ વાત કહેવા આવ્યા છીએ કે અમારો સંસાર આનંદમય છે, અમારું જીવન ઉલ્લાસમય છે. આપે એ ઘણું સારું કર્યું કે અમને ભૂખ તરસના આઘાતથી જાગૃત રાખ્યા. તમારા જગતમાં, તમારી વ્યાપક શક્તિના અસીમ લીલાક્ષેત્રમાં અમને જગાડી રાખ્યા. એ પણ સારું થયું કે આપે અમને દુઃખ આપીને સન્માનિત કર્યા. વિશ્વના અસંખ્ય જીવોમાં જે દુઃખ તાપની અગ્નિ છે તેનાથી જોડીને અમને ગૌરવશાળી બનાવ્યા. તે બધાની સાથે અમો તમારી સમક્ષ પ્રાર્થના કરવા આવ્યા છીએ કે આપનું પ્રબળ સમર્થ હંમેશાં વસંતના દક્ષિણ પવનોની જેમ પ્રવાહિત રહે. આપના વિવિધ ફૂલોની સુગંધને લઈને આવતો પવન રાષ્ટ્રના શબ્દહીન, પ્રાણહીન, શુષ્કપ્રાયઃ જેવા આરણ્યકની બધી શાખાઓ-પાંદડાઓને હાલતા, આનંદિત, સુગંધિત કરે. અમારા હૃદયની પ્રસુપ્ત શક્તિ-ફળ-ફૂલમાં સાર્થક થવા માટે પ્રગટી ઊઠે.*

*અમારા મોહના આવરણને હટાવો, ઉદાસીની નિદ્રામાંથી અમને જગાડો. અહીં આ જ પળે અનંત દેશકાળમાં ધનવાન વિશ્વાચલની વચ્ચે અમે તમારા આનંદ રૂપને જોઈ શકીએ. આપણે પ્રણામ કરીને અમે સૃષ્ટિના તે ક્ષેત્રમાં પ્રવેશ મેળવવાની અનુમતિ માંગીએ છીએ, જ્યાં અભાવની પ્રાર્થના, દુઃખનું રુદન, મિલનની આકાંક્ષા અને સૌંદર્યનું નિમંત્રણ અને સતત આહ્વાન આપે છે. જ્યાં વિશ્વ માનવનો મહાયજ્ઞ અમારી આહુતિઓની પ્રતીક્ષા કરી રહેલ છે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંક્રાંતિપર્વના મહાનાયક

જેમના વિચારોથી આખી દુનિયા પ્રભાવિત થયેલી છે તેવા વર્તમાન સહસ્રાબ્દીના મહાનાયકોનાં નામ તથા વિગત છેલ્લા ત્રણ ચાર મહિનાથી અખબારોમાં જોવા મળે છે. આઈન્સ્ટાઈનથી માંડીને કાલમાર્ક્સ, લેનિનથી લઈને રુઝવેલ્ટ તથા મહાત્મા ગાંધી વગેરેનાં નામ આ યાદીમાં સામેલ છે. આ બધામાં એક જ વ્યક્તિ મોહનદાસ કરમચંદ ગાંધી કે જે મહાત્મા રૂપે પ્રસિદ્ધ થયા તેઓનું નામ જ નિરપવાદ રૂપે ઊભરીને સામે આવ્યું છે. અહિંસા અને સવિનય કાનૂનભંગના માધ્યમ દ્વારા એક આંદોલન કરીને પહેલાં દક્ષિણ આફ્રિકામાં અને પછી ભારતવર્ષમાં તેમના દ્વારા જે કાર્ય થયું તે અભૂતપૂર્વ હતું. જેનો સૂર્ય કદી અસ્ત થતો ન હતો તેવા મહાન સામ્રાજ્યના રહેવાસીઓને આઝાદ કરવા અને કરાવવામાં એક આધ્યાત્મિક સંત રાજનીતિમાં સક્રિય થઈને સફળ રહ્યો. જે સહસ્રાબ્દીમાં પશ્ચિમી સંસ્કૃતિની જ બોલબાલા હોય અને લોકોના વિચારોમાં વિજ્ઞાન અને ઉપભોગવાદ જ પ્રધાન્ય ધરાવતું હોય, લોકો જેને પશ્ચિમી સત્યતાની સહસ્રાબ્દી સાબિત કરવા માટે આતુર હોય તેવા સમયમાં મહાનભાવોની હોડમાં એક અડધા ઉઘાડા ભારતવાસી ફકીરનું સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરવું એક ગર્વનો વિષય છે.

પરંતુ જો આપણી યુગસંક્રાંતિનાં ત્રણ પર્વોના ત્રણ નાયક કબીર, સમર્થ રામદાસ, રામકૃષ્ણ પરમહંસની સાથે સાથે શ્રી અરવિંદ, સ્વામી વિવેકાનંદ અને અંતિમ મહાસંક્રાંતિના મહાનાયક પં. શ્રીરામ શર્મા આચાર્યજીનું નામ તેમાં સામેલ કરવામાં ન આવે તો તે શિખર પુરુષોની ચર્ચા અધૂરી જ છે. પહેલાં ત્રણ મહાપુરુષોએ મહાસંક્રાંતિનો પાયો નાંખ્યો તો સ્વામી વિવેકાનંદ અને યોગીરાજ શ્રી અરવિંદે તેને મજબૂત બનાવ્યો. લોકોનું સર્વેક્ષણ કે ઇન્ટરનેટ-પોલ શું કહે છે ? તેનાથી પ્રભાવિત થયા વિના આપણે તો એ વિચારોને નજર સમક્ષ રાખવાના છે જે વિચારોએ સહસ્રાબ્દીના પરિવર્તન સમયે આખા વિશ્વનો ભાગ્યોદય કરી તેને નવયુગના સ્વાગત માટે સમર્થ બનાવ્યા છે. આવનારી સદી જે વિચારોની શક્તિથી પ્રભાવિત થયેલ હશે અથવા તો ભવિષ્યના બુદ્ધિજીવીઓ જેની ગણતરી કરશે તેમનું દિગ્દર્શન આપણે આ મહાસંક્રાતિના મહાનાયક આચાર્યશ્રી શ્રીરામ શર્માના રૂપે કરીએ છીએ કે જેમણે પોતાના વિરાટ અભિયાન દ્વારા આખા વિશ્વને આંદોલિત કર્યું છે. (આખા વિશ્વમાં હલચલ મચાવી દીધી છે). આવનારી એક દશાબ્દીમાં તેનું વિરાટ સ્વરૂપ બધાને જોવા મળશે.

યુગ નિર્માણ યોજના, ગાયત્રી પરિવાર, યુગાંતરીય ચેતના, પ્રજ્ઞા અભિયાન, અખંડજ્યોતિ પરિવાર નામે ઓળખાતા આ મિશનની જ્યારે એક નિષ્પક્ષ વિચારકના રૂપમાં કોઈ પણ તેની સમીક્ષા કરશે તો તેને યુગઋષિના વિચારોની રોશનીમાં યુગપરિવર્તનની પ્રક્રિયાને સાકાર થતી જોવા મળશે. જ્યાં રોજ-બ-રોજ નવાં નવાં અનેક આંદોલનો એક વાવાઝોડાંની જેમ આવતાં હોય છે અને પાણીના પરપોટાની જેમ નષ્ટ થાય છે ત્યાં યુગ-નિર્માણનું આંદોલન સતત પ્રગતિ કરતું રહ્યું છે. સ્થૂળ શરીરે (નશ્વરદેહે) તેમના હાજર ન હોવા છતાં પણ આ આંદોલને ઘણી પ્રગતિ કરી છે. કારણ કે આ આંદોલનનું સંચાલન પરોક્ષ જગતમાંથી થાય છે. દૈવી ઇચ્છાનુસાર તેનો જન્મ થયો છે. પૂજ્ય ગુરુદેવે જાતે જ ૧૯૬૨ના 'અખંડ જ્યોતિ'માં લખ્યું છે- "યુગનિર્માણની આટલી મોટી વિશાળ યોજના કે જેમાં લોકમાનસને પલટાવી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દેવાનો અમારો સંકલ્પ છે તે આજે તો બિલકુલ અશક્ય જેવી જ લાગે છે, પરંતુ અમારો અંતરાત્મા કહે છે કે આ બધું થવાનું જ છે. (પાના નં. ૪૯)

યુગપરિવર્તનના વિચારો ધરાવનાર મહાપુરુષોના બાળપણથી જ તેમની મહાનતાના અણસાર દેખાવા માંડે છે. વીસમાં ત્રીસમા દશકમાં ગ્રામોદ્ધારથી માંડીને રાષ્ટ્રનિર્માણની વાતો પરતંત્ર ભારતમાં એક કિશોર - શ્રી રામ 'મત' કરતો હતો. પાછળથી તે જ વિચારો આચાર્યશ્રીના લખાણમાં સામાજિક પરિવર્તનની ચિનગારી રૂપે એક નાનકડા બીજથી શરૂ થઈ વિશાળ સ્વરૂપે ફેલાયેલાં કાર્યોના રૂપમાં જોવા મળે છે. તે સમયની પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ એક બ્રાહ્મણ વિધવાનું પુનર્લગ્ન, અન્ય જાતિમાં લગ્ન કરનાર મહિલાના સામાજિક બહિષ્કારથી સંઘર્ષ, કર્મકાંડોથી દૂર રહીને તર્કસંમત વિચારો રજૂ કરવા, પછાત ગણાતી જાતિના લોકોની મમતાભરી સેવા, સ્વાવલંબન માટેની રોજગારી વિકલ્પ રૂપે ગ્રામોદ્યોગ અને દુકાને - દુકાને ફરીને ગ્રામ્ય-સ્વચ્છતાથી માંડી ભારતની આઝાદીનો સંદેશ હેન્ડબિલ દ્વારા વહેંચનાર યુવાન શ્રી રામ 'મત'ના જીવનવૃત્તાંતમાંથી આપણે એક એવી ઝલક જોઈ શકીએ છીએ જે તેમની ક્રાંતિકારી લખાણોનો આધાર બની. (વહેંચનાર યુવાન શ્રી રામ 'મત' ના જીવનવૃત્તાંતમાંથી ક્રાંતિકારી લખાણોનો આધાર બનનાર ઝલક જોઈ શકાય છે).

સ્વાતંત્ર્યસંગ્રામ કોઈ નામ કમાવવાની આશા વિના એક સ્વયંસેવી સૈનિકના માધ્યમથી જ્યારે કઠોર તપશ્ચર્યા કરવામાં આવે છે - પોતાની ગુરુસત્તાના સૂચન મુજબ (આદેશ મુજબ) એક અખંડ ધૂણી ધખાવીને ચોવીસ લાખનાં ચોવીસ મહાપુરશ્ચરણ કરવામાં આવે છે. એક ક્રાંતિની આગ જગાડનાર) આત્મશોધ અને આત્મ-ઉત્થાન દ્વારા સમાજ તથા દેશની વાત કહેનારી 'અખંડ જ્યોતિ' પત્રિકાની શરૂઆત કરવામાં આવે છે, દુનિયાભરનાં ભોગ-વિલાસ અને સુખોને એક તરફ હડસેલીને માત્ર સમાજના ઉદ્ધાર માટે અને લોકોમાં સત્‌યુગી ઉલ્લાસ પ્રસારવાનો સંદેશ પહોંચતો દેખાય છે ત્યારે વિશ્વાસ દૃઢ બને છે. આચાર્ય શંકરની વિદ્વત્તાના, મહાત્મા બુદ્ધની કરુણતાના, કબીર જેવા ફક્કડપણાના, ઠાકુર શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવી વિદ્યા વિસ્તાર યોજના અને વિવેકાનંદ જેવા સંન્યાસી યોદ્ધા (લડવૈયા)નો સમન્વય આપણને આચાર્યશ્રીમાં જોવા મળે છે.

ગાયત્રીને લોકસુલભી (લોકભોગ્ય) બનાવીને એક પ્રકારે આખી દુનિયાને આ અમૃતરસાયણ દ્વારા અણઘડમાંથી સુઘડ બનાવવાની યોજના નવી સૃષ્ટિનું સર્જન કરનાર વિશ્વામિત્ર જેવા બ્રહ્મર્ષિની કલ્પના કરતાં સહેજ પણ અલગ નથી. પરંતુ તેનું આધુનિક સંસ્કરણ માત્ર જ છે. સમગ્ર આર્ષ વાઙ્મય બહુ ઓછી કિંમતે સરળ ભાષામાં દરેક ધર્મપ્રેમી જિજ્ઞાસુઓ માટે સુલભ બનાવવામાં તેમના વિષય પ્રત્યેના ઊંડાણની જ નહીં પરંતુ સાથે સાથે વૈદિક સંસ્કૃતિના પુનરોદ્ધાર માટેની એક અવતારી ચેતનાનું પ્રતીક પણ છે. જ્યાં એક તરફ 'સુનસાન કે સહચર' અને 'અમારું વિલ અને વારસો' જેવાં ક્રાંતિકારી સાહિત્ય તેમની કલમના તાબે થવા વિવશ બનાવી દે છે તો બીજી તરફ 'વૈજ્ઞાનિક અધ્યાત્મવાદ' રૂપી દાર્શનિક સાહિત્ય એકવીસમી સદીમાં બધાને માટે માનવધર્મનું પાલન કરવાની પ્રેરણા પણ આપે છે. શાંતિકુંજ - બ્રહ્મવર્ચસ્ - ગાયત્રી તપોભૂમિ, અખંડ જ્યોતિ સંસ્થાન, યુગતીર્થ આંબલખેડા સહિત લગભગ સાડા પાંચ હજાર કરતાં પણ વધારે જનજાગૃતિ કેન્દ્રોનું નિર્માણ કરવું એક એવો પુરુષાર્થ છે કે જેની કોઈ બરાબરી કરી શકે નહીં. દેશમાં જ નહીં પરંતુ પરદેશમાં પણ ગામડે ગામડે ગાયત્રી યજ્ઞ સંસ્કારની ત્રિવેણી પહોંચાડવી, નાના નાના દીપયજ્ઞોથી માંડીને એકકુંડીય - પાંચકુંડીય ગાયત્રી યજ્ઞો, શતકુંડી, સહસ્રકુંડી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મહાયજ્ઞો, સંસ્કાર મહોત્સવોથી માંડીને અશ્વમેધિક ધર્માનુષ્ઠાનો દ્વારા ધર્મધારણાનો વિસ્તાર એક યુગનાયકના આદર્શોને હિમાલય ઉપર પહોંચાડી દે છે. નાનાં-મોટાં ૩૨૦૦ પુસ્તકો લખીને હજારો વિચારોકોને પ્રેરણા આપી તેમને રચનાત્મક લખાણની દિશા અગ્રેસર બનાવવા તે હિંદી જગત અને પ્રાદેશિક સ્તરની તમામ ભાષાઓ માટે એક અકલ્પ્ય પરાક્રમ છે.

એક અભિનવ (નવીન) સ્તરના વિચારોને પ્રત્યક્ષવાદના સ્તરે પ્રમાણિત કરવા માટે પ્રયોગશાળાની સ્થાપના, શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે યોગ-સાધનાઓ, મંત્રવિજ્ઞાન, વનઔષધિ વિજ્ઞાનને પ્રામાણિક (યોગ્ય, ઠેરવવાનો તેમનો પ્રયાસ તેમને એક ઉચ્ચ સ્તરના વૈજ્ઞાનિક સાબિત કરે છે. તો બીજી તરફ પ્રજ્ઞાપુરાણ જેવા ગ્રંથ તેમને એક દૃષ્ટા સ્તરના (એક વિદ્વાન કક્ષાના) બુદ્ધિશાળી હોવાની વાત કહે છે. ઉજ્જ્વળ ભવિષ્યના પ્રવક્તા આચાર્યશ્રી પોતાના જીવનના પ્રારંભકાળથી જ (૧૯૪૨) કે જ્યારે તેમની 'અખંડ જ્યોતિ' પત્રિકાને માત્ર પાંચ જ વર્ષ થયાં હતાં, ત્યારથી જ સત્‌યુગ પાછો આવશે એમ કહે છે - આમ તેઓ સમાજનું નિર્માણ કરવાની સાથે સાથે પોતાના અથાગ પુરુષાર્થથી પોતાની સામે જ પાંચ કરોડથી પણ વધારે લોકોને આદર્શોના મોરચા ઉપર ઊભા કરી શકે છે. સમાજ માટે દસ લાખથીયે વધુ સમય તથા સાધન દાન દેનાર યુગસૈનિકોનું નિર્માણ અને તેમના માધ્યમ દ્વારા બે કરોડ પ્રતિભાઓની સજાવટ કરી (તૈયાર કરી) તેમને નવર્સજનના કામે લગાડવા કોઈને માત્ર કાગળ પરની યોજના (શેખચલ્લીની વાતો) જ લાગે, પરંતુ જ્યારે આખા સમૂહ દ્વારા આ કાર્ય કરવામાં આવે ત્યારે આ સહસ્રાબ્દીના યુગનાયક દ્વારા વાસ્તવમાં એક અભૂતપૂર્વ પુરુષાર્થ પૂર્ણ થયો હોય તેમ લાગે છે.

૧૯૬૨માં જ્યારે સમગ્ર ભારત દેશ અષ્ટગ્રહયોગની ભયાનકતાથી ભયભીત હતો ત્યારે આચાર્યશ્રીએ સંદેશ આપ્યો હતો કે "આ યોગ વિકાસનો સંદેશો લઈને આવ્યો છે." યુગપરિવર્તન એક કલ્પના માત્ર જ નથી પરંતુ સમયની પ્રેરણા છે. તેના વિના મનુષ્યનું કલ્યાણ કે વિશ્વનો ઉદ્ધાર શક્ય નથી. આ યોગ ધાર્મિકતા, આસ્તિકતા, વિસ્તાર અને માનવતાનો સંદેશો લઈને આવ્યો છે. (અખંડ જ્યોતિ માર્ચ ૧૯૬૨ પાના નં. ૩૭) તે સમય દરમ્યાન જ યુગનિર્માણ સત્સંકલ્પના રૂપમાં નવયુગના સંવિધાનની જાહેરાત કરવામાં આવી. ચીન સામેના યુદ્ધમાં ઝઝૂમી રહેલા રાષ્ટ્રને યુગ ધર્મનો આભાસ કરાવતાં તેમણે અનેક પ્રમાણો અને સાબિતીઓના માધ્યમથી લોકોના મનમાં ઉજ્જ્વળ ભવિષ્ય માટે ઉલ્લાસ ભરી દીધો. વિચારોની શક્તિ દ્વારા સામાજિક સ્તરે એક બહુ જ મોટી ક્રાંતિની શરૂઆત કરી તેને 'જ્ઞાનયજ્ઞ' નામ આપીને આખા દેશ અને સમાજને તેના શિષ્ય બનાવી દેવો તે એક એવું કાર્ય છે કે જેની ગણતરી (તપાસ) કદાચ નવી સહસ્રાબ્દીના બુદ્ધિજીવીઓ જ કરી શકશે. આ મહાસંક્રાંતિ પર્વનો સમય જ એવો છે કે અરૂણોદય એકદમ નજીક છે. નવયુગના સૂર્યનો ઉદય થવાનો જ છે, ઉષાકાળના પ્રાતઃકાલીન સ્વર્ણીમ સૂર્યોદયની હવે ઘડીઓ ગણાઈ રહી છે. અત્યારે આ સમયે જ્યારે આપણે નવીન સહસ્રાબ્દી કે જે ૨૦૦૧થી શરૂ થઈ રહી છે અને વિક્રમ સંવતની એકવીસમી સદીના મધ્યકાળને પસાર કરીને જ્યારે આપણે સંવત ૨૦૫૭-૨૦૫૮માં પ્રવેશ કરી રહ્યાં છીએ ત્યારે આ મહાસંક્રાંતિના મહાનાયક આચાર્ય શ્રીરામ શર્માજીના પુરુષાર્થને સ્મરણ કરવાની સાથે સાથે તેમના દ્વારા ઘોષિત સત્‌યુગના ભવિષ્યવાણીનું પણ મહાપૂર્ણાહુતિ વર્ષ આગામી હીરક જયંતી (અખંડ દીપક) વર્ષ દ્વારા કરવાના છીએ. આ મહાન ક્ષણોના સાક્ષી બનવાનું સૌભાગ્ય આપણને સાંપડ્યું છે (જગતમાં આપણા કરતાં કોણ વધારે સૌભાગ્યશાળી હશે જેઆમહાન ક્ષણોના સાક્ષી બનશે ?)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહાસંક્રાંતિનું મહાન પર્વ

ત્રણ સંક્રાંતિ પર્વ પૂરાં કર્યા પછી ચોથા, અંતિમ મહાસંક્રાતિ પર્વનો સમય આવી પહોંચ્યો. ચારે બાજુથી મોટેભાગે એકસરખો અવાજ આવી રહ્યો હતો કે નવો જમાનો આવવાનો છે. નવો યુગ આવી રહ્યો છે - પરંતુ વિશ્વસ્તરે ચોથા અને પાંચમા દશકમાં આવી રહેલાં પરિવર્તનો કોઈને પણ નિરાશ કરે તેવાં હતાં. ચોથા દશકમાં જ્યાં એક તરફ વિશ્વયુદ્ધ ચર્ચાનો વિષય હતું તો બીજી તરફ 'અખંડ જ્યોતિ' પત્રિકાની શુભ શરૂઆતે અખંડ દીવાની સાક્ષીએ ચાલી રહેલ એક તપે અધ્યાત્મ જગતમાં પરોક્ષ સ્તરે એક વિલક્ષણ ભૂમિકા રચવાનું શરૂ કરી દીધું હતું. આ કાર્યને કદાચ ભલે કોઈ જોઈ શક્યું હોય પરંતુ તત્ત્વવેત્તાનો પરોક્ષ અભ્યાસ કરનાર મનીષી શ્રી અરવિંદ અને શ્રી રમણ મહર્ષિ તેને ફક્ત જોઈ જ નહોતા રહ્યા પરંતુ ઋષિચેતના દ્વારા સંચાલિત તે કાર્યમાં ભાગીદાર પણ બન્યા હતા.

ભારતને રાજનૈતિક સ્તરે આઝાદી ઈ. સ. ૧૯૪૭માં મળી પરંતુ તેના પ્રયાસો તો બહુ પહેલાં ઈ. સ. ૧૮૫૭માં ગદરપાર્ટીના માધ્યમથી ઈ. સ.૧૮૯૩થી ૧૯૦૨ સુધી સ્વામી વિવેકાનંદના સિંહનાદના માધ્યમ દ્વારા ૧૯૯૬-૯૭માં ગાંધીજીના ચંપારણ્ય સત્યાગ્રહ દ્વારા, બેરિસ્ટરથી મહાત્મા બનવાની પ્રક્રિયા દ્વારા તથા ૩૧ માર્ચ, ૧૯૩૧માં ભગતસિંહ સુખદેવ અને રાજગુરુને લાહોરમાં અપાયલ ફાંસીના માધ્યમથી શરૂ થઈને ૧૯૪૨માં વેગ પકડી ચૂક્યા હતાં. આ વર્ષ હતું ભારત છોડો આંદોલનનું. જેની જાહેરાત ૮મી ઓગસ્ટે કરવામાં આવી. એ જ વર્ષે આપણી આરાધ્યસત્તા પરમુજય ગુરુદેવ પં. શ્રીરામ શર્મા આચાર્યજી દ્વારા તેને એકવીસમી સદી (વિક્રમ સંવત ૨૦૦૦)ના આગમનના સમયમાં સત્યુગના-નવયુગના આગમનનું વર્ષ કહેવાયું. જ્યાં એકતરફ જાન્યુઆરી ૧૯૪૩નો અખંડ જ્યોતિ અંક 'સત્યુગ અંક' રૂપે છપાયો પ્રકાશિત થયો ત્યાં બીજી તરફ જાન્યુઆરી ૧૯૪૩નો અંક સંવત ૨૦૦૦ અંક રૂપે "સંદેશ નહીં મૈં સ્વર્ગલોક કો લાઈ. ઈસ ભૂતલકો હી સ્વર્ગ બનાને આઈ"ની ઉદ્દઘોષણા કરનાર અખંડ જ્યોતિ પત્રિકાએ હવે મુક્તપણે નવયુગની સમગ્ર ધરતી માટે ઉજ્જવળ ભવિષ્યના આગમનનું સમર્થન કરવું શરૂ કરી દીધું હતું જે આવનારાં ૨૪ વર્ષોમાં તો ગતિ પકડતાં પકડતાં (આવનારાં ૨૪ વર્ષોમાં તેનો વિકાસ થતાં થતાં) 'મહાકાળની યુગ પ્રત્યાવર્તન પ્રક્રિયા' રૂપે પરિવર્તિત થતો ગયો.

૧૯૪૨ના જાન્યુઆરીના વિશેષાંકમાંથી એક નાનાકડો અંશ અહીંયાં લેવામાં આવ્યો છે" આવનાર આવી રહ્યો છે, તે ખરેખર આવી રહ્યો છે. કારણ કે આવવા માટે પ્રતિજ્ઞાબદ્ધ છે માટે આવી રહ્યો છે. સજ્જનોની રક્ષા કરવી તથા દુર્જનતાનો વિનાશ કરવાની જવાબદારી તેની છે. આનાથી વધારે ખરાબ સમય બીજો કયો આવવાનો હતો કે જેની રાહ જોઈને તે બેસી રહે ? પાપ અને પશુતાની વેદનાથી પીડિત જગતજનની આદ્યશક્તિ આંખોમાંથી આંસુ વહાવી રહી છે. ભગવાન તેને આશ્વાસન આપતાં કહી રહ્યાં છે - હું આવી રહ્યો છું. સ્વાર્થ અને અસત્યના સામ્રાજ્યનો નાશ કરવા માટે બુદ્ધિજીવી આત્માઓમાં સ્ફુરણા જાગૃત કરીને પ્રકાશનાં સોનેરી કિરણો જ્યોત પ્રગટાવવા માટે હું આવી રહ્યો છું. ભક્તો ! ગભરાઓ નહીં, હું આવી રહ્યો છું." એક પ્રચંડ સંકલ્પશક્તિની સાથે એકવીસમી સદીના આગમનની પ્રક્રિયા શરૂ થઈ. લગભગ ૬૦ વર્ષોમાં પૂરી થવાની વાત ગુરુદેવ આજથી લગભગ અઠાવન ઓગણ સાઠ વર્ષ પહેલાંથી કહેતા આવ્યાં છે.

નવયુગના આગમન સમયે સંક્રાંતિના અમુક દુઃખ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને પીડાની પરાકાષ્ઠાની વર્ષા દરેક યુગે લોકોને સહન કરવી પડે છે. આપણે પણ ગયેલાં (વીતેલાં) ૬૦ વર્ષોમાં તેનો સામનો કરવો પડ્યો છે. પહેલી ત્રણ સંક્રાંતિ દરમ્યાન જે પ્રક્રિયા ચાલતી હતી તેમાં બૌદ્ધિક ગુલામીની સાથે સાથે રાજનૈતિક ગુલામી હોવાને કારણે ( તે એકજૂથ ન થઈને) (ક્રાંતિકારી આંદોલનો સમૂહમાં ન થઈને) ફક્ત નાના મોટાં છમકલાં રૂપે થતી રહી છતાં પણ તેણે એક વાતાવરણ જરૂર ઊભું કર્યું હતું. તે સમયે લોકોએ જે દુઃખ અને પીડા વેઠવી પડી તેના કરતાં પણ વધારે દુઃખ અને પીડા વીસમી સદીના ઉત્તરાર્ધના ૬૦ વર્ષોમાં ભોગવવી પડી. અને તેથી જ 'અખંડ જ્યોતિ' માધ્યમથી મહાકાળનો સંદેશવાહક કહે છે. - "ભગવાન ભૂતનાથ પોતાની ચતુરંગિણી સેના સાથે નયા યુગના સ્વાગતની તૈયારીમાં લાગી ગયાં છે- ગૌરીવલ્લભે આનંદવિભોર થઈને પોતાનું ત્રીજું નેત્ર ખોલી નાખ્યું છે અને સદીઓથી (યુગોથી) સગ્રંહાયેલ ઝેરના કેટલાંક ટીપાં નીલકંઠમાંથી કાઢીને આ પાપપંક પર છાંટી દીધી છે. જેથી વધેલાં ઝાડી-ઝાંખરાં સળગી જાય અને કાંટાળી ભૂમિ સાફ થઈ જાય. કેટલાયે વીરભદ્રો પોતાના ગગનચુંબી પાવડા સાથે આ કાર્યમાં જોડાયેલા છે જેથી સફાઈ થઈ જાય કારણ કે અવતાર આવી રહ્યો છે. સ્વાગત માટે સફાઈ જરૂરી છે." (અખંડ જ્યોતિ જાન્યુઆરી, ૧૯૪૨ પાના નં ૬)

એક જ સંદેશ હતો કે 'આ વેળામાં પોતાંની આત્મખોજ કરો. પોતાની ખરાબ ભાવનાઓને ઝીણવટથી શોધી કાઢી તેને દૂર કરો. પોતાનું જીવન યજ્ઞમય બનાવી દો. શ્રેષ્ઠ સાધક બનો અને મોઢાને હંમેશાં ધર્મમય વિચાર પ્રસાર કરવાવાળું એક પ્રકારનું જીવંત ધર્મશાસ્ત્ર બનાવી દો. એક થી દસ સુધી પહોંચીને આ વિચારક્રાંતિની આગ લોકો સુધી ફેલાવી દો. (અખંડ જ્યોતિ જાન્યુઆરી, ૧૯૪૩) માં એક ગૌરવપૂર્ણ વાત છે. આઝાદીના પૂર્વકાળમાં જ્યારે ચારે તરફ ઊથલપાથલ થઈ રહી હતી, બીજું વિશ્વયુદ્ધ તેની પરાકાષ્ઠા પર હતું. રોજ-બ-રોજના (દૈનિક) ઉપયોગી સાધનોનો દુકાળ પડી રહ્યો હતો. એક પરોક્ષ જગતમાંથી આધ્યાત્મિકક્રાંતિની શરૂઆત થઈ રહી હતી. જેના સહારે નવયુગના અવતરણની સાથે સાથે ફક્ત ભારત જ નહીં પરંતુ આખા વિશ્વને સંસ્કૃતિમય બનાવે તેવા વિકલ્પની જરૂર હતી. એક નાનકડી શરૂઆત - ઉજ્જ્વળ ભવિષ્યની સાથે સાથે વ્યક્તિ-નિર્માણની પ્રક્રિયાનું બીજારોપણ-એક સુસંસ્કૃત સમાજ માટે સાચી એકતાના નિર્માણનું કાર્ય શરૂ થઈ ચૂક્યું હતું. બહુ નાના પાયા પર હોવાને કારણે ઇતિહાસવેત્તાઓની નજરમાં તો તે આવી શકી નહીં, પરંતુ જે કોઈ તેને જોઈ રહ્યાં હતા તે પોતાની સૂક્ષ્મ દૃષ્ટિ દ્વારા તેને સમજી રહ્યા હતાં અને ભાગીદારી પણ કરી રહ્યા હતા.

લાંબા સમયની પ્રતીક્ષાને અંતે ઈ. સ. ૧૯૪૭માં ભારતને આઝાદી મળી. ૧૯૪૮માં મહાત્મા ગાંધી તથા ૧૯૫૦ શ્રી અરવિંદ તથા સરદાર વલ્લભભાઈ પટેલના મહાપ્રયાણના કઠોર આઘાત સહન કરવા પડ્યા. મહાસંક્રાંતિના મહાનાયક આચાર્ય શ્રીરામનો પુરુષાર્થ અવિરત ગતિએ (નિર્બંધપણે) ચાલી રહ્યો હતો. તે સમય દરમ્યાન ૧૪મી મે, ૧૯૪૮ના દિને યહૂદી રાષ્ટ્ર ઈઝરાયલનો જન્મ થઈ ચૂક્યો હતો અને ભવિષ્યની પાંચ દશાબ્દીઓમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવનારી નાટો' ની સ્થાપના ૧૯૪૯ની ૪ એપ્રિલે થઈ ચૂકી હતી. ભવિષ્યમાં એક મહાશક્તિના પતન તથા પૂર્વના દેશો વિશેષ કરીને ચીન, જાપાન અને ભારતની પ્રગતિની ભૂમિકા નિભાવનારા શીત યુદ્ધની શરૂઆત તેના દ્વારા થઈ ચૂકી હતી.

ઈ. સ. ૧૯૫૩નું વર્ષ એક યુગાંતરકારી વર્ષ કહી શકાય. જ્યાં એક તરફ પ્રથમ પ્રજાતંત્રની સ્થાપનાની સાથે જ દેશવાસીઓ આઝાદીના વાતાવરણમાં શ્વાસ લેવા માંડ્યા હતા, ત્યાં બીજી તરફ શેરપા તેનસિંગ નોર્કે અને એડમંડ હિલેરીએ વિશ્વના સૌથી ઊંચા પર્વત હિમાલયના સૌથી ઊંચા શિખર ગૌરીશંકર (માઉન્ટ એવરેસ્ટ) સર કર્યું. તેમનું આ આરોહણ એક જીજીવિષા, એક સંકલ્પનું પ્રતીક બની ગયું અને આધ્યાત્મિક સ્તરે એક વિશિષ્ટ પુરુષાર્થ તે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વખતે થયો કે જ્યારે તે જ વર્ષે ગાયત્રીજયંતીના પવિત્ર દિવસે ગાયત્રી તપોભૂમિ મથુરાની વિધિવત્ સ્થાપના કરીને ગુરુસત્તાનાં ચોવીસ લક્ષના ચોવીસ મહાપુશ્ચરણોની પૂર્ણાહુતિની વિધિ પૂરી થઈ. અહીંયાં ૨૪ દિવસના પાણી પર ઉપવાસ કર્યા પછી પરમપૂજ્ય ગુરુદેવે પ્રથમ ગુરુદીક્ષા આપી અને ગાયત્રી મહાશક્તિ તથા યજ્ઞવિજ્ઞાનના બે સ્તંભ દ્વારા દેવસંસ્કૃતિને ચારે દિશાઓમાં ફેલાવવાનો સંદેશ પણ ગુંજતો થયો. મહર્ષિ દુર્વાસાની તપોભૂમિ પર અખંડ અગ્નિ અને ચોવીસસો તીર્થોની જળરજ દ્વારા સ્થાપિત ગાયત્રી તપોભૂમિ ઈ. સ. ૧૯૫૮ના સહસ્રકુંડી યજ્ઞની સાક્ષી બની. આ એક વિલક્ષણ બાજપેય સ્તરનું અશ્વમેધિક અનુષ્ઠાન હતું. જેણે ચેતના જગતમાં પ્રચંડ વિસ્ફોટ કરીને શૌર્યશક્તિની સમૂહ દ્વારા એ શક્તિનું ઉત્પાદન કર્યું જે વિરાટ ગાયત્રી પરિવારના પાયા રૂપ બની. એ સમયે જ્યારે રશિયા અને અમેરિકા રૂપી બે મહાશક્તિઓ અંતરિક્ષમાં પોતાનો પગપેસારો કરી રહી હતી ત્યારે અમારી ગુરુસત્તા સૂર્યદેવની સૂક્ષ્મ હલચલોનું અધ્યયન કરી તેના આધિદૈવિક અને આધ્યાત્મિક સ્વરૂપ દ્વારા યુગ પરિવર્તનનો મુખ્ય આધાર બનનારી પ્રક્રિયામાં વધારે ને વધારે વ્યક્તિઓને કાર્યશીલ બનાવી રહી હતી.

આ મહાસંક્રાતિના પ્રારંભિક ચરણનો મૂળ આધાર ગાયત્રી મહાવિદ્યા જ છે કે જેને આચાર્યશ્રીએ પ્રતિબંધોથી મુક્ત બનાવી લોકભોગ્ય બનાવી દીધી. ન્યાતજાત અને ધર્મ તથા લિંગભેદની વિષમતાઓથી ભરેલા સમાજમાં ધર્મધુરંધરોનો વિરોધ હોવા છતાં પણ ગાયત્રી મહામંત્રને દરેક મનુષ્ય માટે બ્રાહ્મણત્વ પામવા માટેનું સાધન બનાવી દેવું તે આ દશાબ્દીની જ નહીં પરંતુ સહસ્રાબ્દીની એક મહત્ત્વપૂર્ણ ઘટનાની ઉપલબ્ધિ છે. અનેક સંદર્ભો અને શાસ્ત્રોક્ત પ્રમાણો સહિતના ગાયત્રી મહાવિજ્ઞાનના રૂપમાં એક વિશ્વકોશ સ્તરના ગ્રંથનું નિર્માણ કરવું તે અમારી અવતારી ગુરુસત્તાનો પ્રચંડ પુરુષાર્થ જ કહી શકાય કે જે લોકોને સન્માર્ગ અને પ્રગતિશીલતાના પથ પર લઈ જનાર સાબિત થશે.

ઈ. સ. ૧૯૬૦ આવતાં આવતાં તો સમગ્ર વિશ્વસ્તરે સમસ્યાઓ વધી રહી હતી. ભારત વિષમ પરિસ્થિતિઓમાં પણ આગળ વધી રહ્યું હતું ત્યાં જ દલાઈલામાને રાજનૈતિક આશ્રય (૩૧-૫-'૫૯) આપવાથી ચીન સાથેના કડવા સંબંધો થયા અને ઈ. સ. ૧૯૬૨ના ૧૯મી સપ્ટેમ્બરે ચીને ભારતની સરહદ પર આક્રમણ કર્યું. પારાવાર નુકસાન અને ભારતની જમીનના ટુકડાઓ ગુમાવવાની સાથે તે દિવસોમાં ભારતવર્ષે શીત યુદ્ધના અણસારો જોયા. ૨૦મી ઓગસ્ટ, ૧૯૬૯માં બર્લિનની દીવાલ ઊભી થઈ જેને અંતે ૧૯૮૯માં પડવાનું જ હતું. પરંતુ તેના નિર્માણની સાથે જ તાનાશાહી, માર્ક્સવાદી, સામ્યવાદ અને સાંસ્કૃતિક ક્રાંતિનાં તોફાનોથી ઘેરાયેલું ચીન મૂડીવાદી અમેરિકા તથા પશ્ચિમ યુરોપને ખુલ્લંખુલ્લાં પડકારી રહ્યું હતું. આ દિવસો દરમ્યાન જ સન ૧૯૫૯, ૬૦,૬૧માં પરમપૂજ્ય ગુરુદેવ પ્રચંડતપ માટે હિમાલય ચાલ્યા ગયા. આર્ષગ્રંથોના પુનરુદ્ધારથી માંડીને કઠોર તપશ્ચર્યા દ્વારા તેમણે વાતાવરણની સફાઈ કરવાની પ્રક્રિયા પૂરી કરી. ચીન સાથેના યુદ્ધ દરમ્યાન ભારતવાસીઓને રાષ્ટ્રધર્મ નિભાવવાની સાથે સાથે વિશિષ્ટ સાધનાઓ પણ કરાવી. પંચકોશી સાધનાઓનાં શૈક્ષણિક સત્રો પણ ગાયત્રી તપોભૂમિ પર થવા લાગ્યાં. યુગનિર્માણ યોજનાના સૂત્રધાર આપણા પરમપૂજ્ય ગુરુદેવે હિમાલયમાંથી પાછા ફરતાં જ યુગપરિવર્તનની પ્રક્રિયાના પ્રાણ સ્વરૂપ યુગ નિર્માણ સત્સંકલ્પની જાહેરાત કરી. નવયુગના બંધારણ રૂપે પ્રસારિત થયેલ આ ઘોષણાપત્રનાં ૧૮ સૂત્રોમાં ગીતાના અઢાર અધ્યાયોનો સાર છુપાયેલો છે. મહાસંક્રાંતિના મહાનાયકે મહાસમરની ઘોષણા કરીને વૈશ્વિક સ્તરે ચાલી રહેલ ઘટનાક્રમોની પૃષ્ઠભૂમિમાં ભારતવર્ષની નવી ભૂમિકા રજૂ કરી દીધી હતી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## ગીતાજયંતીના સંદર્ભમાં

# ગીતા વાંચવી અને સમજવી એટલી સહેલી નથી

ભગવદ્‌ગીતા વિશે સામાન્ય ધારણા છે કે એ સંન્યાસીઓ અને વૈરાગીઓનો ગ્રંથ છે. વિચારશીલ અને અધ્યયનશીલ વ્યક્તિ માટે એ જ્ઞાન, વૈરાગ્ય અને કર્મનો માર્ગ શીખવનાર શાસ્ત્ર છે. તેઓ એનું નિયમિત અધ્યયન કરે છે. તેમ છતાં એ સાચું છે કે ગીતા વૈરાગ્ય કે વીતરાગના ભાવને જન્મ આપે છે. સંસાર પ્રત્યે ઉપરામ કરે છે. તેથી વાલીઓ પોતાનાં બાળકોને ગીતા વાંચતાં રોકે છે.

એક અધ્યયન અનુસાર કિશોરવયમાં જ સંન્યાસ તરફ વળતા ૮૦ ટકા સાધુમહાત્માઓ માટે ગીતા જ પ્રેરક રહી છે. કેટલાક સમીક્ષકો એ ધારણાને જ રદિયો આપે છે કે ગીતા વૈરાગ્યભાવને જન્મ આપે છે. એમનો તર્ક હોય છે કે શ્રીકૃષ્ણ પાસેથી આ ઉપદેશ સાંભળ્યા બાદ અર્જુન વૈરાગ્યથી વિમુખ થઈને કર્મ અને યુદ્ધમાં પ્રવૃત્ત થઈ ગયો હતો. યુદ્ધમાં પોતાનાં સગાંસંબંધીઓને સામે ઊભેલાં જોઈને અર્જુન કહેવા લાગ્યો હતો કે હે કૃષ્ણ ! મને વિજય જોઈતો નથી, નથી રાજ્ય જોઈતું કે નથી સુખ જોઈતું, અમને રાજ્યથી સુખભોગથી કે જીવિત રહીને પણ શું કરવાનું છે. (ગીતા ૧/૩૨) આચાર્ય મધુસુદન સરસ્વતી ગીતા પર તેમની ટીકામાં લખે છે કે એ પછી અર્જુન સંન્યાસી થવા લાગ્યો હતો. શ્રીકૃષ્ણના ઉપદેશે તેને સંન્યાસથી વિમુખ અને યુદ્ધમાં પ્રવૃત્ત કર્યો.

જે શાસ્ત્ર સંન્યાસીને યોદ્ધા બનાવી શકે છે તે સંસારી વ્યક્તિને વૈરાગી કેવી રીતે બનાવશે ? આ તર્કમાં બળ છે, પરંતુ એ પણ એક તથ્ય છે કે ગીતાનું સપાટ અધ્યયન વ્યક્તિને સંસાર અને કર્મ પ્રત્યે ઉદાસીન બનાવે છે. કારણ એ છે કે ગીતાના ઉચ્ચકોટિના સિદ્ધાંતો અને ગૂઢ પ્રતિપાદનો ઉપયુક્ત સાધકોના ચિત્તને જ પ્રગતિની દિશામાં પ્રેરિત કરે છે. સામાન્ય લોકોના મન-શરીર નશ્વર છે, આત્મા અવિનાશી છે, એ અજર-અમર છે, તેને નથી ભૂખતરસ લાગતી કે નથી જરા-મૃત્યુનો ભય થતો વગેરે ઉપદેશ પકડી લે છે. જેમને એમના સહારે પોતાના આળસુપણાને આધાર આપવાનો હોય છે તેઓ આ સિદ્ધાંતોને દોહરાવતા રહે છે. ઓછું ભણેલા કે અધ્યયન-મનન સાથે કોઈ સંબંધ ન રાખનારા સાધુબાવા પણ એ આશયના શ્લોકોનું ઉદાહરણ આપે છે અને એવી જ વ્યાખ્યા કરતા રહે છે.

ડૉ. રાધાકૃષ્ણન અનુસાર ગીતા ફક્ત અધ્યયન કે વ્યાખ્યાનનો વિષય નથી. એને લખવાનો ઉદ્દેશ પણ એવો નથી. એ સાધકો માટે લખવામાં આવેલ ગ્રંથ છે. એક વિશિષ્ટ માર્ગ પર ચાલતા સાધકોનું જ નહીં, બધા ધર્મસંપ્રદાયોના અનુયાયીઓનું માર્ગદર્શન કરે છે. કેટલાક વિદ્વાનોના મતે ગીતાનો સંપૂર્ણ ઉપદેશ યુદ્ધના મેદાનમાં જ આપવામાં આવ્યો નથી. બીજા અધ્યાયના કેટલાક શ્લોકો જ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યા હશે, જેમાં આત્માના અજર-અમર અને શરીરના મરણધર્મી હોવાની વાત કહેવામાં આવી છે. મનુષ્યનું નિમિત્તમાત્ર હોવું અને જે કંઈ થઈ રહ્યું છે તે પરમાત્મા દ્વારા જ થતું હોવાનો ઉપદેશ પણ એ વિદ્વાનોના મતે યુદ્ધના મેદાનમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપવામાં આવ્યો હશે. બસ આથી વધારે ત્યાં કહેવાનો સમય નહોતો અને મનઃસ્થિતિ પણ નહોતી. આ વિદ્વાનોના મતે ધ્યાન-ભક્તિ-સમર્પણ, દૈવી અને આસુરી સંપદા તથા ત્રણેય ગુણોનું વિવેચન પછીથી જોડવામાં આવ્યું. પરમાત્માનું વિરાટ રૂપ અને વિભૂતિયોગ જેવા પ્રસંગો પણ કવિકલ્પનામાંથી નીકળ્યા હશે.

આ વિદ્વાનોના મતમાં દમ લાગે છે. પરંતુ બીજા રહસ્યદર્શી વિદ્વાનો માને છે કે ગીતાનો ઉપદેશ બોલીને આપવામાં આવ્યો નથી. સાતસો શ્લોકોના આ કાવ્યનું સ્પષ્ટ ઉચ્ચારણ સાથે વાંચન કરવામાં જ અઢીથી ત્રણ કલાક થાય છે. મહાભારતનું યુદ્ધ જ્યારે શરૂ થયું હશે અને માગશર શુક્લ અગિયારસે બન્ને પક્ષની સેનાઓ સામે ઊભી થઈ હશે ત્યારે એક પ્રહર ચાલતો આ ઉપદેશ શક્ય જ બન્યો ન હોય. આ વિદ્વાનોના મતે ગીતા જે રૂપમાં આજે વિદ્યમાન છે એ જ રૂપમાં ઉપદેશવામાં આવી. એમના જ મતે ઉપદેશનું સ્વરૂપ વૈખરી વાણી ન હોઈ પરાવાણીમાં થયું હશે. ઉપદેશ માટે આ સ્તરના માધ્યમમાં સમયનું બંધન હોતું નથી. એક સેકંડમાં હજારો પૃષ્ઠોની સામગ્રી સંપ્રેષિત કરી શકાય છે. સ્વપ્નદશ્યોમાં થોડી ક્ષણોમાં જ વર્ષોનો સમય વીતી જાય છે, સંપૂર્ણ ઉંમર વીતી જાય છે. સ્મૃતિ જાગે છે ત્યારે થોડીક ક્ષણોમાં જ આ જન્મના જ નહીં જન્માંતરોનાં દશ્યો પસાર થઈ જાય છે. પરાવાણીની સંપ્રેષણ શક્તિને આ ઉદાહરણો દ્વારા સમજી શકાય છે.

શ્રીકૃષ્ણ પરાત્પર બ્રહ્મના સગુણ અવતાર છે. પરંપરા માને છે કે તેઓ કંઈ પણ કરવામાં સમર્થ છે. તેમણે ઈચ્છ્યું હોત તો સંકલ્પમાત્રથી અર્જુનનું મન બદલી શક્યા હોત. પરંતુ એથી સાધકો માટે જરૂરી માર્ગદર્શન ગીતાશાસ્ત્રના રૂપમાં ઉપલબ્ધ થયું ન હોત. ગીતાનો વાચિક ઉપદેશ આ ઉદ્દેશ માટે જ છે. ગીતાનું બૌદ્ધિક વિશ્લેષણ કરનાર વિદ્વાનો પણ માને છે કે એમાં વિભિન્ન દાર્શનિક અને ધાર્મિક વિચારો વિવિધ રૂપોમાં વ્યક્ત કરી એક જગ્યાએ એકત્રિત કરવામાં આવ્યા છે. પરસ્પર વિરોધી દેખાતા અનેક વિશ્વાસોને સીધીસાદી ઢબથી એક જગ્યાએ ગૂંથી લેવામાં આવ્યા છે. એનાથી એટલું જ થયું છે કે બધી સાધનાના માર્ગો એક સ્થળે ઉપલબ્ધ થઈ ગયા. વ્યક્તિને આત્મિક કલ્યાણનો માર્ગ શોધવા માટે દરેક સ્થળે ભટકવાની જરૂર ન રહી.

ગીતાનું સ્વરૂપ દરેક અધ્યાયમાં આપવામાં આવેલ પુષ્પિકાથી પ્રગટ થાય છે. પુષ્પિકા ક્રમમાં આપવામાં આવેલ વાક્યનો અર્થ છે ભગવદ્ગીતા. ઉપનિષદમાં જે બ્રહ્મવિદ્યા, યોગશાસ્ત્ર અને શ્રીકૃષ્ણ-અર્જુન સંવાદ છે તે અમુક નામનો અધ્યાય પૂરો થયો. બ્રહ્મવિદ્યા જ્ઞાનમાર્ગ દર્શાવનારી છે, યોગશાસ્ત્ર કર્મનું અને ભગવાન દ્વારા ગાયેલ ગીત હોવાથી ભક્તિ પ્રગટ કરનારી છે. ત્રણે માર્ગની વિશેષતાનું નિરૂપણ કરતાં ડૉ. રાધાકૃષ્ણને તેમની ટીકામાં લખ્યું છે કે પૂર્ણતાના લક્ષ્ય સુધી પહોંચવાના આ ત્રણ માર્ગ ત્રણ પ્રકારની વ્યક્તિઓની આવશ્યકતા પૂરી કરે છે. આ માર્ગો સંક્ષિપ્તમાં વાસ્તવિકતાનું જ્ઞાન, ભગવાનની ઉપાસના અને ભક્તિ તથા પોતાના સંકલ્પને દિવ્ય પ્રયોજનોને આધીન કરી દેવું તે છે. સૈદ્ધાંતિક, ભાવનાત્મક અને વ્યવહારિક પક્ષ પર ભાર મૂકીને ત્રણે માર્ગોમાં ફરક રાખવામાં આવ્યો છે. મનુષ્ય વિભિન્ન પ્રકારના હોય છે, જેમ કે- ચિંતનશીલ, ભાવુક અને સક્રિય. ત્રણેય માટે અનુક્રમે જ્ઞાન, ભક્તિ અને કર્મ છે. આ વિભાજન સ્થૂળ છે. કોઈપણ વ્યક્તિ આમાંથી કોઈ એક જ પ્રકારની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એકાંતિક રૂપે હોતી નથી. તેથી આ જ્ઞાન, ભક્તિ અને કર્મ ત્રણે ભળી જાય છે. પરમાત્મા નિજસ્વરૂપમાં સત્, ચિત્ અને આનંદ એટલે કે વાસ્તવિક સત્ય અને પરમ આનંદમય છે. જે લોકો જ્ઞાનની શોધ કરે છે તેમને માટે એ શાશ્વત પ્રકાશ છે. બપોરના સૂર્યની જેમ ઉજ્જ્વળ અને દૈદીપ્યમાન, જેમાં અંધકારનું નામ પણ નથી. જેઓ પુણ્ય મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, તેમને માટે એ શાશ્વત પવિત્રતા છે અને ભાવુક પ્રકૃતિના લોકો માટે એ શાશ્વત પ્રેમ અને પવિત્રતાનું સૌંદર્ય છે.

ગીતાને તેની પ્રકાશપૂર્ણ પ્રેરણાઓને કારણે વૈશ્વિક ગ્રંથની માન્યતા મળી. સૌથી વધુ વંચાતા અને પ્રચાર પામેલા ગ્રંથોમાં બાઇબલનું નામ સૌપ્રથમ આવે છે. ખ્રિસ્તી ધર્મના પ્રતિનિધિ એવા ધર્મશાસ્ત્રને સંસારની બધી ભાષાઓમાં અનુવાદ કરવા અને દુનિયાના ખૂણેખૂણામાં ફેલાવવા માટે સમગ્ર તંત્ર લાગી ગયું. એને રાજસત્તા અને વ્યાપાર વ્યવસાયના પણ ભરપૂર સહયોગ-સમર્થન મળ્યાં. ગીતા માટે આ પ્રકારના કોઈ સંગઠિત પ્રયત્નો નથી થયા. આ શતાબ્દીમાં ગીતાપ્રેસ, ગોરખપુર અને આંતર્રાષ્ટ્રીય શ્રીકૃષ્ણ ભાવનામૃત સંઘે (ઇસ્કોન) આ દિશામાં જરૂર થોડા પ્રયત્નો કર્યા. આ સંગઠનો સિવાય પોતાના વિષય અને વિશિષ્ટતાને કારણે ભગવદ્ગીતાના અઢાર ભાષાઓમાં ૨૨૦થી વધુ અનુવાદ અને વ્યાખ્યાનો થયાં.

વિભિન્ન પરંપરાઓ પર પ્રભાવની દૃષ્ટિએ ગીતા સૌથી વધુ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. સદીઓ પહેલાં આ ગ્રંથ ચીન અને જાપાનના વિદ્વાનોમાં લોકપ્રિય થઈ ગયો હતો. પછી પશ્ચિમના દેશોમાં પણ ફેલાયો. બૌદ્ધધર્મની મહાયાન શાખાના બે મુખ્ય ગ્રંથો 'મહાયાન શ્રદ્ધા ઉત્પત્તિ' અને 'સદ્ધર્મ પુડરીક' પર ગીતાનો સ્પષ્ટ પ્રભાવ છે. જર્મન ધર્મના પ્રસિદ્ધ વિદ્વાન જે. ડબ્લ્યુ. હોવર અનુસાર આ ગ્રંથ કેવળ ગંભીર અંતર્દષ્ટિ જ નથી આપતો બલકે ધર્મના આંતરિક અને લૌકિક સ્વરૂપને પણ પરિભાષિત કરે છે. તેમના અનુસાર એકલા આ શાસ્ત્રનું જ અધ્યયન જર્મન ધર્મની મૂળ પ્રકૃતિનો સારી રીતે પરિચય કરાવી દે છે. પ્રસિદ્ધ દાર્શનિક એલ્ડુઅસ હકસલે મુજબ ગીતા શાશ્વત દર્શનનું નિરૂપણ કરતા બધા ગ્રંથોમાં સર્વાંગપૂર્ણ અને સારરૂપ છે. એ ફક્ત ભારતીયો માટે જ નહિ પણ બધા ધર્મ, સંપ્રદાયોના અનુયાયીઓ માટે ઉપયોગી અને સ્થાયી મૂલ્ય ધરાવે છે.

ભારતીય ધર્મના લાખો અનુયાયીઓ દરરોજ ગીતાના ઓછામાં ઓછા એક અધ્યાયનો પાઠ કરે છે. ઘણા લોકો એથી વધુ અંશ વાંચે છે અને વાંચેલા અંશોના અર્થભાવનું મનન કરે છે. પૂરા ગ્રંથને કંઠસ્થ કરી લેનારાઓની સંખ્યા પણ ઘણી મોટી છે. પાઠ કરવા અને યાદ રાખવાનું કોઈ વિશેષ મહત્ત્વ નથી, પરંતુ એટલો અભ્યાસ કરનારાઓના જીવનમાં પણ કેટલીક વિશેષતાઓ હોય છે. મહાત્મા ગાંધી કહેતા હતા કે ગીતાનો પાઠ કરનારાઓને વિષાદ બહુ ઓછો સતાવે છે. એમના પોતાના શબ્દોમાં, "ગીતા સંપૂર્ણ વૈદિક શિક્ષણના તત્ત્વનો સાર છે. એનું જ્ઞાન બધી માનવીય મહત્ત્વાકાંક્ષાઓ સિદ્ધ કરનારું છે. મને ગીતા વાંચવાથી ઘણી સાંત્વના મળે છે. હું જ્યારે પણ નિરાશ થાઉં છું ત્યારે ગીતાનું શરણ લઉં છું. મને એમાં કોઈ ને કોઈ શ્લોક એવો મળી જાય છે, જેથી હું વિપત્તિઓમાં પણ હસતો રહું છું."

ઊર્જા અને પ્રેરણાથી ભરપૂર હોવા છતાં મા-બાપ પોતાનાં બાળકોને તેને વાંચતાં કેમ રોકે છે ? ગીતામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લોકોને ઉદાસીનતા અને પલાયનના ભાવો કેમ દેખાય છે ? શાસ્ત્રકારે તેનો જવાબ આપ્યો છે. તે અનુસાર એ જ વ્યક્તિ આ શાસ્ત્રનો લાભ ઉઠાવી શકે છે જેઓ અનુશાસિત છે, પ્રેમ અને શ્રદ્ધાયુક્ત છે તથા જેમનામાં સેવા કરવાની પ્રબળ ઇચ્છા છે. તેમના સિવાય જેઓ પણ આ શાસ્ત્રનું અધ્યયન કરશે તેઓ દિગ્ભ્રાંત હશે અથવા તો શ્રીકૃષ્ણના આ ઉપદેશોમાં દોષ જોવા લાગશે.

અધ્યયન-મનન જ નહીં, શ્રદ્ધાથી પાઠ કરવાથી પણ સાધકનું કલ્યાણ કરે છે. સ્વામી ચિન્મયાનંદ ગીતાના એક શ્લોકની વ્યાખ્યા કરતાં લખે છે કે એ લોકો પણ પ્રશંસનીય છે, જેઓ એનો ઉપરછલ્લો પાઠ કરે છે, ધીરે ધીરે તેઓ શાસ્ત્રના પવિત્ર ઊંડાણમાં ઊતરતા જાય છે. એવો પાઠક અજાણતાં જ આત્મદેવની તીર્થયાત્રાએ ચાલી નીકળે છે. ગીતાનો વિષય સાંભળવો અને વાંચવું જ પર્યાપ્ત નથી, તેની સાથે વ્યક્તિત્વ સુગઠન પણ જરૂરી છે. એ ગઠનમાં શ્રદ્ધાભાવ પણ જરૂરી છે અને દોષદૃષ્ટિનો અભાવ પણ જરૂરી છે.

સામાન્ય પુસ્તકો કે ગ્રંથોને વાંચવા-સમજવા માટે પણ ખાસ પ્રકારની મનઃસ્થિતિ અને સમજની જરૂર હોય છે. રાજનીતિની સમજ અને રુચિ રાખનાર વિદ્યાર્થી તૈયારી વિના વિજ્ઞાનનો વિષય સમજી શકતો નથી. કવિતામાં રુચિ રાખનારાઓને અર્થશાસ્ત્રનાં પુસ્તકો નીરસ અને કંટાળાજનક લાગી શકે છે. કૃષિના પંડિત માટે ચિકિત્સાશાસ્ત્ર સ્તરનું પુસ્તક લગભગ વ્યર્થ જ હશે. કોઈપણ શાસ્ત્ર કે પરંપરાને ગ્રહણ કરવામાં આ ઝીણવટનું ધ્યાન રાખવાની બાબતને અધિકાર વિવેક કહે છે. ભગવદ્ગીતાના સંબંધમાં પણ અધિકારનું મહત્ત્વ છે. તે અનુસાર શ્રદ્ધા અને સંયમ જ સાધકને શાસ્ત્ર કે મર્મ સુધી પહોંચાડે છે અને એ લાભ પહોંચાડે છે કે જેની તુલનામાં દુનિયાનો કોઈ વૈભવ આ હરીફાઈમાં ટકતો નથી.

## *ઉપકરણોની પવિત્રતા*

*ગણેશ અને સરસ્વતી પૂજન પછી શિક્ષણનાં સાધનોનું - ખડિયો, કલમ અને સ્લેટનું પૂજન કરવામાં આવે છે. શિક્ષણ પ્રાપ્તિ માટે આ ત્રણ જ મુખ્ય ઉપકરણ છે. તેને વેદમંત્રોથી અભિમંત્રિત કરવામાં આવે છે, જેથી તેનો પ્રારંભિક પ્રભાવ કલ્યાણકારક બની શકે. વિદ્યા પ્રાપ્તિમાં સહાયતા મળી શકે. મંત્રો દ્વારા આ ત્રણેને પવિત્ર, અભિમંત્રિત કરવામાં આવે છે, જેથી આ ઉપકરણોમાં પવિત્રતા સ્થિર રહી શકે.*

*ઉપકરણોની પવિત્રતા દરેક કાર્યમાં આવશ્યક છે. સાધન પવિત્ર હશે તો જ સાધ્યની શ્રેષ્ઠતા જળવાઈ રહેશે. ખોટા ઉપાયોથી, દુષિત ઉપકરણોની કદાચ સફળતા પ્રાપ્ત કરી પણ લે તો પણ તે સફળતાનો લાભ એટલો સુખપ્રદ નથી હોતો, જેટલો કે અનુપયુક્ત માધ્યમોને અપનાવવાથી પોતાનો બગડેલો સ્વભાવ પોતાના માટે દૂરગામી અહિત તેમજ અનિષ્ટ ઉત્પન્ન કરે છે. જેવી રીતે સ્વચ્છ વાસણમાં રાખેલું દૂધ પીવા યોગ્ય હોય છે, મેલાં-ગંદા વાસણોમાં રાખવાથી ફાટી જાય છે અને પીવાથી રોગ-વિકાર ઉત્પન્ન કરે છે. તેવી રીતે અનુપયુક્ત ઉપકરણોથી જે પણ કાર્ય કરે છે, તે બહારથી ગમે તેટલું સારું કેમ ન દેખાતું હોય, ગમે તેટલું જલદી સફળ કેમ ન થયું હોય, પણ અનિચ્છનીય છે. વિદ્યારંભ સંસ્કારનો હેતુ એ છે કે, વિદ્યાર્થીનું ધ્યાન વિદ્યાની મહત્તા તેમજ ઉપકરણોની પવિત્રતા તરફ આકર્ષિત કરવામાં આવે. અધ્યયન તો એક નિમિત્ત માત્ર છે, વસ્તુતઃ 'ઉપકરણોની પવિત્રતા' એક દૃષ્ટિકોણ તેમજ આદર્શ છે, જેને દરેક ક્ષેત્રમાં અપનાવવો જોઈએ આપણે કંઈ પણ કાર્ય, વ્યવહાર તથા પ્રયોગ કરીએ, તેમાં એ વાતનું પૂરેપૂરું ધ્યાન રાખીએ, કે કોઈ પ્રલોભન અથવા ઉતાવળમાં અનુપયુક્ત સાધનોનો ઉપભોગ ન કરવામાં આવે. પોતાનું પ્રત્યેક સાધન પૂર્ણ રીતે પવિત્ર રહે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# આપણું બ્રહ્મવર્ચસ્ જાગૃત થાય

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે- .ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ !

દેવીઓ અને ભાઈઓ ! ન જાણે આપણે કેટલીવાર ઉપવાસ કર્યા, વ્રત કર્યાં, છતાં તેને વિશે જે વાસ્તવિકતા છે, જે દર્શન છે તેને સમજવાનો આપણે પ્રયાસ કર્યો નથી. માંકડું જ્યાં સુધી કમાણી કરાવી આપે છે, નાચ બતાવે છે ત્યાં સુધી આપણે તેની વાત માનીએ છીએ, પરંતુ જ્યારે આમ કરવાનું તે બંધ કરી દે છે ત્યારે તેને મારીએ છીએ. તેવી જ રીતે ઉપવાસની અંતર્ગત જ્યાં સુધી આપણું મન અને જીભ પર નિયંત્રણ ન થઈ જાય ત્યાં સુધી આપણે તેની પિટાઈ કરીશું. મિત્રો ! તપ કોને કહેવાય છે? સાહસને કહેવાય છે, હિમ્મતને કહેવાય છે, સંઘર્ષને કહેવાય છે. જે રીતે બાહ્ય જીવન સાથે સંઘર્ષ કરવો પડે છે તેવી જ રીતે આંતરિક જીવનને ઉત્કૃષ્ટ બનાવવા માટે સંઘર્ષ એટલે કે તપ કરવું પડે છે.

મિત્રો ! ત્રણ વસ્તુઓ – વાસના, તૃષ્ણા અને અહંતા- આપણા જીવનને બરબાદ કરી રહી છે. આપણે એમને ઠીક કરવાં પડશે. આપણી પાસે બળ હતું, સામર્થ્ય હતું, પરંતુ આપણે ખાલી થતા ગયા. આપણે માત્ર હાડમાંસનું પૂતળું બની ગયા છીએ. આપણે જીવતા તો છીએ, પરંતુ મૂઆ બરાબર છીએ. જે રીતે મનુષ્યને કોઈ ભૂતપ્રેત પકડી લે છે અને તેને પોતાના સકંજામાં ભીંસતો રહે છે તેવી જ રીતે આ ત્રણે વસ્તુઓ વાસના, તૃષ્ણા અને અહંતા મનુષ્યને પોતાના કાબૂમાં રાખે છે.

મિત્રો ! વાસનાએ આપણને બરબાદ કરી દીધા છે. આપણી શક્તિ, લોહીની ગરમી જે કંઈ વીર્યના રૂપમાં, સાહસના રૂપમાં, આત્મબળના રૂપમાં ભેગું થયું તેને વાસનાના વશમાં થઈ ક્ષણિક આવેશમાં આવીને પોતાના સ્વરૂપને ભૂલી ગયા તથા બધી શક્તિ વાસનામાં ખર્ચી નાખી. મન અને મગજ પર જ્યારે વાસનાનું ભૂત સવાર થઈ જાય છે ત્યારે થોડા સમય માટે વ્યક્તિ કલ્પનાના સાગરમાં અવશ્ય ડૂબકીઓ લગાવતો રહે છે, પરંતુ અંતે ખાલી થઈ જાય છે. શક્તિ ક્ષીણ થઈ જાય છે, ઓજ નષ્ટ થઈ જાય છે. શરીરમાં કશું જ બચતું નથી. જ્યારે અક્કલ આવે છે, વિવેક જાગે છે ત્યાં સુધી ઘણું મોડું થઈ ગયેલું હોય છે. કેવળ પસ્તાવો જ બાકી રહી જાય છે.

સાથીઓ ! બીજી વસ્તુ છે- તૃષ્ણા મનુષ્ય જીવનભર હાય પૈસા હાય પૈસા કરતો રહે છે. અરે મૂરખ ! કેટલા પૈસા ખાઈશ. આપણામાંથી મોટાભાગના લોકો નવ્વાણુંના ચક્કરમાં પડેલા રહે છે. હરઘડી એ જ વિચારતા રહે છે કે અમે મકાન નથી બનાવ્યું, બૅંકમાં પૈસા જમા નથી કર્યાં. અમે અમારી જરૂરિયાતો પૂરી કરવા માટે કશું કર્યું નથી, દીકરીનાં લગ્ન કરવાની વ્યવસ્થા કરી નથી વગેરે ન જાણે કેટલીય યોજનાઓ બનાવતા રહીએ છીએ. મિત્રો ! આપણી આ આકાંક્ષાઓએ આપણને ક્યાંયના નથી રાખ્યા. આપણે બરબાદ થતા ગયા. તૃષ્ણા સુરસાની જેમ મોઢું ખોલી ગળતી જાય છે અને આપણને તેની ખબર સુધ્ધાં નથી. આપણી બુદ્ધિશક્તિ કેવળ તૃષ્ણાપૂર્તિમાં જ લાગેલી રહે છે.

આ સંસારમાં લાખો કરોડો લોકો કપડાં વિના, મકાન વિના જીવી રહ્યા છે, પરંતુ એમને સંતોષ છે અને તેઓ સુખી જીવન જીવી રહ્યા છે. બેટા! તને તો ભગવાને જરૂરિયાત મુજબની બધી વસ્તુઓ આપી છે. તેમ છતાં અસંતોષની આગમાં કેમ બળી રહ્યો છે? આવી સ્થિતિમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો તું તૃષ્ણા સાથે લઈને જ મરીશ, કેમ કે આ સંસારમાં આજ સુધી કોઈની તૃષ્ણા પૂરી થઈ નથી અને થશે પણ નહીં. તને ખબર નથી કે સિકંદર આ સંસારમાંથી ખાલી હાથે ગયો હતો. કંસ ખાલી હાથે ગયો હતો, રાવણ ખાલી હાથે ગયો હતો એમની તૃષ્ણાઓ જિંદગીભર પૂરી ન થઈ શકી, તો પછી તારી કેવી રીતે પૂરી થશે ? તું પણ ખાલી હાથે જ મરીશ.

મિત્રો ! કોઈપણ આ સંસારમાંથી કશું જ લઈને જતો નથી. તેનાં બાળકો, સ્ત્રી, ધનદોલત, મકાન, સંપત્તિ, પૈસા બધું અહીં જ રહી જાય છે. તું ધનવાન બનવા ઇચ્છે છે, મહેલ ઊભો કરવા ઇચ્છે છે અને એમાં જ તારું મગજ દોડાવતો રહે છે. તૃષ્ણાને કારણે આપણે જેને જીવાત્મા કહીએ છીએ, તેનો અવાજ પણ નથી સાંભળ્યો. જીવાત્મા આપણને પોકારતો રહ્યો કે તું ઊંચે ઊઠ, ભગવાનનું કામ કર, સમાજનું કામ કર, લોકમંગલનું કામ કર, પરંતુ તૃષ્ણાના ચક્કરમાં આપણે જીવાત્માનું એક પણ સાંભળ્યું નહીં અને પોતાની જિંદગીને નવ્વાણુંના ચક્કરમાં ખપાવતા રહ્યાં.

મિત્રો ! આપણે ઊંચે ઊઠવાનો અર્થ અહંકાર સાથે જોડ્યો. તેની આત્મસન્માનની વાત માની લીધી. આપણે અભિમાનમાં આખી જિંદગીને 'હું', 'હું'માં જ બરબાદ કરી દીધી. એને મારીશ, એને પાડી દઈશ, એની જિંદગીને બરબાદ કરી દઈશ — આ પ્રકારની તમામ વાતો અહંકારની પૂર્તિ માટે સદૈવ મનમાં ઊઠતી રહી. આપણને બરબાદ કરતી રહી. પોતાના અભિમાનની પૂર્તિ માટે, અહંની સિદ્ધિ માટે આપે જે ઇચ્છ્યું તે જ કરતા રહ્યાં. બીજા કરતાં આગળ વધવા માટે ન જાણે કઈ કઈ યુક્તિઓ વિચારતા રહ્યા.

મિત્રો ! આપણી આ અહંતા નશાની જેમ આપણી ઉપર છવાયેલી છે તથા હંમેશાં ખુમારીમાં રાખે છે, આપણે વિચારીએ છીએ કે કોનામાં એવી શક્તિ છે કે અમને આંખો કાઢે? જે અમારી પાસે આવશે તેને અમે મારી નાંખીશું, આ પ્રકારના દૃષ્ટિકોણે, ''હું', 'હું' એટલે કે અહંકારે આપણી આધ્યાત્મિક શક્તિઓને છિન્નભિન્ન કરી નાંખી. આપણે એમ.પી, એમ.એલ.એ. બનાવવામાં ઠાઠમાઠ બતાવવામાં, અમુક કામ કરવામાં પોતાની બધી શક્તિ ખર્ચી નાખી. જો આ અહંતા આપણને આત્મગૌરવ, આત્મસન્માનના વિકાસ તરફ લઈ ગઈ હોત તો આજે આપણે જેવા છીએ તે આવતીકાલે મહાન બની ગયા હોત. ત્યારે આપણો દૃષ્ટિકોણ, ચિંતન, વિચાર કરવાની શક્તિ બદલાઈ ગઈ હોત. પરંતુ શું કહેવું ? આ અહંતાએ, 'હું', 'હું' એ તો આપણને એ રીતે બરબાદ કરી નાખ્યા છે કે તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે.

સાથીઓ ! વાસના, તૃષ્ણા અને અહંતાએ આપને એવા બરબાદ કરી દીધા છે કે અમે આપને શંકરજીની, સંતની, અધ્યાત્મની વાતો કેવી રીતે બતાવીએ ? આપને અત્યારે તો અમે વ્યાવહારિક જીવનની વાતો બતાવવા માગીએ છીએ કે જેથી આપ મહાન બની શકો તથા ઊંચે ઊઠી શકો. આ ત્રણ વસ્તુઓ આપને સર્વનાશ તરફ લઈ જઈ રહી છે અને આપને તેની ખબર પણ નથી. જ્યારે આ બધું ઠીક થઈ જશે ત્યારે અમે આપને શકરજીની વાતો બતાવીશું, જે આપને માટે લાભદાયક બનશે.

મિત્રો ! અત્યારે આપને ભગવાન વિશે બતાવવાનો સમય નથી. અત્યારે તો આપની સામે વ્યક્તિની સમસ્યા, પરિવારની સમસ્યા, સમાજ તથા રાષ્ટ્રની સમસ્યા છે અને તેને જ આપણે સમજવાની છે. અત્યારે તો આપણે એ વિચારવાનું છે કે જે રીતે આ આફતો આપણા શરીર પર આપણા મન પર અને આપણા અંતઃકરણ પર છવાઈ ગઈ છે તેને આપણે કેવી રીતે હટાવી શકીએ ? અમે આપને પરાક્રમ, સાહસ અને સંઘર્ષની વાત શીખવવા માગીએ છીએ. જેથી આપ મહાન બની શકો. એનું જ નામ છે- તેજસ, એનું જ નામ છે- વર્ચસ્. કુટુંબ, સમાજ તથા રાષ્ટ્રનિર્માણ માટે આપણને જે વસ્તુની જરૂર છે તે જ અમે આપને શીખવવા માગીએ છીએ, એ જ આપને ભણાવવા માગીએ છીએ. અમે આપને જ્ઞાનવાન બનાવવા ઇચ્છીએ છીએ. એ જ્ઞાન નહીં, જે આપ સ્કૂલ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કે કોલેજમાં ભણો છો, બલકે અમે આપને એ જ્ઞાન આપવા ઈચ્છીએ છીએ કે જેથી આપની જિંદગી સોના જેવી બની શકે, મોતી જેવી બની શકે. અમે આપને એ વિદ્યા શીખવવા ઈચ્છીએ છીએ જેથી દેશ, સમાજ અને સંસ્કૃતિનો વિકાસ થઈ શકે.

મિત્રો ! અમે આપને ઉમદામાં ઉમદા જીવન જીવવાનું શિક્ષણ આપવા ઈચ્છીએ છીએ, એનું નામ બ્રહ્મવિદ્યા છે. અમે આપને બ્રહ્મવિદ્યાનું શિક્ષણ આપવા ઈચ્છીએ છીએ. અમે આપને બ્રહ્મતેજપુંજ બનાવવા ઈચ્છીએ છીએ. પહેલાનાં જમાનામાં લોકોને તલવાર ચલાવવાની વિદ્યા શીખવવામાં આવતી હતી તથા બીજું બીજું ઘણાં પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું હતું. અત્યારે અમે આપને બ્રહ્મવિદ્યાનું જ્ઞાન આપીશું. મિત્રો ! અમે આપને સત્યનું શિક્ષણ આપવા ઈચ્છીએ છીએ. ગાંધીજી બહારથી કમજોર દેખાતા હતા, પણ એમનું બળ અંદર હતું. એમનું બળ સત્યમાં હતું, જેથી તેઓ વિજયી બન્યા.

મિત્રો ! શરીરબળથી મનુષ્ય કશું જ કરી શકતો નથી, પરંતુ તેની અંદર જો આત્મબળ હોય તો એ દુશ્મનોનો પરાજય કરી શકે છે, વિજયી બની શકે છે. આપણે આપણી અંદર ભરાયેલા કુસંસ્કારોને એટલે કે વાસના, તૃષ્ણા અને અહંતાને પણ આ આત્મબળની મદદથી દૂર કરી શકીએ છીએ.

અમે ઈચ્છીએ છીએ કે દરેક વ્યકિત સત્-ચિત્-આનંદનો અનુભવ કરે. તે માટે આપને અમે ઓજસ, તેજસ અને વર્ચસ્‌ની સાધના-ઉપાસના કરવાનું શીખવીએ છીએ. આપને અમે બ્રાહ્મણ, યોગી અને તપસ્વી બનાવવા માગીએ છીએ, મહાન બનાવવા માગીએ છીએ. આપને અમે અધ્યાત્મવાદી, સંત અને મહામાનવ બનાવવા માગીએ છીએ. આપને અમે કર્તવ્યનિષ્ઠ બનાવવા માગીએ છીએ.

આપણે આપણી પ્રાચીન સંસ્કૃતિ અને સભ્યતાને ભૂલી ગયાં છીએ. તેનો અમે ફરી વિકાસ કરવા માગીએ છીએ. તેના વિકાસ માટે આગામી દિવસોમાં અમે બ્રહ્મવર્ચસ્‌નું શિક્ષણ આપવા માગીએ છીએ. આજે આપને હું તેની ભૂમિકા બતાવી રહ્યો છું. જ્ઞાનની નૂતન ધારા આજથી પ્રવાહિત કરવામાં આવી રહી છે. એમાં શિક્ષણપદ્ધતિ તથા સાધનાપદ્ધતિ બન્ને સામેલ છે. જે અમે આપને બતાવવા માગીએ છીએ. જ્યાં સુધી આપ અહીં રહેશો, અમે આપને બ્રહ્મવર્ચસ્‌ની સાધનાના સંદર્ભમાં, તેના સિદ્ધાંતોના સંદર્ભમાં નિયમિતરૂપથી બતાવતા રહીશું. યોગના નામ પર જપના નામ પર, ધ્યાનના નામ પર આપણે શું કરીએ ? તેની શરૂઆત કેવી રીતે કરવી જોઈએ ? આ બધી વાતો અમે આપને બ્રહ્મવર્ચસ્‌ની સાધના દ્વારા બતાવવા માગીએ છીએ. તેના સિદ્ધાંતોને બતાવવા માગીએ છીએ.

**આજની વાત સમાપ્ત**

**॥ ૐ શાંતિઃ ॥**

## *પંડિત અને મૂર્ખ*

***શ્રાવસ્તીના બે યુવકોમાં ખૂબ જ ગાઢ મિત્રતા હતી. બન્ને બીજાનાં ખિસ્સાં કાપવાનો ધંધો કરતા હતા. એક દિવસ ભગવાન બુદ્ધનું એક સ્થળે પ્રવચન ચાલી રહ્યું હતું બન્ને મિત્રો ત્યાં પહોંચ્યા. એમાંથી એકને ભગવાન બુદ્ધનાં પ્રવચન ખૂબ જ સારાં લાગ્યાં અને એ ધ્યાનમગ્ન થઈ એમને સાંભળવા લાગ્યો. બીજાએ આ સમય દરમ્યાન ઘણાનાં ખિસ્સાં કાપી નાખ્યાં. સાંજે બન્ને ઘર તરફ પાછા વળ્યા. એકની પાસે ધન હતું, બીજા પાસે સદ્‌વિચાર. ખિસ્સાકાતરુએ વ્યંગ કરતાં કહ્યું- "તું ખૂબ જ મૂર્ખ છે, કારણ કે બીજાઓની વાતમાં આવીને પ્રભાવિત થઈ ગયો. હવે આ પાંડિત્યનું જ ભોજન બનાવ અને પેટ ભર." પોતાનાં પૂર્વકૃત્યોથી દુઃખી બીજો ખિસ્સાકાતરુ તથાગત પાસે ગયો અને એમને બધું સંભળાવી દીધું. બુદ્ધે સમજાવ્યું, "વત્સ ! જે પોતાની બૂરાઈઓને સમજી એમને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે તે જ સાચો પંડિત છે અને જે બૂરાઈ કરતો હોવા છતાં પણ પંડિત બને છે, તે જ મૂર્ખ છે."***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આળસ ધિક્કારને પાત્ર છે

ફ્રેંકલિન કહેતા હતા — "આળસ એક પ્રિય છતાં કષ્ટદાયક આદત છે." પ્રસન્નતાની જો સાચે જ આવશ્યકતા હોય તો આપણે હરઘડી કંઈ ને કંઈ કરતા રહેવું જોઈએ. પ્રકૃતિની એ પરંપરા છે કે જ્યાં મનુષ્યે કાર્યમાં રસ લેવાનું બંધ કર્યું ત્યાં એની પાસેથી આનંદ છીનવાઈ ગયો. આળસને એક નશો કહી શકાય, જેમાં વ્યક્તિ કેવળ અર્ધમૂર્છિત સ્થિતિમાં રહે છે. એટલું જ નહિ યોગ્ય ચિંતન કરવાની ક્ષમતા પણ ગુમાવતો રહે છે. એણે નક્કી કરેલાં કાર્યોને પ્રસન્નતાથી પૂરાં કરવામાંથી છુટકારો મળ્યા પછી મગજ કાં તો આડીઅવળી કલ્પનાઓ કરે છે અથવા નકામા તરંગી વિચારો કરે છે. આવી મનઃસ્થિતિમાં જેમને ઘણો વખત રહેવું પડે એવા લોકો પોતાની વિશેષતાઓ ખોઈ બેસે છે અને જેમને વ્યંગ, ઉપહાસથી "એદી" કહેવામાં આવે છે એવા સમુદાયમાં ભળી જાય છે. એદી એટલે શરીર અને મનના ક્ષેત્રમાં અર્ધમૃત જેવી સ્થિતિમાં પડી રહેલો મનુષ્ય.

પરિશ્રમથી માણસ ઘસાય છે આ માન્યતા એક હદ સુધી સાચી છે. એક બાજુ જ્યારે શક્તિ ખર્ચ થાય છે ત્યાં બીજી બાજુ ઉત્સાહ, આનંદ, કૌશલ, સન્માન અને વૈભવની તાત્કાલિક વૃદ્ધિ થવાથી ક્ષતિપૂર્તિ થઈ જાય છે. ક્ષતિપૂર્તિ જ નહિ પણ નુકસાનની તુલનામાં લાભ વધે છે અને મનુષ્ય ધારણા કરતાં સમૃદ્ધ થતો જાય છે. આ સ્થિતિમાં ઘસાવાના ભયને અવાસ્તવિક જ માનવામાં આવશે.

કહેવાય છે કે જે ચાવીનો વધારે ઉપયોગ થાય છે તે ચમકદાર રહે છે. જે ઓજારની ધાર કાઢવામાં આવે છે તે ધારદાર રહે છે. જેનો ઉપયોગ થતો નથી એ અસ્તરાને પણ કાટ લાગી જાય છે. પાણી વહેતું ન હોય તો સડવા લાગે છે. જેને પરિશ્રમ કરવાનો અવસર મળતો નથી એને અભાગિયો જ કહેવો જોઈએ. પૈસાદાર થયા પછી માણસ ખાલી બેઠો રહે અને ખરાબ વાત છે. એની ઉત્પાદનશક્તિથી કુટુંબ, પાડોશ અને સમાજને જે લાભ મળી શકતો હતો એનો રસ્તો બંધ થઈ જાય એ બધી રીતે ચિંતાજનક છે. કામધંધા વગરના લોકોને ક્યારેક સન્માન મળતું હશે પણ હવે જાગૃતતા આવવાની સાથે એ પણ બંધ થઈ ગયું. **પુરાતનકાળની જેમ બાહુબળને સમ્માન આપવાની પરંપરા ચાલવા લાગી છે. કામકાજ વગરના લોકો આત્મગ્લાનિનો અનુભવ કરશે અને તિરસ્કાર સહન કરવાનો વખત આવશે.**

જર્મનીમાં એક કહેવત છે — દરિદ્રતાના પ્રદેશમાં પ્રવેશ કરવા માટે આળસ સૌથી નાની કેડી છે. એક ડચ ઉક્તિ છે, આળસુ સૌ પ્રથમ અપંગ બને છે અને પછી તિરસ્કૃત થાય છે પછી છેવટે સડવા લાગે છે.' સેન્ટપાલ કહેતા હતા, 'આળસ માણસના ચીંથરાં કરી નાંખે છે.' દાર્શનિક થેલ્સ એમની વાત સમજાવતાં ઘણી જગ્યાએ એ વાત ફરી ફરીને કહેતો કે, 'આળસ બધા અવગુણોનું મૂળ છે. જેમ ખાલી કોથળો ઊભો ન રહી શકે તેમ આળસુ વ્યક્તિ આરામથી દિવસ પસાર કરી શકતો નથી. એના માથા પર શયતાન કબજો જમાવી એની પાસેથી કંઈ ને કંઈ નકામી વાતો વિચારશે અથવા કરવા લાગશે.'

અસફળતા મળે એ કોઈ શરમની વાત નથી. પરિસ્થિતિઓ કોઈના વશમાં નથી. પૂર્ણ પ્રયત્ન કરવાવાળી, કાર્યકુશળ અને સુયોગ્ય વ્યક્તિ માટે સંભવ છે કે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં સફળતા ન મળે. પ્રયત્નશીલ કાર્યશીલ વ્યક્તિ જ્યારે હારે છે ત્યારે એમને સહાનુભૂતિ મળે છે અને ફરીથી પુરુષાર્થ કરવાના મૂડમાં આવી જાય છે, પરંતુ આળસુ વ્યક્તિ માટે શું કહીએ એ વિચારી પણ નથી શકાતું. પછી તે સફળતા મેળવી સન્માનની અધિકારી બની શકે એવું કાર્ય પણ ક્યાંથી કરી શકવાની છે ! આવા આળસુ માણસો આત્મગ્લાનિમાં ડૂબેલા અને આત્માને છેતરતા રહે છે. બીજા લોકો તરફથી ઉપહાસ અને તિરસ્કાર સિવાય કંઈ મળવાની આશા પણ રાખી શકાતી નથી. માટે જ ફ્રેંકલિને આળસને એક 'અભિશાપ' ગણ્યો છે.

• • •



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જ્ઞાનયજ્ઞની બીજી રીતો પણ છે

શારીરિક સ્વસ્થતાનાં ત્રણ ચિહ્ન છે. (૧) કકડીને ભૂખ લાગવી, (૨) ઊંડી નિદ્રા, (૩) કામ કરવા માટેની સ્ફૂર્તિ. આત્મિક સમર્થતાનાં પણ ત્રણ ચિહ્ન છે – (૧) ચિંતનમાં ઉત્કૃષ્ટતાનો સમાવેશ, (૨) ચરિત્રમાં નિષ્ઠા અને (૩) વ્યવહારમાં પુણ્ય-પરમાર્થના પુરુષાર્થની પ્રચુરતા. એને જ ઉપાસના, સાધના અને આરાધના કહેવાય છે. આત્મિક પ્રગતિનું લક્ષણ છે મનુષ્યમાં દેવત્વની વૃદ્ધિ. દેવતા આપનારને કહેવાય છે. બીજા શબ્દોમાં એને ધર્મધારણા કે સેવા-સાધના પણ કહી શકાય છે. વ્યક્તિત્વમાં નમ્રતાનો વિકાસ થશે તો ચોક્કસપણે સેવાની ઇચ્છા જાગશે. સેવા અને સાધનાથી ગુણ, કર્મ અને સ્વભાવમાં સદાયશતા વધે છે. આને એમ પણ કહી શકાય કે જ્યારે નમ્રતા વધશે ત્યારે પરમાર્થરત થયા વિના રહી શકાશે નહિ. પૃથ્વી પર મનુષ્યશરીરમાં નિવાસ કરતા દેવતાઓને "ભૂસુર" કહેવાય છે. આ શબ્દ સાધુ અને બ્રાહ્મણવર્ગ માટે પ્રયુક્ત થાય છે. બ્રાહ્મણ મર્યાદિત ક્ષેત્રમાં પરમાર્થરત રહે છે અને સાધુ પારિવ્રાજકના રૂપમાં સત્પ્રવૃત્તિ વધારવાનો ઉદ્દેશ લઈને જયાં જરૂર હોય ત્યાં પહોંચતા રહે છે. એમની ગતિવિધિઓ પવનની જેમ પ્રાણપ્રવાહ પ્રસારિત કરે છે. વાદળાની જેમ વરસીને હરિયાળી પેદા કરે છે. આત્મિક પ્રગતિથી કોઈને લાભ થયો કે નહિ તેની ઓળખ એ બે કસોટીઓથી થાય છે કે ચિંતન અને ચરિત્રમાં માનવી ગરિમાને અનુરૂપ ઉત્કૃષ્ટતા દેખાય છે કે નહીં. સાથે જ પરમાર્થપરાયણતાની ઇચ્છા કાર્યમાં પરિણમે છે કે નહીં.

મોટેભાગે દાનપુણ્યને પરમાર્થ કહેવાય છે, પરંતુ એમાં વિચારશીલતાનું ઊંડાણ રહેવું જરૂરી છે. દુર્ઘટનાગ્રસ્ત આકસ્મિક સંકટોમાં ફસાયેલાઓને તાત્કાલિક મદદની જરૂર હોય છે. એ જ રીતે અપંગ અને અસમર્થ લોકોને પણ નિર્વાહ મળવો જોઈએ. આ સિવાય અભાવગ્રસ્ત અને પછાત લોકોની એવી પરોક્ષ સહાયતા કરવી જોઈએ કે જેની મદદથી તેઓ સ્વાવલંબી બની શકે. એમને કામ આપવામાં આવે, સાથે જ શ્રમનું એટલું મૂલ્ય ચૂકવવું જોઈએ કે જેથી માનવોચિત નિર્વાહ થઈ શકે. ગાંધીજીએ ખાદીને એ દૃષ્ટિએ જ મહત્ત્વ આપ્યું હતું કે તેને અપનાવવાથી બેકાર લોકોને કામ મળે છે, બીજા કુટિર ઉદ્યોગો પણ આ શ્રેણીમાં જ આવે છે. બેરોજગારી દૂર કરવાનાં સાધનો ઊભાં કરવાં તે બીજી રીતે અભાવગ્રસ્તોને સહાયતા આપવાનું જ છે. ખુદાબક્ષોને પ્રોત્સાહન આપવું તે દાન નથી. એથી કામચોરીની આદત પડી જાય છે. પ્રમાદ અને વ્યસનો વધે છે. **લેનારને હીનતાની અનુભૂતિ થાય છે અને આપનારનો અહંકાર વધે છે.** આ બંને પ્રવૃત્તિઓ બન્ને પક્ષો માટે અહિતકારક છે, તેથી ઔચિત્ય અને સાચાં પરિણામને નજરમાં રાખીને જ દાન કરવું જોઈએ, નહિ તો દાનના નામે ધનનો દુરુપયોગ જ થાય છે અને તેનાથી સ્વાવલંબનનો ઉત્સાહ ઘટે છે.

**દાનોમાં જ્ઞાનદાનને સર્વોપરી માનવામાં આવે છે. એને બ્રહ્મયજ્ઞ પણ કહે છે.** સદ્‌ભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓ જે પ્રયત્નોથી વધી શકે તેને જ સાચો પરમાર્થ કહેવો જોઈએ. સદ્‌ચિંતનના અભાવમાં જ લોકો અનેક દુર્ગુણો અપનાવે છે અને પતન પરાભવની ખીણમાં પડે છે. જો સાચું ચિંતન કરવાનો પથ પ્રશસ્ત થઈ શકે તો સમજવું જોઈએ કે સર્વસમર્થ મનુષ્યને પોતાની સમસ્યાઓ પોતે જ હલ કરવાનો માર્ગ મળી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગયો. અપંગો, અસહાયો કે દુર્ઘટનાગ્રસ્તોને છોડી કોઈ એવો નથી કે જેને યોગ્ય ચિંતન કરવાનો માર્ગ મળી જાય તો પ્રગતિ ન કરી શકે, આગળ ન વધી શકે કે પોતાની સમસ્યાઓનું સમાધાન પોતે ન કરી શકે. તેથી આત્મિક પ્રગતિ માટે મુખ્યત્વે યોગ્ય નીતિ અપનાવવી જોઈએ કે જેથી લોકમાનસના પરિષ્કાર માટે, સત્પ્રવૃત્તિઓના વિકાસ માટે પોતાની યોગ્યતા અને પરિસ્થિતિ મુજબ બને તેટલા પ્રયત્નો કરી શકાય.

સમયની પોતાની સમસ્યાઓ હોય છે અને પરિસ્થિતિઓને અનુરૂપ તેમનાં સમાધાન પણ શોધવાં પડે છે. પ્રાચીન કથા, પુરાણ અને ધર્મશાસ્ત્રોથી યુગધર્મનું નિરૂપણ થઈ ન શકે. તે માટે આજના પ્રવાહો, પ્રચલનો અને વાતાવરણને ધ્યાનમાં રાખવું પડશે. આ હેતુ માટે યુગમનીષીઓને સદાય માન્યતા મળતી રહી છે. આજે પણ એ પ્રક્રિયાને જ અપનાવવી પડશે. તેને માટે યુગચેતનાનો આશ્રય લેવો પડશે. યુગમનીષીઓનાં પ્રતિપાદનો પર ધ્યાન આપવું પડશે. સદ્જ્ઞાન વધારવાની આ જ સાચી રીત હોઈ શકે છે. સાક્ષરતાની જેમ આવા સદ્જ્ઞાન સંવર્ધનની પણ આવશ્યકતા છે જે વ્યક્તિ અને સમાજ સામે ઉપસ્થિત સમસ્યાઓના સંદર્ભમાં સમાધાનકારક સિદ્ધ થઈ શકે.

યુગચેતનાને પ્રખર-પ્રજ્વલિત કરવા માટે યુગ સાહિત્યની પ્રાથમિક જરૂરિયાત છે. તેના આધારે જ વાંચવા-વંચાવવા અને સાંભળવા-સંભળાવવાની વાત બને છે. ભણેલાઓને વંચાવવા અને અભણ લોકોને સંભળાવવામાં આવે તો લોકપ્રવાહને યોગ્ય દિશા આપી શકાય છે. એ માટે પ્રજ્ઞાયુગના સાધકોએ **ઝોલા પુસ્તકાલય** ચલાવવા માટે પોતાનો સમય લગાડવો જોઈએ. વિશેષ કરીને આવા સમયે કે જ્યારે લોકોને સ્વાર્થ સાધવા સિવાય બીજું કશું જ સૂઝતું નથી. આદર્શોની વાત સાંભળવા કે વાંચવાની અભિરુચિ છે જ નહિ. આવા સમયે યુગ સાહિત્ય વંચાવવા અને પાછું લેવા માટે ભણેલા લોકોના ઘેર જવામાં આવે અને એમને વાંચવાયોગ્ય સામગ્રી આપતા અને પાછી લેતા રહેવામાં આવે તો એટલા સામાન્ય કાર્યથી જ્ઞાનયજ્ઞનું મહત્ત્વપૂર્ણ પ્રયોજન દરેક ક્ષેત્રમાં પૂરું થવા લાગશે. અશિક્ષિતોને સંભળાવવાની વાત પણ આની સાથે જ સંકળાયેલી રાખવી જોઈએ.

વિચારગોષ્ઠિઓ, સભા-સંમેલનો અને કથા-પ્રવચનોનું આગવું મહત્ત્વ છે. એને સત્સંગ કહી શકાય છે. કલમ અને સત્સંગના માધ્યમથી આ બન્ને કાર્યો કોઈ ને કોઈ રૂપમાં કોઈપણ સ્થળે ચાલતાં રહી શકે છે. પોતાનું ઉદાહરણ પ્રસ્તુત કરવાનું વધુ પ્રભાવશાળી હોય છે. લોકો સમજવા લાગ્યા છે કે આદર્શોની વાતો ફક્ત કહેવા-સાંભળવા માટે જ હોય છે. એમને વ્યાવહારિક જીવનમાં ઉતારી શકાતી નથી. આ ભ્રાંતિનું નિરાકરણ એ રીતે થઈ શકે કે **જ્ઞાનયજ્ઞના અધ્વર્યુ અને વિચારક્રાંતિના પ્રણેતા જે કહે છે તથા બીજાઓ પાસેથી જે કરાવવાની અપેક્ષા રાખે છે તેને સ્વયં પોતાના વ્યવહારમાં ઉતારી બતાવે.** પોતાને સમજાવવાનું અને ઢાળવાનું બીજાઓને સમજાવવા કરતાં વધુ સરળ છે. ઉપદેશ આપનારાઓએ, આત્મિક પ્રગતિમાં આરાધનારત થનારાઓએ **પોતાની કથની અને કરણી એક કરીને બતાવવી જોઈએ.**

આદર્શવાદી લોકશિક્ષણ માટે આ પ્રકારની જરૂર અનિવાર્યપણે રહે છે. તેમ છતાં એ જરૂરી નથી કે પૂર્ણતા પ્રાપ્ત કરવા સુધી હાથ પર હાથ ધરીને બેસી રહેવામાં આવે. છઠ્ઠા ધોરણનો વિદ્યાર્થી પાંચમાં ધોરણમાં ભણતા વિદ્યાર્થીની કોઈ ને કોઈ મદદ તો કરી જ શકે છે. પોતાનાથી ઓછી યોગ્યતા અને સ્થિતિના લોકોનું માર્ગદર્શન કરવામાં કોઈ પણ સમર્થ અને સફળ થઈ શકે છે.

આજકાલ યંત્રોની મદદથી પણ ઉપર્યુક્ત પ્રયોજન થોડુંઘણું થઈ શકે છે. પ્રાચીનકાળમાં પુસ્તકો હાથથી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લખવામાં આવતાં હતાં, પરંતુ હવે પ્રેસમાં મશીનો વડે છપાય છે. એ જ રીતે અનેક દૃશ્યશ્રાવ્ય માધ્યમો પણ ઉપલબ્ધ છે. તેનો પ્રયોગ જ્ઞાનયજ્ઞનો વિસ્તાર કરવા માટે કરી શકાય છે. ટેપરેકોર્ડર સાથે લાઉડસ્પીકર જોડીને સંગીત અને પ્રવચનરૂપમાં થતી વિચારગોષ્ઠિઓની જરૂરિયાત પૂરી કરી શકાય છે. આ પ્રયોજન માટે વીડિયો કેસેટ બનાવીને જ્યાં ટી.વી. છે ત્યાં દર્શાવી શકાય છે. ટેપરેકોર્ડર પર ટેપ સંભળાવી શકાય છે.

દીવાલો પર આદર્શ વાક્યોનું લેખન એક સુંદર રીત છે. કબાટ, ફર્નિચર, હેન્ડબેગ વગેરે પર ચોંટાડી શકાતાં 'સ્ટીકરો' એનું યાંત્રિક સંસ્કરણ છે. આ રીતે પણ સદ્વિચારો અને સદ્ભાવનાઓનો સારો પ્રચાર થઈ શકે છે. સિનેમાઘરોમાં જ્યાં સ્લાઇડ બતાવવાનું શક્ય બને ત્યાં પણ ઉપયોગી પ્રેરણાઓ અસંખ્ય લોકોને મળી શકે છે.

જ્યાં થોડા લોકો ભેગા થયા હોય ત્યાં સંગીત ટોળીઓ પોતાનું પ્રચારકાર્ય શરૂ કરી શકે છે. લાઉડસ્પીકરો પર રેકોર્ડ કે ટેપ વગાડી શકાય છે. આ સંદર્ભમાં દીપયજ્ઞોની આયોજન પ્રક્રિયા ખૂબ જ સસ્તી, સુગમ અને સફળ સિદ્ધ થાય છે. આ માધ્યમથી અને કર્મકાંડના માધ્યમથી આત્મનિર્માણ, બપોરના સમયે મહિલા સંમેલનમાં પરિવારનિર્માણ અને રાત્રિના કાર્યક્રમમાં સમાજનિર્માણની સુધારપ્રક્રિયા અને સંસ્થાપનવિધિનો સમાવેશ કરી શકાય છે.

પરિવારમાં રાતના સમયે કથા-વાર્તાઓ કહેવાના પણ લાભ છે. આ પ્રયોજન માટે પ્રજ્ઞાપુરાણ જેવા કથાગ્રંથ ઇચ્છિત જરૂરિયાતની પૂર્તિ કરી શકાય છે. પરસ્પર વિચારવિનિમય, વાદવિવાદ પ્રતિયોગિતા, કવિતા સંમેલનો પણ ઓછાં ઉપયોગી નથી. દરેક વ્યક્તિ પોતે કવિતા તો કરી કે કહી ન શકે, તો બીજાઓની બનાવેલી પ્રેરણાપ્રદ કવિતાઓ સંભળાવવાની વ્યવસ્થા તો કોઈપણ સ્થળે થઈ શકે છે. જ્યાં સંભવ હોય ત્યાં ચિત્ર પ્રદર્શનો આ પ્રયોજનોમાં મદદરૂપ થઈ શકે છે.

શોધવાથી એવાં અનેક સૂત્રો જાણવા મળે છે કે જેથી જ્ઞાનયજ્ઞ, વિચારક્રાંતિ, સત્પ્રવૃત્તિ સંવર્ધન અને દુષ્પ્રવૃત્તિ નાબૂદી માટે કોણ, શું અને કઈ રીતે કંઈક કરી શકે છે, તેની શોધખોળ કરતા રહેવાથી દરેક સ્થળે, દરેકને કોઈ ને કોઈ માર્ગ મળી શકે છે. શોધનારા અદૃશ્ય પરમાત્માને પણ પ્રાપ્ત કરી લે છે તો જ્ઞાનયજ્ઞની પ્રક્રિયાને અગ્રગામી બનાવવા માટે માર્ગ ન મળે એવી કોઈ વાત નથી. જરૂર ફક્ત તેનું મહત્ત્વ સમજવાની અને ધ્યાન આપવાની છે.

ઉપાસનાથી ભાવનાની, જીવનસાધનાથી વ્યક્તિત્વની અને આરાધનાથી ક્રિયાશીલતાની શુદ્ધિ અને વિકાસ થાય છે. આરાધના ઉદાર સેવાસાધનાથી જ સધાય છે. સેવાકાર્યોમાં સામાન્ય રીતે એ સેવાઓ છે જેથી લોકોને સગવડો મળે છે. શ્રેષ્ઠતમ સેવા એ છે જેથી કોઈની પીડાનું તથા અભાવનું નિવારણ થાય છે. શ્રેષ્ઠતમ સેવા એ છે કે જેથી વ્યક્તિને પતનથી હટાવીને ઉન્નતિ તરફ વાળવામાં આવે છે. સગવડો વધારવા અને પીડા દૂર કરવાની સેવા તો કોઈ ધનવાન પણ કરી શકે છે, પરંતુ પતન નિવારણની સેવા તો કોઈ આત્મચેતના-સંપન્ન જ કરી શકે છે. આ સેવા ભૌતિક સંપદાથી નહીં, દૈવી સંપદાથી કરી શકાય છે. દૈવી સંપદા આપવાથી ઘટતી નથી, વધે છે. તેથી જ એને સર્વસુલભ અને શ્રેષ્ઠ માનવામાં આવે છે.

સંતો અને ઋષિસ્તરની વ્યક્તિઓ પતન નિવારણની સેવાને મહત્ત્વ આપતા રહ્યા છે. તેથી જ તેઓ સંસારમાં પૂજ્ય બન્યા. જેમની સેવા કરવામાં આવી તેઓ પણ મહાન બન્યા. સેવાની આ શ્રેષ્ઠતમ ધારા જ્ઞાનયજ્ઞના માધ્યમથી કોઈપણ અપનાવી શકે છે. પોતે લાભ મેળવી શકે છે અને અગણિત લોકોને લાભ પહોંચાડીને પુણ્યના ભાગીદાર બની શકે છે.

● ● ●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ધર્મનું સાચું સ્વરૂપ સમજો

ધાર્મિક ક્રિયા કર્મોને જોતાં કેટલાંય દિવસોથી પરમ પૂજ્ય ગુરૂદેવ પાસેથી કંઈક જાણવાની ખૂબ ઉત્સુકતા હતી. એક દિવસ અવસર મળતાં જ તેમને એ પૂછી જ લીધુ કે ગુરૂદેવ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ શું છે ? શું તીર્થયાત્રા કરનારા, ભાગવત સાંભળનારા, ભગવન્ નામ સ્મરણ કરનારા જ ધાર્મિક છે ? ગુરૂદેવે કહ્યું-બેટા ! તમે આજે અમને સારો પ્રશ્ન કર્યો. ગુરૂદેવે કહ્યું-મને મારા ત્રણે જન્મોની યાદ આજ સુધી છે. આ મારો ચોથો જન્મ છે. દેશ, કાળ અને પરિસ્થિતિઓને અનુરૂપ વિવેક સંમત તથ્યોનું પાલન કરવું અને ધર્મમાં આવેલી વિકૃતિઓને દૂર કરવી જ અમારો ઉદ્દેશ્ય રહ્યો છે. આ જન્મમાં પણ અમે ધર્મના સાચા સ્વરૂપને જનમાનસમાં ઉતારવાનો પ્રયાસ કરીશું.

ધર્મ તો બધાનો એક જ હોય છે, પછી તે હિંદુ હોય, મુસલમાન, બૌધ્ધ, જૈન, ઈસાઈ, પારસી હોય. આજે જેને લોકો ધર્મ કહે છે, તે ધર્મ નથી સંપ્રદાય છે. ધર્મ તો સાચા અર્થોમાં એક જીવન જીવવાની શૈલી છે, જે માનવને માનવતાથી ઓત-પ્રોત કરી પરમસત્તા સુધી પહોંચવાનો માર્ગ મોકળો જ નથી કરતો પરંતુ પરમ સત્તા સુધી પહોંચાડે પણ છે.

અમે પૂજ્યવરને કહ્યું-ગુરુદેવ ! અમને ધર્મના વ્યવહારિક સ્વરૂપ વિશે બતાવો, જેથી અમે તેને જીવનમાં ઉતારી સાચા ધાર્મિક બની શકીએ. ગુરૂદેવે કહ્યું-બેટા ! ધર્મનો અર્થ જ ધારણ કરવાનો છે. જે ધારણ કરવા યોગ્ય છે, તે જ ધર્મ છે. આપણે કર્તવ્યપરાયણ જીવન જીવી ગાયત્રી મંત્રના વરેણ્યં શબ્દને જીવનમાં ઉતારી ધાર્મિક બની શકીએ છીએ, ધર્મશીલ થઈ શકીએ છીએ.

હવે પ્રશ્ન એ ઉઠે છે કે ધારણ કરવા યોગ્ય શું છે ? આજે દરેક વ્યક્તિએ કર્તવ્યપરાયણ થવું જોઈએ. પરિવાર પ્રત્યે, સમાજ પ્રત્યે, રાષ્ટ્ર પ્રત્યે, પોતાના શરીર પ્રત્યે કર્તવ્યપરાયણ જીવન જીવવું શ્રેષ્ઠ છે. જે શરીરને સ્વસ્થ રાખવા માટે સંયમશીલતા અપનાવે અને ઈંદ્રિયોનો સદુપયોગ કરે, ઈંદ્રિયોના દાસ નહીં પરંતુ સ્વામી બનીને રહે. તે ધાર્મિક છે. પરતુ જે તિલક ધારણ કરે છે, કથા ભાગવત પણ સાંભળે છે પરંતુ જીવન અસંયમિત છે, તેને ધાર્મિક ન કહી શકાય. ધર્મ જીવન જીવવાની સ્વસ્થ કલા છે. સુવ્યવસ્થિત જીવનના રૂપમાં ધર્મ પળાય છે. જપ-તપ, પૂજા-પાઠ, કર્મકાંડ, તીર્થયાત્રા, કથા સાંભળનારાને જ ધર્માત્મા અથવા ધર્મ પરાયણ માની લેવું પણ ભૂલ છે.

સાધના તો અમે પણ કરી છે, પરંતુ એકાંકી નહીં. અમે જે જીભથી મંત્ર જપ કર્યા છે, તેને (જીભને) પહેલા ઠીક કરી છે. ગાયને જવ ખવડાવતા અને ગોબરમાંથી જે જવ નિકળતા હતા, તેને સાફ કરીને દળાવી રોટલી બનાવી ખાતા હતા. ગાયના દૂધમાંથી બનેલી છાશ સાથે રોટલી ખાતા હતા. ૨૪ વર્ષ સુધી જવની રોટલી અને છાશ જ અમારું ભોજન રહ્યું હતું. ત્યારે અમારી સાધના ફળી-ફૂલી છે. માત્ર જપથી કશું થવાનું નથી. આ એક વિજ્ઞાન છે. એમાં આત્મ સુધાર અને આત્મશોધનની સાધના જોડાયેલી હોવી જોઈએ. જો કોઈ જપ પણ કરે છે અને બીડી, સિગરેટ, તમાકુ, ગુટખા ખાય છે, નશો કરે છે, શરાબ પીએ છે. તે જપ કેટલા પણ કરે ફળ મળવાનું નથી.

અસુરોએ પણ જપ-તપ કર્યા હતા. રાવણ અને ભસ્માસુરે કેટલું તપ કર્યું હતું. પરિણામ આપણે બધા જાણીએ છીએ. ભસ્માસુરનું કોઈ કાર્ય ધર્મને અનુકૂળ ન હતું. તેની દાનત ખરાબ હતી. પાર્વતી માતાને બુરી દષ્ટિએ જોયા અને પોતાની નીચતા અને ભ્રષ્ટતાના કારણે ભગવાન શંકરના માથા પર હાથ રાખી ભસ્મ કરવા તૈયાર થઈ ગયો. આખરે પોતાના દોષ-દુર્ગુણ જ તેને પોતાના વિનાશ તરફ લઈ ગયા અને પોતાને જ ભસ્મ થવું પડયું.

તપ તો ભાગીરથે પણ કર્યું હતું. તેમના દૃષ્ટિકોણ અને ઉદ્દેશ્ય ઊંચા હતા. લોક કલ્યાણની પરમ પાવન ભાવનાઓ અને તેના માટે કઠોર તપનું જ આ સત્ પરિણામ છે કે ધરતી પર સુરસરિ ગંગા માતાનું આગમન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થયું. આ ધરતી જે ગંગાના કારણે મહાન બની, એ ગંગાને ભૂ પર લાવનાર તે મહાન તપસ્વી રાજા ભાગીરથે જે કંઈ અપનાવ્યું, તે ધર્માચરણ જ હતું.

ઋષિ વાલ્મીકીની તપ-સાધનાની સાથે તેમની આંતરિક પવિત્રતા પણ હતી. પૂર્વના દૂષિત જીવનનો ત્યાગ કરી તેમણે જ્યારે શ્રેષ્ઠ જીવન ક્રમ અપનાવ્યો ત્યારે તે બ્રહ્મર્ષિ કહેવાયા અને રામાયણ જેવા મહાકાવ્યની રચના પોતાના દિવ્ય જ્ઞાનથી કરી દીધી હતી. ભગવાન રામને જ્યારે સીતાજીને વનવાસ મોકલવા પડયા તો તે વાલ્મીકી ઋષિના આશ્રમમાં જ સીતાજીને મોકલવાનો નિશ્ચય કર્યો, જ્યાં સીતા માતાના ગર્ભમાં પળી રહેલ લવ-કુશને દેવોપમ સંસ્કાર મળે અને તે લવ-કુશે અશ્વમેધ યજ્ઞનો દિગ્વિજયી ઘોડો પકડી લીધો હતો અને ભરત, શત્રુઘ્ન, લક્ષ્મણ, હનુમાન જેવા પરમ યોધ્ધાઓને પણ હરાવી દીધા હતા. સીતા માતાને જ્યારે આ બધી વાતો જાણવા મળી, તરત દુખી થઈ લવ-કુશની પાસે આવ્યા અને તેમને સમજાવ્યા કે ભરત, શત્રુઘ્ન, લક્ષ્મણ એ બધા તમારા કાકા છે અને હનુમાનજી તો મારા માનસ પુત્ર છે. તેમના ઊપર અસ્ત્ર ઉઠાવી તમે મોટી ભૂલ કરી છે, એમનાથી ક્ષમા માંગો. લવ-કુશ પોતાની માતાને અત્યંત દુખી જોઈ પોતાની ભૂલ માટે ક્ષમા માંગવા લાગ્યા. અમારું આ દૃષ્ટાંત બતાવવાનું તાત્પર્ય એ છે કે જે વાલ્મીકી ઋષિના આશ્રમમાં લવ-કુશનું પાલન-પોષણ, શિક્ષા-દીક્ષા પૂરી થઈ, ત્યાં તેમને ભગવાન રામના સમાન જ ગુણવાન બનાવી દીધા. એ આ ઋષિની સાધના અને ધાર્મિકતાને જીવનમાં ઉતારવાનું પ્રતિફળ હતું.

જે મુખથી અભક્ષ્ય ભોજન નથી કરતા. શરાબ, બીડી, સિગરેટ, ગાંજો, ભાંગનું સેવન નથી કરતા, મરચા-મસાલા, તળેલા ખાદ્ય નથી ખાતા, જૂઠું નથી બોલતા, બધાને ઊંચા ઉઠાવનારા શબ્દ બોલે છે, તે ધાર્મિક છે, પરંતુ આજે એટલું અજ્ઞાન છવાયેલું છે કે માળા જપનારા, તીર્થયાત્રા કરનારા, કથા ભાગવત સાંભળનારાને જ ધાર્મિક કહેવાય છે. વાલ્મીકી ઋષિ વિષે માનસમાં કહ્યું છે-

**ઉલટા નામ જપત જગ જાના ।**
**વાલ્મીકી ભયે બ્રહ્મ સમાના ।।**

પરંતુ વાસ્તવિકતા એ છે કે નામ ઊંધુ ન હોતું જપ્યું, તેમણે પોતાના અવળા જીવન ક્રમને સીધો કરી દીધો હતો. પહેલાના જીવનની નીચતાને દૂર કરી ઉચ્ચ જીવન ક્રમ અપનાવી લીધો. આજે એવા જ ધર્માચરણની આવશ્યકતા છે.

ધર્મના લક્ષણ આપણા જીવનમાં દેખાવા જોઈએ. માત્ર બાહ્ય સ્વરૂપ બનાવી લેવું આડંબર પણ હોઈ શકે, પરંતુ ધર્મની પ્રવૃત્તિઓથી શરીર, મન અને આત્મા ઓતપ્રોત થઈ જાય, તો ધર્મનો લાભ અને ચમત્કાર જીવંત દેખાશે. ધર્મશીલ બનવાની લાલસાવાળાએ સૌથી પહેલા બહારની અને અંતઃકરણની સ્વચ્છતા-પવિત્રતાના ગુણ વિકસિત કરવા જોઈએ.

**લીલાપત શર્મા**

***યુગ ચેતના સાહિત્ય પ્રકાશન અંતર્ગત મહાપૂર્ણાહુતિ વર્ષમાં પૂજ્ય ગુરૂદેવના વિચારો ગામે-ગામ, નગર-નગરમાં પહોંચે એવી ભાવનાથી માત્ર ૩૦ પૈસાની લઘુ પુસ્તિકા (૧૬ પેજ) ની પ્રકાશિત કરવામાં આવેલ છે. પ્રથમ ૨૦ પુસ્તકોનું ગુજરાતી ભાષામાં પ્રકાશન થઈ ગયું છે. ઓછામાં ઓછી ૯૦૦ પુસ્તિકાઓ સેટ રૂપે મળશે. જેની કીમત માત્ર રૂપયા ૨૨૫ રાખેલ છે. (પોસ્ટેજ તથા પેકિંગ ખર્ચ ફ્રી) પુસ્તકો મંગાવવા તથા યુગ ચેતના સાહિત્ય અંગેની વધુ માહિતી ગાયત્રી જ્ઞાનપીઠ જુનાવાડજ અમદાવાદથી પ્રાપ્ત કરશો.***

***હવન સામગ્રીની જડી-બૂટિઓના ભાવ ખૂબજ વધી ગયેલ હોવાથી હવન સામગ્રીની કિંમત ૧ કિલોના રૂપિયા ૨૫=૦૦ કરવામાં આવેલ છે. પરિજનો નવી કિંમતે હવન સામગ્રી પ્રાપ્ત કરશે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**ગઢશીશા**–તા. ૨૬ ના રોજ ગઢશીશા પાટીદાર સમાજવાડી મધ્યે ગાયત્રી પરિવાર દ્વારા કરવામાં આવેલ. યજ્ઞ કાર્ય માંડવી ગાયત્રી પરિવારના ટ્રસ્ટી શ્રી ભરતભાઈએ કરાવેલ. યજ્ઞની શરૂઆત ગાયત્રી મંત્ર તથા ગુરુવંદનાથી કરાવવામાં આવેલ. ત્યારબાદ વ્યસન મુક્તિ અંગે સંકલ્પ લેવડાવામાં આવેલ તેમજ સદ્ગુણ કેળવવા જણાવેલ ત્યારબાદ ગાયત્રી મંત્ર તથા મહામૃત્યુંજયના મંત્રની ૧૦૮ આહુતિઓ આપવામાં આવેલ.

**રાણીપ**–ગાયત્રી પ્રજ્ઞા મંદિરના પરિજન ભાઈ-બહેનોએ ઘરે-ઘરે સંક્ષિપ્ત દીપયજ્ઞોની શૃંખલા પાંચ મહિના સુધી અવિરત ચલાવી અને તેની પૂર્ણાહુતિ નિમિત્તે ૩૧ તારીખે સામૂહિક દીપયજ્ઞ મંદિરના પટાંગણમાં રાખ્યો તદ્ઉપરાંત મહાઆરતીનું આયોજન કર્યું. જનમેદની હજારોની સંખ્યામાં ઉમટી પડી હતી. સૌએ એક સાથે આવી રહેલી સદી માટે પ્રાર્થના કરી.

**સૌના માટે સદ્બુદ્ધિ, સૌના માટે ઉજ્જ્વળ ભવિષ્ય.**

**ચાણસ્મા**–ગાયત્રી પરિવાર શાખાના સહયોગથી નાની છાસઠ નાયી સમાજના સમૂહલગ્ન ખરવડા તા. વિસનગરમાં આયોજીત થયા જેમાં ૪૦ નવદંપતિઓના વિવાહ સંસ્કાર કરાવવામાં આવ્યા જેમને દાંપત્યજીવન સફળ બનાવવા માટે ચિંતન અને ચારિત્ર્યને ઉત્કૃષ્ટ (ઉચ્ચ) બનાવવા સારા વિચારોને જીવનમાં ગ્રહણ કરવા સદ્સાહિત્ય નિયમિત રૂપથી વાંચવાનો સંકલ્પ કરાવવામાં આવ્યો. દરેક દંપતીને રૂપિયા પચ્ચીસનું સાહિત્ય ભેટ આપવામાં આવ્યું તેમજ યુગ શક્તિ ગાયત્રીના સદસ્ય બનાવવામાં આવ્યા.

**માતર**–સર્વોદય વિનય મંદિર, ત્રાજ માધ્યમિક સ્કૂલમાં તથા લીંબાસી અધ્યાપન મંદિરમાં ૮૦૦ બાળકોએ વસંત પર્વના દિવસે દીપયજ્ઞમાં ભાગ લીધો હતો. જેમાં ગણેશપૂજન, સરસ્વતી પૂજન, વ્યાસપૂજન અને ગુરુપૂજનની શ્રી ઘનશ્યામભાઈ પટેલ તથા શ્રી રમણભાઈ દલવાડીએ વિધિ કરાવી હતી. બાળકોમાં અદ્વિતિય ઉત્સાહ જણાતો હતો. આચાર્યશ્રી શિક્ષક ભાઈઓ તથા કમીટીના સભ્યોએ બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન થાય તે માટે શપથ લીધા હતા.

**બોટાદ**–ગાયત્રી પરિવાર દ્વારા પ્રજ્ઞાપુરાણ કથાનું આયોજન કરવામાં આવેલ. વક્તા તરીકે શ્રી કીર્તિભાઈ પંડયા એ ગુરુદેવના વિચારોનું રસપાન કરાવેલ. પારિવારિક જીવન, સામાજિક જીવન, વ્યવહારિકતા, આરોગ્યની સફળતા વિશેનું રસપાન કરાવી બધાને મંત્રમુગ્ધ કરાવેલ. દરરોજ લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ શ્રોતાઓએ લાભ લીધો. પાંચેય દિવસ પરિવાર દ્વારા ગુરુદેવનું સાહિત્ય બ્રહ્મભોજમાં (અડધી કિંમતે) આપવામાં આવ્યું.

**રાજુલા**–રેફરલ હોસ્પીટલમાં કેન્સર નિદાન કેમ્પ યોજાયેલ જેમાં "ગાયત્રી પરિવાર યુવક મંડળ" દ્વારા એક વ્યસન મુક્તિ અભિયાન અનુસંધાન સ્ટોલ રાખી યુવાનો અને આમ જનતાને વ્યસન મુક્ત બનાવવા પ્રયાસ કરેલ જેમાં વ્યસનથી થતા રોગો અને તેના ચીત્રો અને સુત્રો પ્રદર્શનમાં મુકેલ હતા. સાથોસાથ અત્રેના પરીજન દ્વારા "કેન્સર વિશે સમજ" ના પેમ્પલેટ મુલાકાતીઓને વહેચવામાં આવ્યા.

**એટલાન્ટા**–પ. પૂ. ગુરુદેવનો આધ્યાત્મિક જન્મ દિવસ વસંત પર્વનો મહિમા સમજાવતા તથા પૂ. શ્રીએ જે જ્ઞાન લીધેલ તે બતાવતા ૨૦૮ દીપયજ્ઞ સાથે સંપન્ન થયો. જેનું સંચાલન હસમુખભાઈ તથા શીલાબહેને કર્યું. આ પ્રસંગે બુધ્ધિજીવી લોકોને વિદેશમાં વસતા ભારતીઓને પૂ.શ્રીનું સાહિત્ય શું છે તથા યુગ શક્તિ ગાયત્રી પત્રિકાની કેમ જરૂર છે તે શ્રી દીલીપભાઈએ સાહિત્ય સ્ટોલના માધ્યમથી સમજાવ્યું. શ્રી નરેન્દ્રભાઈએ કાર્યક્રમની વિગત તથા આભાર દર્શન કર્યું.

**રામપુર**–શ્રી વેદમાતા ગાયત્રી ગ્રામ્ય ઉત્થાન ગૌ સેવા કેન્દ્ર-વિગત દિવસોમાં સૌ ભાવનાશીલ પરિજનોના સહયોગથી ૫, ૧૧, ૨૧, કુંડી યજ્ઞ થવા લાગ્યા છે. અશોકનગર, અંકોડા, ખાત્રોડી, ટીબડી, સોલગામે જ્ઞાનયજ્ઞ રથ દ્વારા પૂ.શ્રીના વિચારના પ્રચાર પ્રસાર માટે ઉપરોક્ત કેન્દ્ર નિષ્ઠાથી કાર્ય કરી રહેલ છે.

વ્યાસપીઠ ઉપરથી શ્રી મીનાબેન, રમેશભાઈ, મહેન્દ્રભાઈ, જ્યોત્સના બેન કર્મકાંડ કરે છે. સાધના માટે શહેરથી દૂર રામપુર ગામે શાંત વાતાવરણમાં ચૈત્ર નવરાત્રી દરમ્યાન ગાયત્રી મહામંત્રાનુષ્ઠાન થઈ રહેલ છે.

**સારસા**–વસંત પર્વના દિવસે અખંડ જાપ તથા ગાયત્રી યજ્ઞની સાથે ભાવનાપૂર્વક મહાપૂર્ણાહુતિની સફળતા માટે સંકલ્પ સાથે આહુતિઓ આપવામાં આવી. વસંત પર્વ પર પ્રાથમિક કન્યાશાળામાં યુગસંગીતનાં દિવ્ય વાતાવરણમાં ગુરુવંદના સરસ્વતી પૂજનની સાથે વિદ્યાવરણ સંકલ્પ પ્રાર્થના સમારોહ રાખવામાં આવ્યો. જેમાં બધા બાળકોના ઉત્કર્ષ માટે વિદ્યાના વિસ્તાર માટે ગાયત્રી મહામંત્ર કાર્ડ, વિદ્યાવરણ સંકલ્પ કાર્ડ ગાયત્રી ચાલીસા ૫૮૦ બાળકોને વિતરણ કરવામાં આવ્યા. સ્કૂલના આચાર્યાબેને નિયમિત સ્કૂલમાં ગાયત્રી મંત્ર બોલાવવાનો સંકલ્પ લીધો. વસંત પંચમી શિક્ષા સાક્ષરતા વિદ્યા વિનયકલા વગેરે જુદા જુદા ગુણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

R. N. 23434/71 YUG SHAKTI GAYATRI GUJARATI MONTHLY REGD. No. AG / MTR-39 Licenced to post without Prepayment. LICENCE-AG/MTR-01

## નવરત્ન

ફૂલને કોઈ પણ નામ આપવાથી એની સુગંધમાં કોઈ ફરક નથી પડતો ભગવાનને પણ કોઈ પણ નામથી પોકારીએ તો શું ફરક પડશે ?

લક્ષ્મી ચંચળ નથી પણ લક્ષ્મી મળવાથી માણસ ચંચળ થઈ જાય છે.

ઈશ્વર કહે છે મને જેઓ સતત સર્વમાં શોધે છે. તેમને હું શોધતો આવું છું

જ્યારે સ્ત્રી હૃદય પવિત્રતાનો સાગર બની જાય છે. એ સમયે એનાથી વધુ કોમળ કોઈ વસ્તુ જગતમાં નથી હોતી.

મનોરથ કરવાનું કામ ભક્તનું છે અને એ પૂર્ણ કરવાનું કામ પ્રભુનું છે.

બધાની વાત ધ્યાનથી સાંભળો, પરંતુ પોતાની સંમતિ ફક્ત સમજુ લોકોને જ આપો.

વ્યવહારને પ્રભુમય બનાવશો તો વ્યવહાર પણ તમને પ્રિય એવું પ્રભુનું મંદિર બની રહેશે જ.

બધી ઈચ્છા કોઈ દિવસ પૂરી થવાની નથી. ઈચ્છા તો ખંડ છે, અખંડ કેવળ ઈશ્વર જ છે.

વિપત્તિને પણ પ્રેમથી વધાવતા શીખો એ જ વિજયની વરમાળા છે.

## ગાયત્રી મહામંત્ર

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ॥**

| | | |
|---|---|---|
| ૐ | – | પરમાત્મા |
| ભૂ: | – | પ્રાણસ્વરૂપ |
| ભુવ: | – | દુ:ખનાશક |
| સ્વ: | – | સુખસ્વરૂપ |
| તત્ | – | તે (પરમાત્મા) |
| સવિતુર્ | – | પ્રકાશ, સૂર્ય સમાન તેજસ્વી |
| વરેણ્યમ્ | – | મહાન |
| ભર્ગો | – | પાપનાશક તેજ |
| દેવસ્ય | – | ભગવાનનું |
| ધીમહિ | – | ધ્યાન ધરીએ છીએ |
| ધિયો | – | બુદ્ધિને |
| યો | – | કે જે |
| ન: | – | અમારી બધાની |
| પ્રચોદયાત્ | – | પ્રેરિત કરે |

**ભાવાર્થ:-** તે પ્રાણસ્વરૂપ, દુ:ખનાશક, સુખસ્વરૂપ, શ્રેષ્ઠ, તેજસ્વી, પાપનાશક, દેવસ્વરૂપ પરમાત્માને અમે અંતરાત્મામાં ધારણ કરીએ છીએ તે પરમાત્મા અમારી બુદ્ધિને સન્માર્ગે લઈ જાય.

**વ્યવહારિક અર્થ:-** હે ભગવાન ! અમને સદ્‌બુદ્ધિ આપો.

મહા પૂર્ણાહુતિ વર્ષમાં ઉજ્જવળ ભવિષ્ય માટે આપ કોઈ પણ ઈષ્ટની પ્રાર્થના કરી શકો છો.

માલિક યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરા માટે લીલાપત શર્મા દ્વારા પ્રકાશિત તથા યુગ નિર્માણ પ્રેસ મથુરામાં મુદ્રિત અને યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરાથી પ્રકાશિત-સંપાદક પં૦ લીલાપત શર્મા, સહ સંપાદક-ઘનશ્યામ પટેલ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.